પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

**સુવિચાર**

આવડત કરતા દાનતની
કિંમત વધારે હોય છે...

# અબતક

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૨૭-૨-૨૦૨૬, શુક્રવાર
વર્ષ: ૧૪, અંક : ૨૯૯

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia




### વિશ્વ ઉપર વધુ એક યુદ્ધની આફત

# અફઘાનિસ્તાન અને પાકિસ્તાનો એકબીજા ઉપર હુમલો: તંગદિલી ચરમસીમાએ

## અફઘાન સેનાએ ૧૯ ચોકીઓ પર કબજો જમાવ્યો, વળતા જવાબમાં પાકિસ્તાનનું 'ઓપરેશન ગઝબ લીલ હક' શરૂ

### શું થયું યુદ્ધમાં?

- અફઘાનિસ્તાન અને પાકિસ્તાન બોર્ડર પર ભારેલા અગ્નિ જેવી સ્થિતિ, બંને દેશો વચ્ચે સામસામી એરસ્ટ્રાઈક અને ભારે આર્ટિલરી ફાયરિંગ શરૂ.
- અફઘાનિસ્તાને પાકિસ્તાનની ૧૯ જેટલી લશ્કરી ચોકીઓ પર કબજો જમાવી લીધો હોવાનો તાલિબાનનો સનસનીખેજ દાવો.
- અફઘાન હુમલાઓમાં ૫૫ લોકોના મોત બાદ પાકિસ્તાને જવાબી કાર્યવાહીના ભાગરૂપે 'ઓપરેશન ગઝબ લીલ હક' લોન્ચ કર્યું.
- તાલિબાનનો દાવો છે કે તેઓએ ૫૫ પાકિસ્તાની સૈનિકોને ઢાળી દીધા છે, જ્યારે વળતા પ્રહારમાં પાકિસ્તાન ૧૩૩ તાલિબાનીઓને માર્યાનો દાવો કરે છે.
- પાકિસ્તાન દ્વારા અગાઉ કરાયેલી એરસ્ટ્રાઈકના વિરોધમાં અફઘાનિસ્તાને આ મોટા પાયે આક્રમક અને સશસ્ત્ર જવાબી કાર્યવાહી હાથ ધરી છે.

### પાકિસ્તાન સરકારનું આક્રમક વલણ

પાકિસ્તાનના માહિતી મંત્રી અતાઉલ્લા તરાર દ્વારા સોશિયલ મીડિયા પર આ હુમલાની પુષ્ટિ કરવામાં આવી છે. તેમણે આ કાર્યવાહીને ''સચોટ અને અસરકારક'' ગણાવી છે. પાકિસ્તાનનું કહેવું છે કે તાલિબાને કોઈપણ ઉશ્કેરણી વગર પાકિસ્તાની ચોકીઓ પર હુમલો કર્યો હતો, જેના જવાબમાં આ એરસ્ટ્રાઈક કરવી અનિવાર્ય હતી.

### તાલિબાનની ૯ ચોકીઓ ઉપર પાકિસ્તાને કબજો જમાવ્યો

પાકિસ્તાનના સૂચના મંત્રી અતાઉલ્લાહ તરારે સોશિયલ મીડિયા પર ઓપરેશનની વિગતો શેર કરતા જણાવ્યું હતું કે, હુમલામાં ૧૩૩ તાલિબાની લડાયકોના મોત નિપજ્યાં છે. જ્યારે ૨૦૦થી વધુ ઘાયલ થયા છે. તાલિબાનના ૨ કોર હેડક્વાર્ટર, ૩ બ્રિગેડ હેડક્વાર્ટર અને ૨૭ સૈન્ય ચોકીઓ નષ્ટ કરવામાં આવી છે. ૮૦ થી વધુ ટેન્ક, તોપો અને સશસ્ત્ર વાહનો તબાહ થયા છે. પાકિસ્તાને તાલિબાનની ૯ વ્યૂહાત્મક ચોકીઓ પર પોતાનો કબજો જમાવી લીધો છે.

### વિવાદનું અસલી કારણ શું છે?

૨૦૨૧માં કાબુલ પર તાલિબાનના કબજા બાદથી જ પાકિસ્તાનમાં આતંકી હુમલાઓમાં ભારે વધારો થયો છે. પાકિસ્તાનનો આરોપ છે કે, ટીટીપીના લડાયકો અફઘાનિસ્તાનમાં સુરક્ષિત આશ્રય મેળવી રહ્યા છે. જોકે, કાબુલ હંમેશા આ આરોપોને નકારતું આવ્યું છે. તાજેતરના હુમલા પહેલા બાજોર જિલ્લામાં થયેલા આત્મઘાતી હુમલામાં ૧૧ પાકિસ્તાની સૈનિકોના મોત થયા હતા. જેનો આરોપ પાકિસ્તાને અફઘાન મૂળના હુમલાખોર પર લગાવ્યો હતો.

**અબતક, નવી દિલ્હી**

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના સરહદી વિવાદે હવે ખુલ્લી દુશ્મનાવટ અને ભીષણ યુદ્ધનું સ્વરૂપ ધારણ કરી લીધું છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી એરસ્ટ્રાઈકનો જડબાતોડ જવાબ આપવા માટે અફઘાનિસ્તાનના શાસક તાલિબાને પાકિસ્તાન પર વળતો અને અત્યંત આક્રમક હુમલો કર્યો છે. બંને દેશોની સેનાઓ વચ્ચે ભારે ગોળીબાર અને તોપમારો ચાલુ છે, જેના કારણે સરહદી વિસ્તારોમાં યુદ્ધ જેવી ભયાનક સ્થિતિ નિર્માણ પામી છે.

અફઘાનિસ્તાન દ્વારા કરવામાં આવેલા ચોંકાવનારા દાવા મુજબ, તાલિબાન દળોએ પાકિસ્તાનની

(અનુ. આઠમા પાને)

## અફઘાન હુમલામાં ૫૫ પાકિસ્તાની સૈનિકોના મોતનો દાવો, પાકિસ્તાને પણ ૧૩૩ તાલિબાનીઓને ઠાર કર્યાનો દાવો

### વસુધૈવ કુટુંબકમ સૂત્રને સાર્થક કરતા મોદીએ ગાઝા શાંતિ યોજનાને આપ્યું સમર્થન

# ભારત-ઈઝરાયેલ વચ્ચે એઆઈ-સંરક્ષણ સહિતના મહત્વપૂર્ણ ૧૭ કરારો

## નરેન્દ્ર મોદી અને બેન્જામિન નેતન્યાહુ વચ્ચે મહત્વપૂર્ણ મુલાકાત, મોદીએ ત્યાંની સંસદ 'કનેસેટ'ને પણ સંબોધિત કરી

### સંરક્ષણ અને ટેકનોલોજીમાં નવો અધ્યાય

બંને દેશો વચ્ચે નવી એનએસએ-સ્તરની ભાગીદારીની જાહેરાત કરવામાં આવી છે. જે અંતર્ગત સંરક્ષણ ક્ષેત્રે સંયુક્ત ઉત્પાદન અને ટેકનોલોજી ટ્રાન્સફર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ટેકનોલોજીને બંને દેશોની ભવિષ્યની ભાગીદારીનું કેન્દ્રબિંદુ ગણાવાયું છે.

### કૃષિ ક્ષેત્રે ૧૦૦ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ

કૃષિ ક્ષેત્રમાં ઈઝરાયેલના સહયોગથી ભારતમાં ચાલી રહેલા સેન્ટર્સ ઓફ એક્સેલન્સની સફળતાને ધ્યાનમાં રાખીને મોટો નિર્ણય લેવાયો છે. આગામી સમયમાં આવા કેન્દ્રોની સંખ્યા વધારીને ૧૦૦ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે.

### નેતન્યાહુ ભારતીય પોશાકમાં સજ્જ થયા

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈઝરાયેલના બે દિવસના ઈઝરાયેલ પ્રવાસથી પરત ભારત ફર્યા છે. પરંતુ, આ પ્રવાસ દરમિયાન તેમની યાદ વાશેમ હોલોકોસ્ટ મેમોરિયલની મુલાકાત ચર્ચાસ્પદ રહી હતી. તેમણે ૬૦ લાખ પીડિતોને શ્રદ્ધાંજલિ આપી હતી. બીજી તરફ, તેમનું ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથેનું ડિનર પણ સોશિયલ મીડિયામાં ખૂબ ચર્ચાયું હતું. આ ડિનર દરમિયાન ઈઝરાયેલના પીએમ ભારતીય પોશાકમાં જોવા મળ્યા હતા. ત્યારબાદ, સોશિયલ મીડિયામાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ કે, બેન્જામિન નેતન્યાહુએ પહેર્યું છે એ નહેરુ જેકેટ છે કે, મોદી જેકેટ? તેનો કોઈ સ્પષ્ટ જવાબ તો નથી પરંતુ, હા ઈઝરાયેલના પીએમ ભારતીય પોશાકમાં જોવા મળ્યા તેનો આનંદ છે.

### ઈઝરાયેલમાં ભારતનું યુપીઆઈ લોન્ચ

ભારત અને ઈઝરાયેલ વચ્ચે યુપીઆઈના ઉપયોગ માટે કરારો થયા છે, તેલ અવિવમાં મોદી અને નેતન્યાહુએ સંયુક્ત નિવેદનમાં આ જાહેરાત કરી હતી. બન્ને દેશો વચ્ચે થયેલા કરારો મુજબ ભારતના યુપીઆઈને ઈઝરાયેલના સ્થાનિક પેમેન્ટ સિસ્ટમની સાથે જોડવામાં આવશે. જેને કારણે બન્ને દેશો વચ્ચેનો નાણાકીય વ્યવહાર વધુ સરળ બનશે. આ ઉપરાંત ટ્રાન્ઝેક્શન ખર્ચો અને સમય બન્નેની બચત થશે. આ અંગે ખુશી વ્યક્ત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે હવે ભારતના યુપીઆઈનો ઈઝરાયેલમાં પણ ઉપયોગ થઈ શકશે જે માટે બન્ને દેશો સંમત થયા છે. ક્રોસ બોર્ડર પેમેન્ટ વધુ સરળ બનવાની પણ આશા છે. જેને કારણે વેપાર, પર્યટન ક્ષેત્રે પણ ફાયદો થશે.

**અબતક, નવી દિલ્હી**

ભારત અને ઈઝરાયેલ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો એક નવા મુકામ પર પહોંચ્યા છે. ઈઝરાયેલના પ્રવાસે ગયેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ વચ્ચેની મુલાકાત બાદ બંને દેશોના 'ટાઈમ-ટેસ્ટેડ' સંબંધોને 'સ્પેશિયલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ'માં અપગ્રેડ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ મુલાકાત દરમિયાન મહત્વપૂર્ણ ૧૭ કરારો પણ થયા છે.

આ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરી હતી. આ બેઠકમાં સૌથી મહત્વની બાબત એ રહી કે નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રજૂ કરાયેલી 'કોમ્પ્રિહેન્સિવ પ્લાન ટુ એન્ડ ધ ગાઝા કોન્ફ્લિક્ટ' (ગાઝા શાંતિ યોજના)ને ભારતનું સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું. તેમણે જણાવ્યું કે આ યોજનાએ શાંતિ તરફનો નવો રસ્તો ખોલ્યો છે અને ભારત ભવિષ્યમાં પણ તમામ દેશો સાથે સંવાદ અને સહકાર દ્વારા પ્રદેશમાં શાંતિ, સુરક્ષા અને વેપારની સ્વતંત્રતા સ્થાપિત કરવાના પ્રયાસો ચાલુ રાખશે.

સંરક્ષણ અને આધુનિક ટેકનોલોજીના ક્ષેત્રે પણ બંને દેશોએ મહત્વના કરારો કર્યા છે.

(અનુ. આઠમા પાને)

# વિઝા-ખર્ચની સમસ્યાથી અમેરિકન યુનિવર્સિટીઓમાં ભારતીય છાત્રોની સંખ્યામાં ૪૫%નો ઘટાડો

## ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ એડમિશન કાઉન્સિલના અહેવાલ મુજબ અમેરિકાનું આકર્ષણ ઘટ્યું, જ્યારે ભારતીય મેનેજમેન્ટ પ્રોગ્રામ્સમાં વિદેશી અરજીઓમાં ૨૫%નો ઉછાળો

### આ ઘટાડા પાછળના મુખ્ય કારણો

**વિઝાની અનિશ્ચિતતા:** અમેરિકા અને કેનેડામાં વિઝા પ્રક્રિયા કડક બનવાથી અને અનેક અરજીઓ નામંજૂર થવાથી વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી પડી રહી છે. ઘણા કિસ્સાઓમાં, યુનિવર્સિટીમાં એડમિશન અને ડિપોઝીટ ભર્યા પછી પણ વિઝાના અભાવે વિદ્યાર્થીઓ અમેરિકા પહોંચી શકતા નથી.

**આર્થિક પરિબળો:** રૂપિયાના મૂલ્યમાં થયેલા ઘટાડા અને મોંઘવારીના કારણે વિદેશમાં અભ્યાસ કરવો હવે પહેલા કરતા ઘણો મોંઘો સાબિત થઈ રહ્યો છે. આ અહેવાલ મુજબ, વિદ્યાર્થીઓ હવે સંસ્થાની 'બ્રાન્ડ વેલ્યુ' કે રેન્કિંગ કરતા આર્થિક બાબતોને વધુ મહત્વ આપી રહ્યા છે.

### વિદેશી વિદ્યાર્થીઓમાં ભારતનું આકર્ષણ વધ્યું

એક તરફ જ્યાં અમેરિકા જનારા ભારતીયો ઘટ્યા છે, ત્યાં બીજી તરફ ભારતીય ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ પ્રોગ્રામ્સમાં આંતરરાષ્ટ્રીય અરજીઓમાં ૨૫% નો નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. આ બાબત દર્શાવે છે કે ગ્લોબલ એજ્યુકેશન હબ તરીકે ભારત પણ એક મજબૂત વિકલ્પ તરીકે ઉભરી રહ્યું છે.

**અબતક, નવી દિલ્હી**

વિઝાની કડક અને અસ્પષ્ટ નીતિઓ, વિઝા મળવામાં થતો વિલંબ અને સતત વધી રહેલા ખર્ચના કારણે અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ કરવા જવાનું ભારતીય વિદ્યાર્થીઓનું સપનું હવે ઝાંખું પડી રહ્યું છે. ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ એડમિશન કાઉન્સિલના તાજેતરના અહેવાલ અનુસાર, ઓગસ્ટ ૨૦૨૫ના સત્રમાં અમેરિકન યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓના એડમિશનમાં ૪૫% નો તોતિંગ ઘટાડો નોંધાયો છે. રિપોર્ટના આંકડા સ્પષ્ટપણે


(અનુ. આઠમા પાને)

# કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની ભારતની મુલાકાતે આર્થિક રોકાણ અને વ્યાપારના નવા દ્વાર ખુલશે

## ઈન્ડિયા-કેનેડા સીઈઓ ફોરમ: ઉદ્યોગપતિઓ અને નિષ્ણાતો સાથે પીએમ કાર્ની કરશે મુલાકાત

**અબતક, નવી દિલ્હી**

કેનેડામાં સત્તા પરિવર્તન બાદ ભારત અને કેનેડાના સંબંધોમાં વ્યાપક સુધારાની આશા જાગી છે. કેનેડાના નવા વડાપ્રધાન માર્ક કાર્ની શુક્રવારથી ભારતની ચાર દિવસની સત્તાવાર મુલાકાતે આવી રહ્યા છે. જસ્ટિન ટ્રૂડોના કાર્યકાળ દરમિયાન ખાલિસ્તાની અલગાવવાદીની હત્યાના પ્રયાસના મામલે બંને દેશો વચ્ચે જે ભારે તણાવ સર્જાયો હતો, તેને દૂર કરી સંબંધોને ફરી પાટા પર લાવવા માટે આ મુલાકાત અત્યંત નિર્ણાયક માનવામાં આવી રહી છે. પીએમ કાર્ની આજે મુંબઈ પહોંચીને તેઓ ભારત અને કેનેડાના અગ્રણી ઉદ્યોગપતિઓ, નાણાકીય નિષ્ણાતો અને ઈનોવેટર્સ સાથે બેઠક કરશે અને વિવિધ વ્યાપારી કાર્યક્રમોમાં ભાગ લેશે રવિવારે તેઓ નવી દિલ્હી પહોંચશે, જ્યાં સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે તેમની ઔપચારિક મુલાકાત અને દ્વિપક્ષીય મંત્રણા યોજાશે.



**વ્યાપાર અને રોકાણ:** આર્થિક સંબંધોને મજબૂત કરવા માટે સોમવારે બંને નેતાઓ 'ઈન્ડિયા-કેનેડા CEO ફોરમ'માં પણ હાજરી આપશે.

**ઊર્જા અને ટેકનોલોજી:** કલીન એનર્જી અને ક્રિટિકલ મિનરલ્સ ક્ષેત્રે સહયોગ વધારવા પર ભાર મુકાશે.

**અન્ય ક્ષેત્રો:** કૃષિ, શિક્ષણ, સંશોધન અને બંને દેશોના લોકો વચ્ચેના સંબંધો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

જસ્ટિન ટ્રૂડોના સમયમાં બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધો નીચલા સ્તરે પહોંચી ગયા હતા. પીએમ તરીકે માર્ક કાર્નીની આ પ્રથમ ભારત મુલાકાત છે. ભારતીય વિદેશ મંત્રાલયના મતે, આ મુલાકાત દ્વિપક્ષીય સંબંધોને સામાન્ય બનાવવાની પ્રક્રિયામાં એક મહત્વપૂર્ણ તબક્કો સાબિત થશે.

# ટ્રાફિક નિયમોનું વારંવાર ઉલ્લંઘન કરશો તો 'પોઈન્ટ સિસ્ટમ' થી લાયસન્સ કાયમ માટે રદ થઈ જશે

## ભારતમાં દર વર્ષે ૫ લાખ અકસ્માતો અને ૧.૮ લાખ લોકો જીવ ગુમાવે છે, અકસ્માતો ઘટાડવા માટે સરકારે આ નિર્ણય લીધો

રસ્તા પર દોડતા વાહનો એ દેશની પ્રગતિની નિશાની છે, પરંતુ જ્યારે આ વાહનો શિસ્તની મર્યાદા ઓળંગે છે ત્યારે તે જીવલેણ બની જાય છે. ભારતીય રસ્તાઓ પર ટ્રાફિકના નિયમોનું પાલન કરવું એ 'ફરજ' ને બદલે 'મજબૂરી' ગણવામાં આવે છે. મોટાભાગના લોકો નિયમોનું પાલન અકસ્માતથી બચવા માટે નહીં, પરંતુ 'પોલીસના દંડ' થી બચવા માટે કરતા હોય છે. રોડ પર વધતા અકસ્માતોને રોકવા માટે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ એક મોટી જાહેરાત કરી છે.

હવે ભારતમાં પણ વિદેશોની જેમ ડ્રાઈવિંગ લાયસન્સ માટે 'ગ્રેડેડ પોઈન્ટ સિસ્ટમ' દાખલ કરવામાં આવશે. તમે જ્યારે પણ ટ્રાફિકના નિયમો તોડશો , ત્યારે તમારા લાયસન્સમાંથી પોઈન્ટ કાપવામાં આવશે. જો કપાતા પોઈન્ટ એક નક્કી કરેલી મર્યાદા વટાવી જશે, તો તમારું લાયસન્સ ૬ મહિના માટે સસ્પેન્ડ કરી દેવામાં આવશે. જો કોઈ ચાલક વારંવાર ભૂલો કરવાનું ચાલુ રાખશે, તો તેનું લાયસન્સ કાયમ માટે રદ કરી દેવામાં આવશે.

દેશના સૌથી વધુ અકસ્માતવાળા ૧૦૦ જિલ્લાઓની ઓળખ કરવામાં આવી છે. ત્યાં અકસ્માતો ઘટાડવા ખાસ કામ થશે. હાઈવે પર અકસ્માત થાય તો ૨૦ મિનિટમાં મદદ પહોંચે તે માટે ૪૦૦ અત્યાધુનિક એમ્બ્યુલન્સ તેનાત કરાશે. હિમાલય જેવા પહાડી વિસ્તારોમાં ૩૫૦ એવી જગ્યાઓ શોધી છે જ્યાં જમીન ધસી પડે છે. તેમાંથી ૨૩૫ જગ્યાઓને તાત્કાલિક રીપેર કરવામાં આવશે.

બસ, ટ્રેક્ટર અને ઈ-રિક્ષાની

(અનુ. આઠમા પાને)

# આત્મહત્યા વિશે સર્ચ કરતાં બાળકોના વાલીઓને એલર્ટ કરશે 'ઈન્સ્ટાગ્રામ'

**અબતક, રાજકોટ**

જેન-ઝીમાં ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક સહિતના સોશિયલ મીડિયાનું વળગણ સતત વધી રહ્યું છે. આ પ્લેટફોર્મર્સનો ઉપયોગ રચનાત્મક બાબતો માટે કરવાની સાથે સાથે જ હવે નવી પેઢી તેનો ઉપયોગ પોતાને નુકસાન પહોંચાડવા કે આત્મહત્યાની પદ્ધતિઓ શોધવા માટે પણ કરી રહી હોવાનો ચિંતાજનક ટ્રેન્ડ સામે આવી રહ્યો છે. જેને પગલે ઈન્સ્ટાગ્રામે જણાવ્યું હતું કે, જો કોઈ બાળક તેના પ્લેટફોર્મ પર વારંઘડીએ આત્મહત્યા કે પોતાની જાતને નુકસાન પહોંચાડે તેવી બાબતો અંગે સર્ચ કરતો જણાશે તો તે આવા બાળકોના માબાપને તેની જાણ કરતી એલર્ટ મોકલશે. આવી એલર્ટ માત્ર એવા માબાપને મોકલવામાં આવશે જેઓ ઈન્સ્ટાગ્રામના પેરેન્ટલ સુપરવિઝન પ્રોગામમાં સામેલ હશે.આ એલર્ટ, કંપની પાસે ઉપલબ્ધ માબાપની વિગતોને આધારે ઈમેલ, ટેક્સ્ટ મેસેજ અથવા વોટ્સએપ પર ઉપરાંત તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં પણ મોકલવામાં આવશે. ઈન્સ્ટાગ્રામે જણાવ્યું હતું કે, તેણે બાળકોના એકાઉન્ટ્સના સર્ચ રિઝલ્ટમાં આવી સામગ્રી ઘણાં સમયથી બ્લોક કરી છે. એટલું જ નહીં તેણે આવી સર્ચ કરતાં લોકોને હેલ્પલાઈન તરફ દોરી જવાનું શરૂ કર્યું છે.





સહકારથી સેવા, સેવાથી સમાજ

# માનવતા જ અમારૂં મિશન, સેવા જ અમારી ઓળખ: આજે વિશ્વ એનજીઓ દિવસ

## લોકોની વિવિધ સેવાઓ કરતી એનજીઓ સમાજના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છેઃ આવી સંસ્થાઓ ગરીબ, પછાત અને જરૂરિયાતમંદ લોકો સુધી શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, રોજગાર અને માનવ અધિકાર જેવી મૂળભૂત સેવાઓ પૂરી પાડે છે

આજે વૈશ્વિક સ્તરે સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓ દિવસ એટલેકે વિશ્વ એનજીઓ દિવસ ઉજવાય રહ્યો છે. ગ્રુપ, મંડળ, કલબ, ફાઉન્ડેશન, એસોસિએશન, ટ્રસ્ટ જેવા નામોથી ઓળખાતી નોન ગવર્મેન્ટ ઓર્ગેનાઈઝેશન (NGO) ગણાય છે.

ઘણી સંસ્થાઓ સરકારી ગ્રાન્ટ લઈને પ્રોજેક્ટ ચલાવે છે તો બીજી દાન સખાવતથી ચાલતી સંસ્થો હોય છે. અમુક સેવાભાવિ ગ્રુપ પોતાની રીતે જરૂરિયાતમંદ લોકોને મદદ કરતા હોય છે, કે પર્યાવરણ પ્રોજેક્ટ ચલાવતા હોય છે. બાળ, મહિલા કે યુવા પ્રવૃત્તિ પણ ઘણી રજીસ્ટર્ડ કે નોન રજીસ્ટર્ડ સામાજિક સંસ્થાઓ કાર્ય કરતી હોય છે. અમુક સંસ્થાઓ ભૂખ્યાને રોજ ભોજન આપવાનું વિનામૂલ્યે કરતા હોય છે.

આપણા ગુજરાતની વાત કરીએ તો રાજ્યમાં ઘણી બધી સમાજસેવી સંસ્થાઓ જરૂરીયાત મંદ લોકો માટે ખૂબ જ સારું કામ કરી રહી છે. આપણે ત્યાં ગ્રામ્ય કક્ષાએથી શરૂ કરીને શહેર કે મોટા શહેરોમાં પણ વિવિધ સંસ્થાઓ જનસેવા નું કામ કરી રહ્યું છે. અમુક ટ્રસ્ટો શિક્ષણ સેવા યજ્ઞ ચલાવે છે, લોકોમાં શિક્ષણ બાબતે જાગૃતિ પણ લાવે છે.

ભારતમાં વિશ્વના સૌથી મોટા NGO નેટવર્કમાંનું એક છે. વિશ્વમાં યુનિસેફ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થા બાળકો માટે ખૂબ જ સારું કાર્ય કરે છે.

એક અંદાજ મુજબ ભારતમાં ૪૦ લાખથી વધુ ગત્રઢ્ઢ નોંધાયેલી છે. જેનો અર્થ થાય છે કે દર ૫૦૦ ભારતીય નાગરિકો માટે લગભગ એક NGO કાર્યરત ગણી શકાય.આ સિવાયની નાની નાની પાયાની સંસ્થાઓ દ્વારા પણ વિવિધ સેવા કરી થાય છે. લાયન્સ, રોટરી અને જેસિસ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થા પણ લોક ઉપયોગી કાયમી પ્રોજેક્ટ ચલાવે છે. આજના યુગમાં વિધવા બહેનોને રાશન કીટ, ગરીબ તેજસ્વી બાળકોને શિક્ષણ સહાય, દર્દીને દવા સહાય, રક્તદાન કેમ્પ, ચક્ષુદાન, દેહદાન,




ઓર્ગન ડોનેટ, કલા પ્રોત્સાહનના કાર્યક્રમો અને એઈડ્સ, કેન્સર જેવા રોગીની જાગૃતિ લાવવી પણ એટલીજ જરૂરી છે.

આ વર્ષની ઉજવણી થીમ “સમાવેશ દ્વારા ગૌરવ પુનઃસ્થાપિત કરવું,“ છે, જેનો હેતુ હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો માટે સમાનતા, સામાજિક ન્યાય અને સશકિતકરણને પ્રોત્સાહન આપવામાં NGO ની આવશ્યક ભૂમિકા પર પ્રકાશ પાડે છે. તે બધા માટે તકો ઊભી કરવા, ભેદભાવ ઘટાડવા અને દરેક વ્યકિત સમાજમાં સંપૂર્ણ રીતે ભાગ લઈ શકે તેની ખાતરી કરવા પર ભાર મૂકે છે. સમાવેશ પર ધ્યાન કેન્દ્રિત કરીને, થીમ ગત્રઢ્ઢ, સરકારો અને સમુદાયોને ગૌરવ પુનઃસ્થાપિત કરવા, સ્થિતિસ્થાપકતા બનાવવા અને ન્યાયી, વધુ કરુણાપૂર્ણ વિશ્વને પ્રોત્સાહન આપવા માટે સાથે મળીને કામ કરવા પ્રોત્સાહિત કરે છે. આ દિવસની સ્થાપના મૂળ રૂપે ૨૦૦૯ માં એક સામાજિક ઉઘોગ સાહસિક માર્સિસ લિયોર્સ સ્કેડમેનિસ દ્વારા કરવામાં આવી હતી. જોકે આ દિવસની પ્રથમ ઉજવણી ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૪માં કરવામાં આવી હતી.લોકોની વિવિધ સેવાઓ કરતી એનજીઓ સમાજના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આવી સંસ્થાઓ ગરીબ, પછાત અને જરૂરિયાતમંદ લોકો સુધી શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, રોજગાર અને માનવ અધિકાર જેવી મૂળભૂત સેવાઓ પહોંચાડે છે. સરકાર અને સમાજ વચ્ચે એક મજબૂત કડી તરીકે એનજીઓ કામ કરે છે, જેથી સમાજના દરેક વર્ગ સુધી મદદ અને જાગૃતિ પહોંચે. ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં એનજીઓ લોકોના જીવનમાં સકારાત્મક બદલાવ લાવવાનું કાર્ય કરે છે.

શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે એનજીઓનું યોગદાન વિશેષ મહત્વનું છે. અનેક સંસ્થાઓ ગરીબ બાળકો માટે મફત શિક્ષણ, શાળા સામગ્રી અને માર્ગદર્શન પૂરૂં પાડે છે. આરોગ્ય ક્ષેત્રે મફત આરોગ્ય શિબિરો, રસીકરણ, માતા-બાળ સંભાળ અને રોગજાગૃતિ કાર્યક્રમો દ્વારા લોકોનું સ્વાસ્થ્ય સુધારવામાં મદદ કરે છે. આવી સેવાઓ દ્વારા સમાજમાં શિક્ષિત અને સ્વસ્થ પેઢીનું નિર્માણ થાય છે.આજે ઘણી એનજીઓ સમાજ સેવામાં આગવી ઓળખ ધરાવે છે. આવી સંસ્થાઓ દાન, સ્વયંસેવક સેવા અને જાગૃતિ કાર્યક્રમો દ્વારા લોકોમાં સામાજિક જવાબદારીની ભાવના વિકસાવે છે. એનજીઓના સતત પ્રયાસોથી સમાજ વધુ સમાન, સંવેદનશીલ અને માનવતાભર્યો બનતો જાય છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આજે વિશ્વના છ ખંડોમાં આજનો દિવસ ઉજવવામાં આવે છે, જે વિશ્વભરમાં સમુદાયો, નેતાઓ અને પરિવર્તન લાવનારાઓને એક કરે છે. પૈસા એકમાત્ર એવી વસ્તુ નથી જે આપવામાં મજા આવે. આપણે સમય આપી શકીએ છીએ, આપણે આપણી કુશળતા આપી શકીએ છીએ, આપણે આપણો પ્રેમ આપી શકીએ છીએ, અથવા ફક્ત સ્મિત આપી શકીએ છીએ. આપણામાંથી કોઈને પણ આપવા માટે યોગ્ય વસ્તુની ક્યારેય કમી નથી હોતી.

આજે NGO ના મહત્વપૂર્ણ કાર્ય વિશે જાગૃતિ લાવવી અને સમુદાય વિકાસમાં સ્વયંસેવા અને સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવું જરૂરી છે. NGO ભંડોળ ઊભું કરવા, ઝુંબેશ અને હિમાયતના પ્રયાસોને સમર્થન આપવું જોઈએ. બિન-સરકારી સંગઠન (NGO) જેને ઘણીવાર બિન-લાભકારી સંગઠન (NPO), નાગરિક સમાજ સંગઠન (CSO), ચેરિટેબલ સંગઠન, સભ્યપદ સંગઠન, ચેરિટી કે ત્રીજા ક્ષેત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. એક બિન-લાભકારી, નાગરિક-આધારિત જૂથ છે જે સરકારથી સ્વતંત્ર રીતે કાર્ય કરે છે.

**એક અંદાજ મુજબ ભારતમાં ૪૦ લાખથી વધુ એનજીઓ નોંધાયેલી છે, જેનો અર્થ થાય કે દર ૫૦૦ ભારતીય નાગરિકો માટે લગભગ એક એનજીઓ ગણી શકાયઃ આ વર્ષની થીમ ‘‘સમાવેશ દ્વારા ગૌરવ પુનઃસ્થાપિત કરવું’’ છેઃ સરકાર અને સમાજ વચ્ચે એક મજબૂત કડી તરીકે એનજીઓ કામ કરે છે**

# ભાયાવદરઃ પિયુષ મહોદયની ઉપસ્થિતિમાં ફાગ રસીયાનો વૈષ્ણવોએ લીધો લ્હાવો

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**



ભાયાવદર વૈષ્ણવ સમાજ દ્વારા કુલ ફાગ રસીયાનો કાર્યક્રમ પિયુષ મહોદયની હાજરીમા વિશાળ વૈષ્ણવોની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

ભાયાવદર મદન મોહનજી હવેલીમા જૂનાગઢ મોટી હવેલી વાળા ગૌસ્વામી પિયુષકુમારની હાજરીમાં હોળી ખેલી રસીયાનું આયોજન કરાયું હતુ. તેમાં વૈષ્ણવો બહોળી સંખ્યામાં જોડાયા હતા.

**તસ્વીરઃ શહેઝાદ બાદશાહ**

# ઉપલેટામાં બ્રહ્મસમાજ મહિલા મંડળ દ્વારા રવિવારે હોરી રસીયા ઉત્સવ



**અબતક**
**કિરીટ રાણપરીયા, ઉપલેટા**

આવતીકાલે ઉપલેટા સમસ્ત મહિલા મંડળ દ્વારા પ્રથમ વખત હોળી રસીયાનો કાર્યક્રમ યોજતા બ્રહ્મ બહેનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ અંગે માહિતી આપતા સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા મંડળના પ્રમુખ જીજ્ઞાબેન વ્યાસે જણાવેલ કે ફાગણ માસમાં ઠાકોરજી સાથે રસીયા રમવાનો મહીમાં છે. ઉપલેટા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા અનેક ધાર્મિક કાર્યોની ઉજવણી કરવામાં આવે છે.ત્યારે આ વર્ષ સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા મંડળ દ્વારા હોલી રસીયાનું આયોજન કરવામાં આવતા મહિલાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આગામી તા.૧ને રવિવારે સાંજે ૪ વાગે બડાબજરંગ રોડ ઉપર આવેલ સમસ્ત બ્રહ્મ સમાજભવનમાં હોલી રસીયાનો કાર્યક્રમ રાખેલ છે. તેમાં ધર્મપ્રેમી બહેનોને આ રસીયા કાર્યક્રમમાં પધારવા અનુરોધ કરેલ છે.

# સ્વ.લલીતાબેન વાઘાણીની સ્મૃતિમાં રવિવારે મેગા બ્લડ ડોનેશન કેમ્પ

## નાગર બોર્ડિંગ ખાતે યોજાનારી રક્તદાન શિબિરમાં રક્ત દાતાઓને ઉમટી પડવા વાઘાણી પરિવારની હાંકલ



**અબતક, રાજકોટ**

સ્વ. લલીતાબેન મધુસુદન વાઘાણીની પાવન સ્મૃતિમાં આગામી રવિવારે સવારે ૮ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધી ટાગોર રોડ સ્થિત વિરાણી હાઈસ્કુલ સામે, નાગર બોર્ડિંગ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.રકતદાન શિબિરના સહ આયોજક શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન -વિનયભાઈ જસાણી છે.આ રક્તદાન શિબિરનું આયોજન સિવિલ હોસ્પિટલના ગરીબ દર્દીઓ અને થેલેસેમિયા પીડીત બાળકોના લાભાર્થે કરવામાં આવ્યું છે.

રકતદાન કરવાના અનેક ફાયદાઓ છે.એક બોટલ રક્તદાનથી ત્રણ જિંદગીઓ બચતી હોય છે. રક્તદાન કરવાથી રક્તદાતાને કશું જ નુકસાન થતું નથી.તો વધુ ને વધુ લોકો રકતદાન કરે તો રકત આસાનીથી દર્દીઓને મળી શકે. હાલમાં રક્તની અછત લગભગ બધી જ બ્લડ બેન્કોમાં જોવા મળે છે. તેમાટે રક્તદાન કરવું ખૂબ જ જરૂરી છે. સિવિલ હોસ્પિટલના અનુભવી ડોકટર્સ ની ટીમના માર્ગદર્શન હેઠળ આ રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે એટલે સંપૂર્ણ સુરક્ષિત રીતે રક્તદાન કરી શકાય છે.

રક્તદાન શિબિરને નામી - અનામી ઘણી સંસ્થાઓ અને મહાનુભાવોનો સહકાર મળ્યો છે. રાજકોટ મહાજનના પ્રમુખ રાજુભાઈ પોબારૂ, ઉપપ્રમુખ નિશાંતભાઈ ચોટાઈ,કિશોરભાઈ કોટક, હિરેનભાઈ ખખર વગેરેનો આ રકતદાન શિબિરને સફળ બનાવવા માટે નો સહયોગ પ્રાપ્ત થયો છે. મધુરમ ફેમિલી ક્લબના ચેરમેન ડો. હેમાંગભાઈ વસાવડા, વાઈસ ચેરમેન મિલનભાઈ કોઠારી, પ્રમુખ હર્ષદભાઈ રૂપારેલીયા, ખજાનચી સંદીપભાઈ કલ્યાણી, કારોબારી સભ્યો આશિષભાઈ મહેતા, અમિતભાઈ ભીંડે, પ્રદ્યુમનભાઈ તન્ના, પરેશભાઈ જનાણી, નયનભાઈ જીવરાજાણી, હરેશભાઈ વસાણી, દીપેશભાઈ વિઠલાણી, મનીષભાઈ કક્કડ, અમિતભાઈ રૂપારેલીયા,જીતુભાઈ પીઠડીયા, કિરીટભાઈ ઘેલાણી, અલ્પેશભાઈ રૂપારેલીયા અને ડો. મનીષભાઈ પાઠક વગેરે પણ આ રક્તદાન શિબિરને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

આ સિવાય જયોત ફાઉન્ડેશનના અગ્રણી અને સ્થાપક ઋષિ મહેતા, પુજા હોબી સેન્ટરના સંચાલક પુષ્પાબેન રાઠોડ તેમજ દીપુબેનનો સહયોગ પ્રાપ્ત થયો છે.માર્કેટિંગ યાર્ડના ડિરેક્ટર અતુલભાઈ કામાણી,અગ્રણી બિલ્ડર સર્વાનંદભાઈ સોનવાણી, જેનીશ હભાઈ અજમેરા, સુજીતભાઈ ઉદાણી, રાજેશભાઈ માનસત્તા વગેરેનો પણ વિશેષ સહયોગ પ્રાપ્ત થયો છે.રઘુવંશી સોશિયલ ગ્રુપના હોદ્દેદારો ભરતભાઈ સવજાણી અને સંજયભાઈ કક્કડ તેમજ અખિલ ભારતીય રઘુવીર સેનાના પ્રમુખ મિતલ ભાઈ ખેતાણી દ્વારા આ રક્તદાન શિબિરને સફળ બનાવવા અને વધુ ને વધુ લોકો રક્તદાન કરે તેવું આહવાન પણ કરવામાં આવ્યું છે. કુમકુમ ગ્રુપનામનોજભાઈ પટેલનો પણ સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ રક્તદાન શિબિરને સફળ બનાવવા જીતભાઈ વાઘાણી જહેમત ઉઠાવી રહ્યા છે.

# ઉપલેટામાં ધોળકીયા પરિવાર દ્વારા કાલે ધમાર વ્રજના હોરી રસીયા

**અબતક**
**કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટાને આંગણે આવતીકાલે ડી.ડી. જવેલર્સ વાળા ધોળકીયા પરિવારના આંગણે ફુલ ફાગ ધમાર વ્રજમા હોરા રસિયાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

શહેરના શ્રેષ્ઠ સોની વેપારી ડી.ડી જવેલર્સ વાળા માધવભાઈ ધોળકીયા અને સોના-ચાંદી એસો.ના પ્રમુખ દેવેનભાઈ ધોળકીયા પરિવારના આંગણે તેમના ગૌ.વા. પિતા



રજનીકાન્ત દ્વારકાદાસ ધોળકીયાના આશીર્વાદ અને અમી દ્રષ્ટિથી શ્રીમાળી સોની સહ પરિવારના સથવારે આવતીકાલે તા. ૨૮ ને શનિવારે સાંજે ૯ વાગે બડાબજરંગ રોડ ઉપર આવેલ શ્રીમાળી સોની મુળજી ભીમજી વાડી ગ્રાઉન્ડમાં ફુલ ફાગ ધમાર વ્રજના હોરી રસિયાનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવેલ છે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૮.૨.૨૦૨૬ શનિવાર, સંવંત ૨૦૮૨, ફાગણ સુદ બારસ, પુનર્વસુ નક્ષત્ર, સૌભાગ્ય યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ કર્ક (ડ,હ) રહેશે**

**મેષ (અ,લ,ઈ)** : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે, દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ (બ,વ,ઉ)** : નવા કાર્યમાં આગળ વધી શકો, સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે.

**મિથુન (ક,છ,ઘ)** : ભાગીદારીમાં કાળજી રાખવી પડે, આર્થિક બાબતોમાં મધ્યમ રહે, અન્ય બાબતોમાં સારું રહે.

**કર્ક (ડ,હ)** : તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**સિંહ (મ,ટ)** : કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉશ્કેરાટ રહે, સાંજ ખુશનુમા વીતે.

**કન્યા (પ,ઠ,ણ)** : ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું, હિસાબ રાખવો.

**તુલા (ર,ત)** : અગાઉ ના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના સિદ્ધાંતને સમજી શકો, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય)** : ઈષ્ટદેવની આરાધનાથી લાભ થાય, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, આધ્યાત્મિક ચિંતન થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : દિવસ દરમિયાન દોડધામ રહે, સાંજ પછી નસીબ સાથ આપતું જણાય, અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરી શકો.


**મકર (ખ,જ)** : જાહેરજીવનમાં ધ્યાન આપી શકો, આંતરિક સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.

**કુંભ (ગ,સ,શ)** : હિત શત્રુઓથી સાવધ રહેવું, વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખથી કામ કરવું.

**મીન (દ,ચ,ઝ,થ)** : પ્રણય માર્ગે આગળ વધી શકો, ગમતી વ્યક્તિ થી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

## આકાશિક રેકોર્ડમાં સારા ભવિષ્ય માટે રેકોર્ડ કઈ રીતે એડ કરવા

આકાશિક રેકોર્ડમાં સારા ભવિષ્ય માટે રેકોર્ડ બે રીતે એડ કરી શકાય છે એક તો શ્રેષ્ઠ શુભ કર્મ દ્વારા જે જાગૃત મનથી થાય છે અને અર્ધજાગૃત મનને ચાર્જ કરીને હકારાત્મક અભિગમ સાથે દૈવી કર્મ કરવાથી સારા ભવિષ્ય માટે રેકોર્ડ એડ કરી શકાય છે જેમાં મહત્વના પોર્ટલ આવતા હોય ત્યારે વિશેષ સાધના દ્વારા આ રેકોર્ડ એક કરી શકાય છે વળી આપણા આકાશિક રેકોર્ડ સમજીને ઋણાનુબંધન પૂર્ણ જવાબદરી પૂર્ણ કરતા આકાશિક રેકોર્ડ સારા મહત્વની વિધિમાં અને આ ઉપરાંત હાલના સમયથી માટેના આપણા અને આભારદર્શી જન્મો જન્મના તે મુજબ દૈવી કર્મ અને કરતા જઈએ અને જઈએ એટલે આગામી બનતા જાય છે જેમાં પાસ્ટ લાઈફ રિગ્રેસન છે મહત્વની વિધિમાં લઈને ભવિષ્ય હકારાત્મક વિચારો વિચારો તથા આપણી ભવિષ્યની ઈચ્છાઓ અને અપને કરેલા સંકલ્પને વ્યવસ્થિત રીતે ડાયરીમાં લખવા જોઈએ જે આકાશિક રેકોર્ડમાં મહત્વની ભૂમિકા ભજવે છે જે નિયમિત પણે આપણે એક ડાયરીમાં આ પ્રકારે સંકલ્પ ,ઈચ્છા , આભારદર્શન આપણી ઉર્જાની દિશા લખી શકીએ અને આપનો પ્રોગ્રેસ માટેનો મેપ તૈયાર કરી શકીએ. આ માટે હું નિયમિત રીતે અત્રે માર્ગદર્શન આપતો રહીશ કે કઈ રીતે આપણે આકાશિક રેકોર્ડ દ્વારા આપણા ભવિષ્યનો માર્ગ સુનિશ્ચિત કરી શકીએ અને એ માટેની અલગ અલગ ગુપ્ત વિધિઓ પણ અત્રેથી જણાવતો રહીશ.. હાલ ૩ માર્ચના ખગ્રાસ ચંદ્રગ્રહણ આવી રહ્યું છે ત્યારે યુનિવર્સનું પોર્ટલ ખુલી રહ્યું છે ત્યારે ઉપર જણાવ્યા મુજબ ડાયરીમાં સ્પષ્ટ રૂપે ભવિસ્યની રૂપરેખા અને સંકલ્પો તથા ઈચ્છાઓ લખી શકાય.



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

## સૂડોકુ -૭૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | | | ૫ | | | | |
| | | | | | ૩ | | | |
| | ૯ | ૩ | ૪ | | | | | ૬ |
| | | | ૬ | | | ૯ | | |
| | ૧ | | | ૯ | ૫ | | ૨ | ૪ |
| | ૫ | | | ૩ | ૪ | | | ૭ |
| | ૨ | | ૫ | ૭ | | ૮ | | ૩ |
| ૩ | ૬ | ૫ | | ૪ | | ૭ | | |
| | ૮ | ૯ | ૩ | | | ૪ | ૬ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૬૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૯ | ૭ | ૩ | ૨ | ૧ | ૬ | ૮ | ૫ |
| ૩ | ૧ | ૮ | ૪ | ૫ | ૬ | ૯ | ૨ | ૭ |
| ૬ | ૨ | ૫ | ૮ | ૯ | ૭ | ૩ | ૧ | ૪ |
| ૫ | ૪ | ૧ | ૯ | ૭ | ૮ | ૨ | ૩ | ૬ |
| ૮ | ૭ | ૨ | ૬ | ૩ | ૪ | ૫ | ૯ | ૧ |
| ૯ | ૩ | ૬ | ૨ | ૧ | ૫ | ૪ | ૭ | ૮ |
| ૨ | ૮ | ૪ | ૧ | ૬ | ૯ | ૭ | ૫ | ૩ |
| ૧ | ૫ | ૯ | ૭ | ૪ | ૩ | ૮ | ૬ | ૨ |
| ૭ | ૬ | ૩ | ૫ | ૮ | ૨ | ૧ | ૪ | ૯ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૭-૦૨-૨૦૨૬ શુક્રવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અનોખી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પીનટ સુપ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રવિ ઠેસીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૮-૦૨-૨૦૨૬ શનિવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી.કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૨૮-૨ -૨૦૨૬ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ બારશ
**નક્ષત્ર** પુનર્વસુ
**યોગ** સૌભાગ્ય **કરણઃ** બવ
**સુર્યોદય** ૭.૧૦ **સુર્યાસ્તઃ** ૬.૪૯
**ચંદ્ર રાશી** કર્ક
**રાશિ અક્ષર** ડ.હ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૭ થી ૧.૨૩

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

# કંડકટરોના ટિકિટ મશીન ખોટવાતા એસ.ટી. બસના પૈડા થંભી ગયા !!

## અનેક સ્થળોએ ૨ થી ૩ કલાક સુધી બસ ઉપડી ન શકી

**અબતક, રાજકોટ**

કંડકટરોના ટિકીટ મશીન ખોટવાય જવાના કારણે રાજયભરમાં એસ.ટી. બસના પૈડા થંભી ગયા હતા.

ગુરૂવારે બપોરના એક થી બપોરના ત્રણ સાડા ત્રણ સુધી ત્રણેક કલાક સુધી રાજ્યભરમાં કંડક્ટરોના મશીન માં સર્વર ડાઉન હોય પ્રોબ્લેમ આવી જતા અફડાતફડી અને અંધાધુંધી ફેલાઈ હતી અને ભારે દેકારો બોલી ગયો હતો. એસટી તંત્રના આધુનિકીકરણના બણગાં વચ્ચે આધુનિકીકરણ પાછળ કરોડો રૂપિયાના ખર્ચાઓ બાદ રાજ્યભરના ડેપોમાં બસો ઉપડતી બંધ થઈ હતી. હજારો મુસાફરોને હાલાકી નો સામનો કરવો પડ્યો હતો. નેટનો ઈશ્યૂ અને સર્વર ડાઉન હોવાથી બપોરે જે કંડક્ટરો ચડતા હોય તે મશીનમાં પ્રોબ્લેમ હતી. ટિકિટો કાપવાનું કામ મુશ્કેલ બન્યું હતું મશીનોમાં ટિકિટો અપડેટ થતી ન હતી. અન્ય ડેપોમાં વિગતો મેળવતા જાણવા મળ્યું કે જે કંડક્ટરો રનીંગ ટ્રીપ કરી અને આવ્યા હોય અને એ જ મશીન જો બીજા કંડક્ટરને આપી દેવામાં આવે તો કોઈ પ્રોબ્લેમ હતો નહીં પરંતુ રાજકોટ ડેપોના સિનિયર ડેપો મેનેજરની બેદરકારી અને લાપરવાહીના પગલે આ બાબત ન બનતા રાજકોટ એસટી બસ પોર્ટ પર ભારે દેકારો બોલી ગયો હતો. અને રાજકોટ થી ઉપડતી બસો બે થી ત્રણ કલાક પ્લેટફોર્મ પરથી જ મોડી ઉપાડવામાં આવી હતી એવું આધારભૂત વર્તુળોમાંથી જાણવા મળ્યું છે.

આ પ્રકારની સર્વર એરરના કારણે તમામ બસો બસસ્ટેન્ડ પર જ અટકી જાય છે અને રૂટ પર સમયસર રવાના થતી નથી. કંડક્ટર ડ્યુટી સ્ટાર્ટ કરી શકતા નથી એટલે ટિકિટ ઈશ્યુ કરવાની પ્રક્રિયા બંધ થઈ જાય છે.

મુસાફરો બસ સ્ટેન્ડ પર લાંબા સમય સુધી રાહ જોવી પડે છે.લોકોને તેમની ગંતવ્ય સ્થળે કેવી રીતે પહોંચવુ તે અંગે મોટી મુશ્કેલી ઉભી થાય છે.

ઓફિસ જતાં કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને તાત્કાલિક કામવાળા મુસાફરોને ભારે તકલીફ પડે છે. બસ સમયસર ન ચાલતા જાહેર પરિવહન પ્રત્યે લોકોમાં અસંતોષ અને ગેરવ્યવસ્થા ફેલાય છે.

# ભાજપના ધારાસભ્યો પોતાના સમાજના હક કે અધિકાર માટે બોલવા તૈયાર નથી: અમિત ચાવડા

## બોર્ડ નિગમોને બજેટમાં ફાળવાયેલી સામાન્ય રકમનો વિરોધ કરતા કોંગી ધારાસભ્યો

**અબતક, રાજકોટ**

કોંગ્રેસના ધારાસભ્યોએ જ્યારે સરકાર દ્વારા બજેટ ફાળવણીમાં એસસી, એસટી, ઓબીસી, લઘુમતી સફાઈ કામદારો, દિવ્યાંગો માટેના બોર્ડ નિગમોને ઓછી ફાળવણી કરવામાં આવે છે. તેનો વિરોધ કરી વોક આઉટ કરવામાં આવ્યો ત્યારે અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની પ્રશ્નોત્તરી દરમિયાન ફરી એકવાર ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિન સરકાર એસસી, એસટી, ઓબીસી, માઈનોરિટી સમાજ,સફાઈ કામદાર,દિવ્યાંગ, પશુપાલક ગોપાલક, પછાત વર્ગના વિચરતી વિમુખ જાતિ સાથે ભેદભાવ કરી રહી છે. આ સમાજનું શોષણ થઈ રહ્યું છે, તેમ છતાં સરકાર કોઈપણ જાતની મદદ કરતી નથી. આ વિવિધ સમાજ વિરોધી ભારતીય જનતા પાર્ટીનો ચહેરો ખુલ્લો પડી ગયો છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ એસસી, એસટી, ઓબીસી અને માઈનોરિટી સમાજ માટે કાર્યરત વિવિધ બોર્ડ નિગમોને છેલ્લા બે વર્ષમાં વસ્તીના પ્રમાણમાં ખૂબ ઓછું બજેટ ફાળવવામાં આવ્યું છે અને તેમાં પણ મોટી રકમ વપરાયા વગર જ રહી ગઈ છે.

વિધાનસભામાં પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો કે બજેટ ફાળવવાના ધોરણો શું છે? શું આર્થિક, સામાજિક કે શૈક્ષણિક પરિસ્થિતિના આધારે ફાળવણી થાય છે? ઓછી ફાળવણી અને વણવપરાશ પાછળના કારણો શું છે? બજેટમાં ફાળવાય છે પણ ૫૦% રકમ વપરાતી નથી તો એના કારણો શું છે? ભાજપ સરકાર તરફથી વિધાનસભામાં સ્પષ્ટ જવાબ આપવામાં આવતો નથી. ફરી માંગ કરવામાં આવી છે કે ભેદભાવ અને અન્યાય બંધ કરી પારદર્શક રીતે બજેટ ફાળવણી અને ખર્ચ અંગે જવાબ આપો.

ભાજપના નેતાઓ બહુમતી વસ્તી એસસી, એસટી, ઓબીસી, માઈનોરિટી સમાજના છે. પરંતુ સમાજના હક અધિકાર રાખવામા માટે વિધાનસભામાં બોલવા પણ ઉભા થતા નથી. ભાજપના ધારાસભ્યોની એવી તો કેવી મજબૂરી છે કે, જવાબ પણ નહીં આપતા અને પોતાના વિસ્તારના લોકો અને સમાજ માટે એક શબ્દ પણ બોલવા તૈયાર નથી.

### ભાવનગરના પચ્છે ગામ ખાતે ભાગવત સપ્તાહમાં

# ગધેથડ ગાયત્રી આશ્રમ સંત લાલબાપુના દર્શન કરી પોરબંદરના ૭૦૦ ભાવિકો થયા ધન્ય

## ગધેથડ ધર્મોત્સવ દર્શનમાં સુદામા ટ્રાવેલ્સના રાજભા રવીરાજસિંહે ૧૪ બસોની આપી સેવા

**અબતક, અશોક થાનકી, પોરબંદર**



ભાવનગરના પછેગામમાં ભાગવત સપ્તાહમાં ગધેથડ ગાયત્રી આશ્રમના મહંત સંત લાલબાપુની ગુરૂવારે પધરામણી થઈ હતી લાલબાપુના દર્શને પોરબંદર થી ૭૦૦ ભકતો પછે ગામ પહોચ્યા હતા.

ભકતજનો ને અહીંથી ૪૦૦ કિલોમીટર દુર જવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં સુદામા ટ્રાવેલ્સ ના સંચાલક અને રાજપૂત સમાજ ના પ્રમુખ રાજભા જેઠવા અને રવિરાજસિંહ જેઠવા દ્વારા ૧૪ જેટલી બસોની સુવિધા આપવામાં આવી હતી આ બસો દ્વારા શહેરના તમામ વિસ્તારોમાંથી ભકતજનો ને લઈ નરસંગ ટેકરી ખાતે એકત્રિત થયા હતા અને ત્યારબાદ બુધવાર ની મોડીરાત્રે આ બસો પચ્છેગામ ખાતે રવાના થઈ હતી.

આ તકે પોરબંદર રાજપૂત સમાજના ભાઈ બહેનો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા પચ્છેગામ ખાતે લાલબાપુ ના સહયોગ થી વલ્લભીપુર શહેર અને તાલુકાના ૫૪ ગામોમાં ગાયોને ઘાસચારો, કુતરાને લાડુ, પક્ષીઓ ને ચણ, માછલીઓ ને બુંદીદાણા અને કીડીયારા નું પણ મોટા પાયે આયોજન કરવામાં આવ્યું હતું પોરબંદરના સાંદીપની આશ્રમના સંતશ્રી રમેશભાઈ ઓઝા દ્વારા કથાનું રસપાન કરાવાયું હતું.

### ગીર પંથકની રાજનીતિમાં ઉથલપાથલ

# ગીરગઢડા: જુના ઉગલા - ખીલાવડમાં ભાજપના આગેવાનો કોંગ્રેસમાં જોડાયા

## પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશે પંજાના સાથી બનેલા આગેવાનોનું કર્યું સ્વાગત



**અબતક, મનુ કવાડ, ગીરગઢડા**

ગીર પંથકની રાજનીતિમાં હલચલ મચાવતા બનાવમાં ગીરના જુના ઉગલા ખીલાવડના ભાજપના આગેવાનો કોંગ્રેસમાં જોડાતા હલચલ મચી જવા પામી છે.આ જોડાણ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશએ તમામ કાર્યકરોનું સ્વાગત કર્યું હતું. કોંગ્રેસમાં જોડાયેલા આગેવાનોમાં નવા ઉગલા માજી સરપંચ જીણાભાઈ ભરવાડ, વિનુભાઈ જસાભાઈ નંદવાણા - માજી સરપંચ, જૂના ઉગલા, શામજીભાઈ જેરામભાઈ - જૂના સભ્ય, નવા ઉગલા, સનિલભાઈ અરજણભાઈ - હાલ સભ્ય, નવા ઉગલા તેમજ અન્ય અનેક કાર્યકરોએ કોંગ્રેસમાં પ્રવેશ લીધો છે. આ પ્રસંગે આગેવાનોએ જણાવ્યું કે તેઓ વિકાસલક્ષી કાર્ય અને સ્થાનિક પ્રશ્નોના ઉકેલ માટે કોંગ્રેસની વિચારધારાથી પ્રેરાઈ જોડાયા છે.

# સાવરકુંડલાના આંગણે જામી 'સ્વદેશી મેળા'ની રોનક

## 'વોકલ ફોર લોકલ'ના સૂત્ર સાથે સ્થાનિક કારીગરો અને લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા સરાહનીય કદમ

**અબતક, સોહિલ શેખ, સાવરકુંડલા**



શહેર વિકાસ અને શહેર ગૃહ નિર્માણ વિભાગ દ્વારા શહેરી વર્ષ ૨૫-૨૬ અંતર્ગત સાવરકુંડલા નગરપાલિકા ગ્રાઉન્ડ ખાતે 'સ્વદેશી મેળા'નો અત્યંત ઉત્સાહભર્યા અને ભવ્ય વાતાવરણમાં પ્રારંભ થયો છે. નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી ચીફ ઓફિસર રતાણીના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી મેળાનું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

ઉદ્ઘાટન પ્રસંગે સંબોધન કરતા શરદભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, ''આ મેળો માત્ર એક પ્રદર્શન નથી, પરંતુ આપણા સ્થાનિક કારીગરોની છુપાયેલી કલા અને તેમની મહેનતને વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડવાનું એક સશક્ત માધ્યમ છે.

નગરપાલિકાના ચીફ ઓફિસર સાવનકુમાર રતાણીએ મેળાના આયોજન પાછળનો હેતુ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, ''રાજ્ય સરકારના 'શહેરી વિકાસ વર્ષ' અંતર્ગત આ મેળાનું સુંદર આયોજન કરાયું છે. મુખ્ય ઉદ્દેશ્ય 'લોકલ ફોર વોકલ'ને સાર્થક કરવાનો છે, સાવરકુંડલાના નાના વેપારીઓને પોતાની ચીજવસ્તુઓના વેચાણ માટે યોગ્ય પ્લેટફોર્મ મળી રહે અને સ્થાનિક અર્થતંત્ર મજબૂત બને.''

આ અવસરે શહેર ભાજપ પ્રમુખ અનિરૂદ્ધસિંહ રાઠોડ, કેશુભાઈ વાઘેલા, પ્રવીણભાઈ સાવજ, રાજુભાઈ નાગેચા મોહિતભાઈ સુદાણી અને નયનાબેન કાપડિયા તેમજ નગરપાલિકાની વિવિધ સમિતિના ચેરમેનો, સભ્યો, પદાધિકારીઓ અને નગરપાલિકાના કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ મેળો તા.૨૬/૦૨/ ૨૦૨૬થી૦૭/૦૩/૨૦૨૬ સુધી દરરોજ સવારે ૧૦:૦૦ થી રાત્રે ૧૦:૦૦ કલાક સુધી જનતા માટે ખુલ્લો રહેશે. નગરપાલિકા ગ્રાઉન્ડ, મહુવા રોડ, સાવરકુંડલા ખાતેના મેળા માટે પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીએ શહેરના તમામ નાગરિકોને અપીલ કરી છે કે તેઓ પોતાના પરિવાર અને મિત્રો સાથે આ મેળાની મુલાકાત લે. નોડલ ઓફિસર તરીકે રાજુભાઈ દામોદરા તેમજ અંજનાબેન ડાભી અને રૂપલબેન ગોસાઈ તેમજ કર્મચારીઓ પોતાની ફરજ નિભાવી રહ્યા છે.

# જળ સંચયમાં જનભાગીદારીના મજબૂત સંકલ્પ સાથે ગાંધીધામ ચેમ્બર ખાતે યોજાયો સેમિનાર

## જળ શક્તિ અભિયાન, બાંધકામ વેસ્ટ (મલબો) નિકાલ અને ધૂળ પ્રદુષણ ઘટાડવા (ડસ્ટ મીટીગેશન) અંગે કમિશ્નર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**




ગાંધીધામ શહેરના અંદાજે ૧૮૮ ચોરસ કી.મી. ના વધતા વ્યાપ અને વિસ્તરણને ધ્યાનમાં રાખી જળ સંચય અને ટકાઉ શહેરી આયોજનને કેન્દ્રસ્થાને રાખી જલ સંચય જનભાગીદારી ૨.૦' અંતર્ગત ગાંધીધામ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગાંધીધામ ડેવલોપમેન્ટ ઓથોરિટી, અંજાર એરિયા ડેવલોપમેન્ટ ઓથોરિટી, અને ઈઊઙઝ યુનિવર્સિટી, અમદાવાદના સેન્ટર ફોર વોટર એન્ડ સેનિટેશન (ઈઠઅજ)ના ટેકનિકલ માર્ગદર્શન સાથે તેમજ ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના સક્રિય સમર્થનથી આર્કિટેક્ટ્સ, એન્જિનિયર્સ અને બિલ્ડર્સ માટે શહેરના નાગરિકો સાથે એક મહત્વપૂર્ણ સેમીનાર સફળતાપૂર્વક યોજાયો હતો.

કાર્યક્રમનો પ્રારંભે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ તેજાભાઈ કાનગડે ઉપસ્થિત મહાનુભાવો. નિષ્ણાતો અને ટેકનિકલ ક્ષેત્રના પ્રતિનિધિઓનું હાર્દિક સ્વાગત કરતા જણાવ્યું હતું કે, ગાંધીધામ જેવા મહાનગર વિકાસશીલ શહેરોમાં ઉદ્યોગ અને વસાહતોના ઝડપી વિકાસ સાથે આગળ વધી રહ્યું છે. તેમણે પાણી સંસાધનોનું સંચય, સંવર્ધન અને પાણીનો સદુપયોગ હવે વૈકલ્પિક નહીં પરંતુ ફરજિયાત જવાબદારી છે. નાગરિકોએ રહેઠાણ / કોમર્શિયલ બાંધકામ વખતે જ વોટર હાર્વેસ્ટિંગની વ્યવસ્થા કરવી જોઈએ. તેવો અનુરોધ કરેલ અને હાલમાં જયારે ગાંધીધામ મહાનગરમાં ચોતરફ વિકાસના કામો થઈ રહ્યા છે ત્યારે ચેમ્બર શહેરના વિકાસમાં નીતિગત અને ટેકનિકલ જાગૃતિ લાવવા પ્રતિબદ્ધ છે અને આવા કાર્યક્રમો ઉદ્યોગકારો તથા નિર્માણ ક્ષેત્ર માટે તેમજ, શહેરના ભવિષ્ય માટે માર્ગદર્શક બની રહેશે. તેમ જણાવેલ છે.

ઉપપ્રમુખ દિપક પારેખે વોટર હાર્વસ્ટીંગ માટે અંડર ગ્રાઉન્ડ ટેન્કનું પ્રાવધાન રાખી જળ સંગ્રહ અભિયાનમાં સહકાર આપવા નાગરિકોને અપીલ કરી હતી. કાર્યક્રમમાં મ્યુનિસીપલ કમિશ્નર મનીષ ગુરવાણી, ડેપ્યુટી કમિશ્નર મેહુલ દેસાઈ, ટાઉન પ્લાનીંગ ઓફીસર નીરવ પટેલ, સેપ્ટ યુનિવર્સિટીના મિસ. પ્રિયદર્શની ચૌધરી,દિપ્તી તન્ના, ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડ, ઉપપ્રમુખ દિપક પારેખ, કોષાધ્યક્ષ કૈલેશ ગૌર, કારોબારી સમિતિના સભ્યો હરીશ માહેશ્વરી, રાજુ ચંદનાની, બિલ્ડરો, ડેવલપરો અને મોટી સંખ્યામાં શહેરના અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ધ્રાંગધ્રા નગરપાલિકાની સાધારણ સભામાં ૧૦ કરોડના કામો કરાયા મંજુર

## શહેરમાં નવા રસ્તા - સર્કલ, ભુગર્ભ ગટરની સવલત માટે ખાસ ગ્રાન્ટ ફાળવાયા



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શેહર વિકાસ માટે નગરપાલીકા હોલ ખાતે નઅરપાલીકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલાના અધ્યક્ષ સ્થાને છેલ્લી સાધારણ સભા યોજવામાં આવી હતી જેમા ૧૦ કરોડના કામોના ૩૦ ઠરાવો રજૂ કરવામાં આવ્યા સાધારણ સભામા ભાજપ અને કોગ્રેસના ૧ સહીત કુલ ૩૩ સભ્યો ઉપસ્થિત રહયા હતા કોઈ પણ વિરોધ વગર સર્વાંનુમતે ૮ મીનીટમા સર્વાંનુમતે મંજુર કરવામાં આવ્યા હતા. નગરપાલિકા ઈતીહાસમાં સાધારણ સભા સૌથી ઓછા સમય પુર્ણ થયુ જેમા રોડ-રસ્તા પાણી સીવાય વહીવટી વાહન ગેરેજ લાઈટ બીલઓપરેસન સુન્દર સર્કલ ભુગર્ભ ગટર સહિતના ખર્ચની મુખ્યત્વે હતા. નગરપાલીકામાં લાબા સમયથી ભાજપની સતા છે બજેટ બેઠકમાં કોગ્રેંસ એક માત્ર ને ભાજપના સભ્યો દ્વારા સુચનો રજુ કરવા મા આવેલ ત્યારે નઅરપાલીકા ઉ પ્રમુખ હિરેનભાઈ કાનાબાર કારોબારી ચેરમેન પૂજાબેન જાદવ સાસકપક્ષના નેતા રમેશભાઈ પ્રજાપતિ ચીફ ઓફિસર મંન્ટીલભાઈ પટેલ સુધરાઈ સભ્ય ગાયત્રીબા રાણા પ્રવિણભાઈ રબારી પ્રહલાદસિહ પઢિયાર કરણસિંહ જાડેજા અશોકસિંહ જાડેજા પરીક્ષીતસિહ ઝાલા સુરેશભાઈ જાદવ અનીશાબેન ચૌહાણ દક્ષાબેન મકવાણા ટપુભાઈ મુન્નાભાઈ. સહીત સુધરાઈ સભ્યો અને કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા. સુરેન્દ્રનગર જિલ્લા એક માત્ર ધ્રાંગધ્રા નગરપાલિકા મા ભાજપ ના સુધરાઈ સભ્યો પુર્વ મત્રી આઈ કે જાડેજા અને ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા ના માર્ગદર્શન નીચે કોઈ પણ વાદવિવાદ વગર એક જુથ્થ થઈને કામગીરી કરી રહ્યા છે ત્યારે નગરપાલિકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલા એ જણાવ્યું કે શહેર ના મુખ્ય રસ્તાઓને નવા બનાવવા મા આવશે અને ગુરૂકુળ સર્કલનો દેશ ભાવના પ્રગટે તે માટે ઓપરેશન સુન્દર નામ આપી ડેવલોપમેન્ટ કરવામાં આવશે.

# ઉત્તરબુનિયાદી વિદ્યાલય ધજાળા ખાતે બોર્ડનું પ્રથમ પેપર શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ



**અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા**

સાયલા-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની વાર્ષિક પરીક્ષાઓનો આજથી રાજ્યભરમાં પ્રારંભ થયો છે. આ અવસરે સુરેન્દ્રનગર જિલ્લામાં શાંતિપૂર્ણ અને ઉત્સાહવર્ધક વાતાવરણમાં પરીક્ષાઓ યોજાય તે હેતુથી ધજાળા ઉત્તર બુનિયાદી વિધાલય ખાતે શાળા સંચાલક સંજયભાઈ મકવાણા દ્વારા વિદ્યાર્થીઓને રૂબરૂ મળી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ઉત્તર બુનિયાદી વિધાલય ખાતે સવારે શાળા સંચાલક સંજયભાઈ મકવાણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓએ પરીક્ષા કેન્દ્ર પર ૧૧ બ્લોકના ૩૦૫ વિદ્યાર્થીનીઓનું મોં મીઠું કરાવી અને ફૂલ આપી સ્વાગત કર્યું હતું. સંજયભાઈ મકવાણા એ વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ સાથે, કોઈપણ પ્રકારના ડર રાખ્યા વગર પરીક્ષા આપવા પ્રોત્સાહિત કર્યા હતા. વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

# જૂનાગઢ સરકારી આયુર્વેદ કોલેજ ખાતે રંગોળી સ્પર્ધામાં અદભૂત કૃતિ રજૂ કરી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



જૂનાગઢ સરકારી આયુર્વેદ કોલેજ હોસ્પિટલ અને જૂનાગઢ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા આયોજિત ત્રિ-દિવસીય 'આયુષ મેળા-૨૦૨૬' અંતર્ગત રંગોળી સ્પર્ધાનું આયોજન થયું હતું. કોલેજ પરિસરમાં યોજાયેલી આ સ્પર્ધામાં આયુર્વેદનો તબીબી અભ્યાસ કરતા ૧૭ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આકર્ષક અને સર્જનાત્મક રંગોળીઓ રજૂ કરી હતી. સ્પર્ધા દરમિયાન વિદ્યાર્થીઓએ જુદા જુદા રંગો અને પરંપરાગત ડિઝાઈનનો ઉપયોગ કરીને આયુર્વેદનો સંદેશ અસરકારક રીતે રજૂ કર્યો હતો. કેટલીક રંગોળીઓમાં આરોગ્ય જાગૃતિ અને દૈનિક જીવનમાં આયુર્વેદના મહત્વને પ્રતીકાત્મક રીતે દર્શાવવામાં આવ્યું હતું.

# જૂનાગઢઃ આયુર્વેદ થકી ઉત્તમ સ્વાસ્થ્યના મંત્ર સાથે યોજાયેલા આયુષ મેળોને મળ્યો ભારે પ્રતિસાદ



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

આયુષની કચેરી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ કોલેજ હોસ્પિટલ અને જૂનાગઢ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા આયોજિત ત્રિ-દિવસીય 'આયુષ મેળાના બીજા દિવસે મોટી સંખ્યામાં નાગરિકો, યુવાનો અને વિદ્યાર્થીઓએ મુલાકાત લઈ આયુર્વેદિક જીવનશૈલી પ્રત્યે ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો.આ પ્રસંગે સરકારી આયુર્વેદ કોલેજના પ્રિન્સિપાલ વૈદ્ય સિદ્ધેશ પંડ્યાના જણાવ્યા અનુસાર, લોકોમાં એવી સામાન્ય માન્યતા છે કે, આયુર્વેદ એટલે માત્ર ઉકાળા કે ફાકી જ હોય છે, પરંતુ આયુષ મેળો આ ભ્રમણા દૂર કરી આયુર્વેદના સાયન્ટિફિક એપ્રોચને જનસામાન્ય સુધી પહોંચાડશે.

આ આયુષ મેળામાં એલોપેથીની જેમ જ આયુર્વેદના અલગ-અલગ વિભાગો જેવા કે, પીડિયાટ્રિક્સ, ગાયનેક, મેડિસિન અને સર્જરીના સ્વતંત્ર સ્ટોલ રાખવામાં આવ્યા છે. મુલાકાતીઓને અહીં પ્રત્યક્ષ જાણકારી મળી રહી છે કે, આયુર્વેદમાં માત્ર દવાઓ જ નહીં, પણ સર્જરી, ચશ્મા ઉતારવાની ટ્રીટમેન્ટ અને હરસ-મસા કે ભગંદર જેવી વ્યાધિઓની સચોટ સારવાર ઉપલબ્ધ છે.


શ્રી પાટણવાવ ગ્રામ પંચાયત

તાલુકો.-ધોરાજી જીલ્લો.-રાજકોટ ફોન :-૯૯૨૪૮ ૮૭૬૪૫

પાટણવાવ ઓસમ કેન્ટીન જાહેર હરાજી ૨૦૨૬

આથી જાહેર કરવામા આવે છે પાટણવાવ ગામે ઓસમ ડુંગર તળેટીમાં ઓસમ કેન્ટીન ની ચાર દુકાન ની જાહેર હરાજી તા-૦૭/૦૩/૨૦૨૬ ને શનિવાર ના રોજ સવારે ૧૧ વાગ્યે પાટણવાવ ગ્રામ પંચાયત કચેરી ખાતે રાખવામા આવેલ છે જે કોઈ ઈસમો ઓસમ કેન્ટીન ની ચાર દુકાન જે હરાજી માં રાખવા માગતા હોય તે તા-૦૭/૦૩/૨૦૨૬ ને શનિવાર ના રોજ સવારે ૧૧વાગ્યા પહેલા ડીપોઝીટ પેટે રૂ.૫૦૦૦૦ (પચાસ હજાર પુરા ) પાટણવાવ ગ્રામ પંચાયત કચેરી એ જમા કરવાના રહેસે હરાજી ની સરતો સ્થળ ઉપર વાંચી સભાળવામા આવસે અને હરાની તારીખ અને સમયમા ફેરફાર કે હરાજી મંજુર કે ના મંજુર કરવાના તમામ અધિકાર,ગ્રામ પંચાયત પાટણવાવ વતી સરપંચ શ્રી ના રહેશે

નોધ-જો કોઈ કારણોસર તા- ૦૭/૦૩/૨૦૨૬ ના રોજ બંધ રહેશે તો તા-૦૭/૦૩/૨૦૨૬ ના રોજ બપોર પછી ૩-૦૦ કલાકે રાખવામા આવશે

પ્રવિણ.સી.યાદવ — કાનજીભાઈ બી સાવલિયા

તલાટી કમ મંત્રી — સરપંચ શ્રી

પાટણવાવ ગ્રામ પંચાયત — પાટણવાવ ગ્રામ પંચાયત

માહિતી -રાજ-૧૮૭૫-૨૫-૨૬

તંત્રી લેખ

# ગુજરાતની હસ્તકલા એટલે વૈશ્વિક બ્રાન્ડ

ગુજરાતમાં આજે 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' અભિયાન અંતર્ગતના વાવટા લહેરાય રહ્યા છે.ગુજરાતની મહિલાઓએ પોતાના પુરુષાર્થ અને કૌશલ્ય થકી હસ્તકલા, ખાસ કરીને ભરતકામ જેવા ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મેળવી છે. આજે ગુજરાતની આ પરંપરાગત કળા સમગ્ર વિશ્વ માટે એક પ્રતિષ્ઠિત 'બ્રાન્ડ' બની ગઈ છે. રાજ્યની બહેનોની કળા એક નવી આશાનું કિરણ બન્યું છે.આ કળાનો રાજ્યના ખૂણે-ખૂણે પ્રચાર થાય તો હજી વિકાસને વેગ મળી શકે તેમ છે.આ કળા કૃતિ મહિલા શકિતના પરિશ્રમ અને સ્વાભિમાનનું પ્રતીક છે. દરેક વસ્તુના નિર્માણમાં બહેનોની મહેનત અને આત્મનિર્ભર ભારતના સપનાની ઝાંખી જોવા મળે છે. સમાજનો નાનો સહયોગ પણ મહિલાઓને નવી ઊર્જા પૂરી પાડશે.

આજે મહિલા સશક્તિકરણ ગુજરાતનો મૂળ મંત્ર બની ગયો છે.ગ્રામીણ વિસ્તારોમાં પણ મહિલાઓ વિકાસમાં સામેલ થાય તેઓનું જીવન ધોરણ સુધારે તે માટે સત્તત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.નર સમોવડી નારી પણ આજે પોતાને મળતી એક સામાન્ય તકને પણ મોટી બનાવી પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી આત્મ નિર્ભર બની રહી છે.તે કળા દાયકાઓ પહેલાં ઘરની ચાર દીવાલો પૂરતી સીમિત હતી તે કલાએ આજે દેશના સીમાડા ઓળંગી વિદેશમાં પહોંચી ગઈ છે.

# અમરેલી માર્કેટયાર્ડમાં ધાણીની રેકોર્ડબ્રેક આવક: ૩૫ હજાર મણથી પરિસર ઉભરાયું

## ચણા ૫ હજાર અને ઘઉં ૭ મણની દૈનીક આવક





**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી માર્કેટિંગ યાર્ડમાં હાલ રવિ સીઝનના પાકોની મબલખ આવક થઈ રહી છે. ખાસ કરીને હોળીના તહેવાર પૂર્વે ધાણીની આવકમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે.

અમરેલી માર્કેટિંગ યાર્ડ અત્યારે ધાણીના ઢગલાઓથી ઉભરાઈ રહ્યું છે, જેના કારણે વેપારીઓ અને ખેડૂતોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ધાણી ભરેલા વાહનોની રોડ ઉપર લાંબી કતારો લાગી છે. સેક્રેટરી તુષારભાઈ હાપાણીના જણાવ્યા અનુસાર, હાલ યાર્ડમાં દૈનિક ૩૫,૦૦૦ મણ ધાણીની આવક નોંધાઈ રહી છે. આટલી મોટી આવક છતાં ખેડૂતોને ખૂબ જ સારા ભાવ મળી રહ્યા છે. ખેડૂતોને ઊંચો ભાવ ૨,૭૬૫ તો સરેરાશ ભાવ ૨,૦૦૦ પ્રતિ મણ મળી રહ્યા છે. જેનાથી ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. તો ચણા અને ઘઉંની આવક પણ વેગમાં માત્ર ધાણી જ નહીં, પણ ચણા અને ઘઉંની આવક પણ યાર્ડમાં જોરશોરથી શરૂ થઈ ગઈ છે. ચણા દરરોજ ૫,૦૦૦ મણની આવક સાથે ૧,૦૬૫ પ્રતિ મણ સુધી હરરાજીમાં જઈ રહ્યા હોવાનું જણાવી રહ્યા છે. જ્યારે ઘઉંની દૈનિક ૬,૦૦૦ થી ૭,૦૦૦ મણની આવક થઈ રહી છે, જેના ભાવ ૬૫૦ આસપાસ નોંધાયા છે. અમરેલી યાર્ડ હાલ ખેતી પાકોથી છલોછલ છે.

# લખતર: પાણીની પાઈપલાઈનમાં લીકેજની સમસ્યાથી રહીશો ત્રાહીમામ




**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતર ગામમાં સરકાર દ્વારા રૂ.૦૨ કરોડના ખર્ચે અંદાજે ૪૦ કિલોમીટર લંબાઈમાં પાણીની નવી પાઈપલાઈન નાખવામાં આવી છે. પરંતુ આ નવી પાઈપલાઈન પ્લાન કરતા ઓછી ઉંડાઈએ નાખવામાં આવી હોવાથી અનેક જગ્યાએ લીકેજની સમસ્યાથી લોકો ત્રસ્ત બની ગયા છે. જે અંગે અનેક રજુઆત બાદ પણ કોઈ જ ઉકેલ નહી આવતા ગ્રામજનો દ્વારા આગામી તા.૦૫ માર્ચના રોજ ઢોલ નગારા સાથે રેલી સ્થાનિક તંત્રને જગાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

અંદાજે ૧૨૦૦૦ થી બધું વસ્તીને પારાવાર મુશ્કેલી પડી રહી છે. આથી કંટાળી સ્થાનિક રહીશો દ્વારા આગામી તા.૦૫.૦૩.૨૬ ને ગુરૂવાર ના રોજ લખતર તાલુકાના નિદ્રાધીન તંત્ર અને અધિકારીઓને જગાડવા માટે લખતરના ઉગમણા દરવાજાથી તાલુકા પંચાયત સુધી ઢોલ સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યુ છે.

# જામજોધપુર: નયારા એનર્જી સંસ્થા દ્વારા ન્યુટ્રીશન પોષણ કીટનું વિતરણ

**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામજોધપુર તાલુકા ખાતે ટી.બી. મુકત કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આપ સૌ જાણો છો કે શરીરની રોગ પ્રતિકારક શકિતમાં ઘટાડો થવાને કારણે ટી.બી. રોગ થવાની સંભાવના વધી જાય છે. જો સમયસર ટી.બી.ની દવા અને પુરતા પ્રમાણમાં પ્રોટિન અને વિટામીન મળે તો ટી.બી. રોગ નાબુદ વહેલી તકે થઈ શકે તેમ છે તેથી આપણા જીલ્લામાં નામાંકિત નયારા એનર્જી દ્વારા જરુરીયાત મંદ ટીબીના દર્દીઓને સહ પ્રમાણપત્ર પોષણ મળી રહે તેવા શુભ હેતુથી નિષ્ણાંતો દ્વારા તૈયાર કરવામાં આવેલ પોષણયુકત રાશન કીટનું જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકા જીલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ મુખ્ય જીલ્લાઆરોગ્ય અધિકારી અને જીલ્લા ક્ષય અધિકારી ડો. પંકજ કુમાર જીલ્લા ક્ષય મેડીકલ ઓફીસર ડો. પીઠડીયા ના માર્ગદર્શન હેઠળ ટી.બી.ની સારવાર હેઠળના દર્દીઓને નયારા એનર્જી દ્વારા પોષણ કીટ વિતરણ કરવામાં આવી હતી.

# બગસરામાં પોલીસ જાગૃતિ સેમિનારમાં સાયબર ફ્રોડ અંગે અપાયું માર્ગદર્શન

## માર્ગદર્શન સેમિનારમાં નિષ્ણાંત તજજ્ઞો સાથે આગેવાનોએ કર્યો સંવાદ

**અબતક, સમીર વિરાણી, બગસરા**

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા બગસરા ખાતે સાયબર ફ્રોડ અંગેની જાગૃતિના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકોને આજના સમયમાં સાયબર ફ્રોડ બચવા માટેની માહિતી આપવામાં આવી હતી.

બગસરામાં છેલ્લા ઘણા સમયથી સાઈબરફ ફ્રોડ કિસ્સાઓમાં થઈ રહેલા વધારાને પગલે અમરેલી જિલ્લા પોલીસ વડા. સંજય ખરાતની હાજરીમાં કાર્યક્રમ ની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમ મેઘાણી હાઈસ્કૂલમાં કરવામાં આવ્યો હતો બગસરા પોલીસ સ્ટેશન ના સહયોગથી ચેમ્બર ઓફ



કોમર્સ, વેપારી મહામંડળ, કિરાણા એસોસિએશન તેમજ અન્ય સહકારી તથા સામાજિક સંસ્થાઓના સહયોગથી સાઈબરફ ફ્રોડ થી બચવા માટેના માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ડી.વાય.એસ.પી. ગોરડિયા , સાઈબર પી. આઈ. કડછા , બગસરા પી.આઈ આઈ. જે. ગીડા , તથા પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ સેમિનારમાં યુવાનો તથા મોટી ઉંમરના લોકોને સાઈબર ગઠિયાઓથી બચવા માટેના ઉપાયો તેમજ સાયબર ફ્રોડ થાય તો તુરંત શું કરવાનું છે તેની માહિતી પીઆઇ કડછા સાહેબ દ્વારા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અનિલભાઈ વેકરીયા, મનોજભાઈ મહિડા, નીતેશભાઈ ડોડીયા, વિનોદભાઈ જેઠવા,સામાજિક સંસ્થાઓના હોદ્દેદારો દિનેશભાઈ હડિયલ, મહેશભાઈ વ્યાસ, ભાવેશભાઈ મસાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## યુવા આગેવાનની રજુઆતનો પડઘો પડ્યો

# ગોંડલ બાયપાસ જતી તમામ બસોને હાઈવે પર સ્ટોપ આપવા એસટી નિગમનો આદેશ

## આશાપુરા ચોકડી અને ઉમવાડા ચોકડી ને બસ સ્ટોપ મળ્યું

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ યુવા ભાજપ ઉપપ્રમુખ કુલદીપસિંહ જનકસિંહ જાડેજા (કાલમેઘડા) દ્વારા થોડા દિવસો પહેલા બાયપાસ જતી એસટી બસો ને ફિક્સ સ્ટોપ આપવા માટે એસટી તંત્રને રજૂઆત કરવામાં આવી હતી જે સફળ રજૂઆત થતા રાજકોટ એસટી ના વિભાગીય નિયામકે ગુજરાતના તમામ વિભાગીય નિયામકોને પત્ર દ્વારા જાણ કરવામાં આવી હતી કે ગોંડલ થી બાયપાસ જતી તમામ બસોને હવેથી આશાપુરા ચોકડી અને ઉમવાડા ચોકડી અવશ્ય ઉભી રાખવી તેમજ ઓનલાઈન બુકિંગમાં પણ સ્ટોપ એડ કરવો જેથી મુસાફરો ઓનલાઈન બુકિંગમાં પણ આશાપુરા ચોકડી, ઉમવાડા ચોકડી થી મુસાફરી કરી શકે. આ અંગે કુલદીપસિંહ જાડેજા એ જણાવ્યું હતું કે હાઈવે પર ફિક્સ સ્ટોપ થતા અનેક મુસાફરોને સીધો ફાયદો થશે તેમજ રજૂઆત ધ્યાને લેવા બદલ રાજકોટ એસટી વિભાગીય નિયામક નો આભાર વ્યક્ત કર્યો હતો.

# ધ્રાંગધ્રા: પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજનાના લાભાર્થી પરિવારને બે લાખનો ચેક અપાયો

## બેંક ઓફ બરોડા ગ્રાહક સેવા કેન્દ્રનું માર્ગદર્શન લાભાર્થી પરિવાર માટે બન્યું સહાયરૂપ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરના મધ્યમ બજાર વિસ્તારમાં આવેલ ગણેશ ઓનલાઈન અને ઝેરોક્ષ બેંક ઓફ બરોડા ગ્રાહક સેવા કેન્દ્ર ખાતે પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અંતર્ગત લાભાર્થી પરિવારમાં રૂ. ૨ લાખની આર્થિક સહાય અર્પણ કરવામાં આવી હતી આ કેન્દ્ર પર બેંક મિત્ર અજયભાઈ રમેશભાઈ કણઝરીયા દ્વારા નાગરિકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે સતત માર્ગદર્શન અને સેવા આપવામાં આવી રહી છે. કોળી પ્રભાબેન અમથુભાઈને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ યોજના હેઠળ વાર્ષિક માત્ર રૂ. ૪૩૬ ના પ્રીમિયમ સામે



રૂ.૨ લાખનું જીવન વીમા કવર મળતું હોવાથી પરિવારને આર્થિક સુરક્ષા મળે છે દુર્ભાગ્યવશ કોળી પ્રભાબેન અમથુભાઈના અવસાન બાદ, યોજનામાં નોંધાયેલા લાભાર્થી તરીકે તેમના દીકરા કોળી સંજયભાઈ અમથુભાઈને રૂ. ૨,૦૦,૦૦૦ રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવ્યો.

આ સહાયથી મુશ્કેલ સમયમાં પરિવારને મહત્વપૂર્ણ આર્થિક આધાર મળ્યો છે. સરકારની જીવન વીમા જેવી યોજનાઓનો લાભ લઈ સામાન્ય નાગરિકો પોતાના પરિવારને સુરક્ષિત બનાવી શકે છે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.

# ખંભાળીયા: પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળાએ બોર્ડના વિધાર્થીઓને શુભેચ્છા પાઠવી



**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક બોર્ડની આજરોજથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારોની પરીક્ષાઓનો પ્રારંભ થયો છે, ત્યારે ખંભાળિયાની એસ.એન.ડી.ટી હાઈસ્કૂલ ખાતે પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળા, જિલ્લા શિક્ષણાધિકારી હર્ષવર્ધન જાડેજા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટ સહિતનાં અધિકારીઓએ સફળ પરીક્ષા અને ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભકામનાઓ પાઠવી હતી.

# સુત્રાપાડા: ડો.ભરતભાઇ બારડ શૈક્ષણિક સંકુલમાં બોર્ડના પરિક્ષાર્થીઓ ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામના પાઠવાય

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડા ડો.ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકુલમાં બોર્ડના પરીક્ષાર્થીઓનું કુમકુમ તિલકથી ભવ્ય સ્વાગત

ગુજરાત રાજ્ય ના પૂર્વ કેબિનેટ મંત્રી અને ડો.ભરભાઈ બારડ શૈક્ષણિક સંકુલના આદ્ય સ્થાપક જશાભાઈ બારડ અને ડો.ભરભાઈ બારડ શૈક્ષણિક સંકુલ ના પ્રમુખ દિલીપભાઈ બારડ તેમજ શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની અપાઈ શુભકામનાઓ પાઠવી હતી.

આ અવસરે સુત્રાપાડા સ્થિત ડો.ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકુલ ખાતે પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોનું ઉત્સાહભેર અને ભારતીય સંસ્કૃતિ મુજબ સ્વાગત કરવામાં આવ્યું હતું.



શૈક્ષણિક કારકિર્દીના આ મહત્વના પડાવ પર આવેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સંકુલમાં ભકિતમય અને ઉત્સાહવર્ધક વાતાવરણ ઊભું કરાયું હતું.

આ પ્રસંગે સંસ્થાના આદ્યસ્થાપક અને ગુજરાત રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ તેમજ સંસ્થાના પ્રમુખ દિલીપભાઈ બારડ દ્વારા તમામ વિદ્યાર્થીઓને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.


# સુરેન્દ્રનગર જીલ્લામાં પ્રથમ દિવસે ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષામાં ૩૨૫ વિદ્યાર્થીઓ ગેરહાજર

## ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૬૪, વિજ્ઞાન પ્રવાહમાં ૫ વિદ્યાર્થીઓ ગેરહાજર

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સમગ્ર રાજ્ય સાથે સુરેન્દ્રનગર જીલ્લામાં પણ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષામાં કુલ ૩૨૫ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જ્યારે ૧૬૭૧૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમજ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રથમ દિવસે ૬૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા અને ૭૯૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ ઉપરાંત ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૦૫ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા અને ૧૧૬૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે સમગ્ર જીલ્લામાં પ્રથમ દિવસે એક પણ પરીક્ષા કેન્દ્ર પર ગેરરીતિ કે કોપી કેસ નોંધાયો નહોતો અને વિદ્યાર્થીઓએ શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી.

# ગોંડલમાં બોર્ડના પરીક્ષાર્થીઓને સંતોએ આશિર્વાદ આપ્યા






**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ માં ધો.૧૦ તથા ધો.૧૨ ની પરીક્ષાઓ નો શાંતિ પુર્ણ પ્રારંભ થયો હતો.

ધો.૧૦ માટે ૩૩૯૦ તથા ધો.૧૨ માટે ૩૪૧૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે.પરીક્ષા કેન્દ્રો પર પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે.

પરીક્ષા નાં પ્રથમ દિવસે સતદર્શન આશ્રમના સ્વામી શુભાત્માનંદ સરસ્વતીજીએ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા. ગંગોત્રી ગ્રુપ ઓફ સ્કૂલના ફાઉન્ડર અને ચેરમેન સંદીપભાઈ છોટાળા, પ્રિન્સિપાલ કિરણબેન છોટાળા અને શિક્ષકોએ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી અને મોં મીઠું કરાવી ઉત્સાહપૂર્વક પરીક્ષા ખંડમાં પ્રવેશ અપાવ્યો હતો.

વિશેષમાં, પરીક્ષામાં પારદર્શિતા જળવાય તે હેતુથી સ્કૂલ દ્વારા 'પશ્ચાતાપ પેટી' મૂકવામાં આવી હતી, જેથી કોઈ વિદ્યાર્થી ભૂલથી પોતાની સાથે પ્રતિબંધિત સાહિત્ય લાવ્યા હોય તો તે કોઈ પણ ડર વગર ત્યાં જમા કરાવી શકે.

શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયા,જેકીભાઈ પરમાર સહિત આગેવાનોએ પરીક્ષા કેન્દ્રો પર જઈ વિદ્યાર્થીઓ નું કુમકુમ તિલક સાથે સ્વાગત કરી પ્રોત્સાહિત કર્યા હતાં.

મોવિયા માં ધો.૧૦ માં ૩૬૦ તથા દેરડી કેન્દ્ર માં ૪૮૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે.

# ભાયાવદર: ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની પરીક્ષા શુભેચ્છા આપતા ભાજપના આગેવાનો



**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ગઈકાલથી ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાનો પ્રારંભ ના દિવસે સ્થાનીક આગેવાનો સ્કુલે જઈ વિદ્યાર્થીઓ મોં મીઠા કરાવી પરીક્ષાની શુભેચ્છા પાઠવી હતી.

ભાયાવદર શહેરમાં ગઈકાલથી ધો. ૧૦ થી ૧૨ ની પરીક્ષાઓના ભવિષ્ય માટે મહત્વની ગણાય છે આ બન્ને પરિક્ષાના પરિણામ પર વિદ્યાર્થીનું ભવિષ્યમાં દિશા નકકી થાય છે. ત્યારે વિદ્યાર્થીઓ ભય વગર અને ઉત્સાહ સાથે પરીક્ષા આપી શકે તે માટે શહેરના પ્રથમ નાગરીક રેખાબેન સિણોજીયા શિક્ષણ સમીતીના ચેરમેન જગદીશભાઈ ભોજાણી, સુરેશભાઈ સાપરીયા, દિપકભાઈ મેરાણી, હાર્દિકભાઈ રાવલ સહીતના આગેવાનોએ વિદ્યાર્થીઓને કુમ કુમ તિલક કરી પેડા ખવરાવી મો મીઠા કરી તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને શુભેચ્છા પાઠવી હતી.

# બગસરામાં શાંતિપૂર્ણ માહોલમાં બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

## તાલુકાના સૌથી મોટા કેન્દ્ર મેઘાણી હાઈસ્કુલના વિદ્યાર્થીઓને ફુલડે વધાવ્યા

**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરામાં ગઈ કાલે ધો. ૧૦-૧૨ બોર્ડની પરીક્ષાનો ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો હતો. તાલુકાના સૌથી મોટા પરીક્ષા કેન્દ્ર મેઘાણી હાઈસ્કુલમાં આગેવાનોએ વિદ્યાર્થીઓ ને ફુલડે વધાવી મો મીઠા કરાવી સ્વાગત કર્યુ હતું.

મેઘાણી હાઈસ્કુલના પ્રિન્સીપાલ વી.કે. જેઠવા તથા મનોજભાઈ મહિડા ગાંગાણીભાઈ શિક્ષકો દ્વારા પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીઓને બેસવાની સુંદર



વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. તેમજ ગભરાયા વગર તેમજ ભય વગર વિના સંકોચે વિદ્યાર્થીઓને આ પેપર લખવું માહિતગાર કર્યા હતા.

# જોડીયાના તારાણા ગામેથી ૬ લાખનો દારૂ સાથે સુનીલ સંધી ઝડપાયો

## ૨૪૫ બોટલ શરાબ, કાર અને મોબાઈલ મળી રૂ.૭ લાખનો મુદામાલ કબ્જે એકની શોધખોળ



**અબતક**
**સંજય ડાંગર, ધ્રોલ**

જોડીયા તાલુકાના તારાણા ગામ પાસે હાઈવે રોડ ઉપર કાર માથી ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલો તથા મોબાઈલ ફોન તથા કાર મળી કુલ કિ.રૂ.૭,૦૨,૬૦૦/-ના મુદામાલ સાથે એક ઈસમને એલ.સી.બી.એ ધરપકડ કરી છે.

એલસીબી સ્ટાફના પીઆઈ બી.એમ. લંગારીયા સહિતના સ્ટાફે શહેર/ગ્રામ્ય વિસ્તારમાં પ્રોહી જુગારના કેશો શોધી કાઢવા અંગે પેટ્રોલીંગમા હતા.

મયુરસિંહ પરમાર તથા હીતેન્દ્રસિંહ જાડેજા તથા રૂષીરાજસિંહ વાળાને મળેલ ખાનગી હકિકત આધારે તારાણાગામથી માળીયા બાજુ રોડ ઉપર આવેલ એચ.પી.ના પેટ્રોલપંપ પાસે સુમીત સુનીલભાઈ મંદિયાણી જાતે સિંધી ઉ.વ.૨૧ ધંધો મજુરી રહે.મુળ સાધના કોલોની એલ.૧૦૨ રૂમ નં-૪૩૭૪ જામનગર હાલ રહે. ગાયકવાડી-૯ ભાવના ફુટવેરની ઉપર રેલ્વે સ્ટેશન પાસે રાજકોટ વાળાની સફેદ કલરની બ્રેજા કાર નંબર જી.જે.૧૦ ડી.આર. ૫૮૪૨ માથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની મોટી બોટલો ની હેરાફેરી કરી વેચાણ અર્થે રાખી રેઈડ દરમ્યાન કુલ બોટલ નંગ-૨૪૫ કિ.રૂ.૯૭,૬૦૦/- તથા મોબાઈલ ફોન એક કિ.રૂ. ૫,૦૦૦/- તથા કાર કિ.રૂ.૬,૦૦,૦૦૦/- મળી કુલ રૂ. ૭,૦૨,૬૦૦/-ના મુદામાલ સાથે મળી આવતા પકડી પાડી મજકુર ઈસમ વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી કરેલ છે, અને નાશી જનાર હીરેન ઉર્ફ ભાવેશભાઈ રામજીભાઈ ચૌહાણ રહે. દરેડગામ તા.જી.જામનગર વાળા બન્ને ગોવા રેલ્વે સ્ટેશન પાસે આવેલ વાઈન સોપ માથી લઈ આવેલ નુ જણાવેલ છે જેથી તેને પકડવાની કાર્યવાહી ચાલુ છે

# લીંબડી નજીક ટ્રક પાછળ કાર ઘુસી જતા જામનગરના યુવકનું મોત

**અબતક**
**અશ્વિનસિંહ રાણા, લીંબડી**



લીંબડી નેશનલ હાઈવે પર ભલગામડા સર્કલ પાસે ઓવરબ્રીજ પર થી પુરપાટ ઝડપે આવી રહેલી કીયા કાર આગળ જતી આઈસર ટ્રકે એકાએક બ્રેક મારતા પાછળ આવી રહેલી કાર ધડાકાભેર આઈસર ટ્રક પાછળ ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાર ચાલક આઈસર નીચે દબાઈ જતા ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું જ્યારે અન્ય એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થતા યુવાનને સારવાર માટે લીંબડી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

લીંબડી હાઈવે પર શિયાણી સર્કલ પાસે ઓવરબ્રીજ ઉતરતી કાર ધડાકાભેર આઈસર ટ્રક પાછળ ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાર ચાલક જામનગર ના સ્ક્રેપના યુવાન વેપારી આશિષભાઈ રઘુભાઈ નંદા નું ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ઘટના ની જાણ થતા લીંબડી ૧૦૮ પાયલોટ એચ એસ રાણા તથા ઈએમટી પ્રતિક રામી ઘટના સ્થળે દોડી ગયા હતા અકસ્માત એટલો જોરદાર હતો કે કાર ના પતરા તોડી કાર મા પાછળ ની સીટ પર ફસાયેલા ભાવેશભાઈ ભરતભાઈ સરવૈયા રહે જામનગર મયુર નગર વાળાને બહાર કાઢી સારવાર માટે ખસેડાયો હતો. લીંબડી પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલ: ચોરાઉ આઠ મોબાઈલ સાથે બે શખ્સો ઝડપાયા

**અબતક**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ એ'ડીવીઝન પોલીસે આઠ જેટલી ચોરી કરેલા રૂ.૪૩ હજાર ની કિંમત નાં એન્ડ્રોઈડ મોબાઈલ સાથે નદીનાં ખાડા માં રહેતા બે શખ્સોને જડપી લઈ કાર્યવાહી કરી હતી. પોલીસ પુછપરછમાં હજુ વધુ મોબાઈલ ચોરીનાં ભેદ ઉકેલાય તેવી શકયતાઓ છે. એ'ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એલ.આર. ગોહિલ માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના યુવરાજસિંહ ગોહિલ, મહાવીરભાઈ બોરીયા, ભાવેશભાઈ સાસીયા, હરેશભાઈ લુણી, કાનજીભાઈ ગજીયાએ છેલ્લા બે દિવસમા પેટ્રોલીંગ દરમ્યાન બાતમી નાં આધારે ગોંડલ બાલાશ્રમ પાસેથી આધાર બીલ પુરાવા વગરના ચોરી કરી મેળવેલ અલગ અલગ કંપનીના કુલ ૩ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન જેની કુલ કિ.રૂ.૨૦,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી તેમજ જે.કા. ચોક પાસેથી ચોરી કરી મેળવેલ અલગ અલગ કંપનીના કુલ ૫ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન જેની કુલ કિ.રૂ.૨૩,૦૦૦/- નો મુદામાલ કબ્જે કરી બાલાશ્રમ પાસે નદીના ખાડામાં રહેતાં સુનીલ લાભભાઈ સોલંકી તથા સરકારી હોસ્પિટલ સામે ખાડા માં રહેતાં પરેશ રાજુભાઈ ગૌસ્વામી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ હતી.

# ઉપલેટામાં સગીરા પર દુષ્કર્મ ગુજારવાના ગુનામાં નરાધમને ૨૦ વર્ષની કેદ

## ૧૩ વર્ષની કિશોરીને શાળાએ મૂકી જવાનું કહી બાઈકમાં બેસાડી અપહરણ કરી ગોંધી રાખી હવસનો શિકાર બનાવી

**અબતક, રાજકોટ**

ઉપલેટા પોલીસ મથક વિસ્તારની ૧૩ વર્ષની કિશોરીને શાળાએ મૂકી જવાનું કહી બાઈકમાં બેસાડી અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે પીડીતાના સંબંધી કનેસ પાર્સિંગ ને ૨૦ વર્ષની કેદ અને દંડ ફટકારતો હુકમ કર્યો છે તેમજ સરકાર ની સ્કીમ હેઠળ પીડિતાને વળતર ચૂકવવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ ઉપલેટા શહેરમાં રહેતા શ્રમિક પરિવારની ૧૩ વર્ષની કિશોરી તારીખ ૧૨ /૭ /૨૪ ના રોજ શાળાએ જવા નીકળ્યા બાદ ગુમ થતા અપહરણ થયા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસ તપાસમાં તારીખ ૨૭/ ૭ /૨૫ ના રોજ કિશોરી સાથે કનેસ કટારા .સાથે મળી આવતા કિશોરીની પૂછપરછમાં કિશોરી સ્કૂલે જતી હતી ત્યારે રસ્તામાં કનેસ કટારા નામનો શખ્સ બાઈક લઈને ધસી આવી હાલ તને સ્કૂલે મૂકી જાવ તેમ કહી બાઈકમાં બેસાડી ભગાડી ગયો હતો. અને જાનથી મારી નાખવાની ધમકી આપી શરીર સંબંધ બાંધવાનું જણાવતા પોલીસે દુષ્કર્મની કલમનો ઉમેરો કરી તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર સીટ રજૂ કરવામાં આવ્યું હતું. બાદ ધોરાજી ની સેશન્સ કોર્ટમાં કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર પક્ષે



સરકારી વકીલ

એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર કાર્તિકેય પારેખ તરફથી દલીલ કરવામાં આવી હતી. સમાજ વિરોધી ગુનો છે. પીડિતા સગીર હોવાથી આરોપીએ તેનું અપહરણ કરી બાળકી સાથે શરીર સંબંધ બાંધ્યો છે અદાલત સમક્ષ ભોગ બનનાર જે હકીકત જણાવે તે માની લેવું પડે તેવી આદેશાત્મક જોગવાઈ છે. આવા સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવવો જોઈએ. બંને પક્ષની દલીલો અને રજૂ થયેલા પુરાવાઓને ધ્યાને લઈ એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અલી હુસેન મોહીબુલ્લા શેખએ આરોપી કનેસ પાર્સિંગભાઈ કટારા ને તકસીરવાન ઠરાવી ૨૦ વર્ષની કેદ ની સજા અને દંડ ફટકારેલ છે. ગુજરાત સરકારની વિકટીમ કંપનસેશન સ્કીમ હેઠળ ભોગ બનનાર બાળાને, તેમના જીવનના પુનઃસ્થાપન માટે વળતર ચૂકવવા આદેશ ફરમાવેલો છે.

# વિસાવદર કોર્ટે પકડ વોરન્ટ ઈસ્યુ કરતા રકમ વીજ કંપનીમાં જમા કરાવી

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**



વિસાવદર સિવિલ કોર્ટમાં ચાલતી પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની દરખારત ગુજરનાર બાધાભાઈ વિરાભાઈ વાળાના વારસો (૧) જનુબેન વાળા વાઈફ ઓફ સુરેશભાઈ કનુભાઈ વાંક (રે.ખારચિયા), હિરકુબેન બાધાભાઈ વાળા તે મગળુભાઈ જીજુભાઈ જેબલિયાના પત્ની (રહે.વડાળા શૈત્રુંજ) ફઈબાબેન બાધાભાઈ વાળા તે બાપલુભાઈ બીચ્છુભાઈ જેબલિયાના પત્ની (રહે. વડાળા શૈત્રુંજ) જયરાજભાઈ હરસુરભાઈ વાળા તથા ખોડુભાઈ હરસુરભાઈ વાળા (રહે.બન્ને ઈશ્વરીયા ગીર વાળા) સામે ચાલતી હોય તે દરખાસ્તમાં ગુજરનાર બાધાભાઈ વિરાભાઈ વાળાના વારસો દ્વારા પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની દરખારતમાં કોર્ટનો હુકમ હોવાછતાં રકમ જમા નહિ કરાવતા પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા રકમ વસુલ અપાવવા વિસાવદર કોર્ટમાં અરજી કરી રજુઆત કરતા અને ખેતીની જમીનના રેવન્યુ રેકર્ડની નકલો કોર્ટમાં રજૂ કરતા કોર્ટ પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના એડવોકેટ નયનભાઈ જોશીની દલીલો ધ્યાને લઈ વિસાવદર તાલુકામાં આવેલી ખેતીની જમીનની જપ્તી કરી રકમ વસુલ કરવા જિલ્લા કલેકટરને આદેશ કરતા ખળભળાટ મચી ગયેલ છે.

ત્યારબાદ પણ રકમ જમા નહિ કરાવતા કોર્ટ જયરાજભાઈ હરસુરભાઈ વાળા તથા ખોડુભાઈ હરસુરભાઈ વાળા (રહે.બન્ને ઈશ્વરીયા ગીર વાળા) સામે પકડ વોરન્ટ ઈસ્યુ કરતા ગણતરીના કલાકોમાં રૂ.૬૮,૩૫૦/-ની રકમ જમા થયેલી હતી. જે વ્યાજ સહિત ભરવી પડેલ હતી અને કોર્ટ દ્વારા કડક વલણ અપનાવતા વીજ બીલની રકમ નહિ ભરતા લોકોમાં ફફડાટ મચી ગયેલ છે.

# ધ્રાંગધ્રા : ૮૧૧ બોટલ વિદેશી દારૂના ગુનાના વોન્ટેડ બુટલેગર ઝડપાયો

**અબતક, સલીમ ઘાચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા તાલુકાના સોલડી ગામે ૭ ફેબ્રુઆરીના રોજ વાડી વિસ્તારમાં વિદેશી દારૂ વેચતો હોવાની બાતમીના આધારે તાલુકા પોલીસે વિદેશી દારૂની નાની બોટલ ૮૧૧ સહીત કુલ રૂપિયા ૫,૦૭,૩૦૦ મુદ્દામલ ઝડપી પાડી હાજર નહીં મળે આવેલા આરોપી પેથાભાઈ ખીમજીભાઈ વેલાભાઈ પરમાર સામે તાલુકા પોલીસમાં ગુનો નોંધાયો જેમાં છેલ્લા ૨૦ દિવસથી નાસ્તા ફરતા આરોપી પેથાભાઈ ખીમજીભાઈ વેલાભાઈ પરમાર ને



તાલુકા પોલીસ ઈન્ચાર્જ પીઆઈ એન એચ ચુડાસમા માર્ગદર્શન હેઠળ કોસ્ટેબલ મનોજભાઈ સહીત ટીમે આરોપી ને ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ધ્રાંગધ્રા: ભાજપ અગ્રણીના પુત્રને છરી દેખાડી રૂ.૫૦ હજારની લૂંટ

## ત્રિપુટીએ વેપારીને આંતરી બુલેટ ચલાવવાનું બંધ કરી દે તેમ કરી ખિસ્સામાંથી રોકડ કાઢી લીધા

**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા ભાજપના આગેવાન અને પૂર્વ સુધરાઈ સભ્ય નો પુત્ર પોતાની દુકાન બંધ કરી મોટરસાયકલ પર ઘરે જતો હતો ત્યારે ત્રણ શખ્સો રસ્તામા ઉભો રાખીને બોલાચાલી કરી છરી દેખાડી ૫૦ હજાર લુટીની ધમકી આપ્યાની ઘટનાથી ચકચાર મચી ગઈ છે.

ધ્રાંગધ્રામાં નગરપાલિકાના પૂર્વ સભ્ય ભાજપ આગેવાન અને વેપારી જીવાભાઈ સોલંકીના પુત્ર પ્રતિક સોલંકીને લૂંટી લેવાનો બનાવ સામે આવ્યો છે. ત્રણ શખ્સોએ તેમને છરી બતાવી ધમકી આપીને ખીસામાંથી પચાસ હજાર રૂપિયા પડાવી લીધા હતા ફરીયાદ મુજબ પ્રતિકભાઈ સોલકી શહેરની મુખ્ય બજારમાં આવેલી ઈલેક્ટ્રિકની દુકાન બંધ કરીને પોતાના બુલેટ પર ઘર તરફ જઈ રહ્યા હતા. હરીપર રોડ પર આવેલા રેલવે નાળા પાસેથી પસાર થતી વખતે નિલેશ કાંતિભાઈ રાઠોડ, અશ્વિન લાલાભાઈ સોલંકી અને વિજય સુરેશભાઈ વાઘેલા નામના ત્રણ શખ્સોએ તેમને ઉભા રાખીને આરોપી શખ્સોએ હાથમાં છરી અને ધારિયા જેવા હથિયારો રાખીને પ્રતિકભાઈનું બુલેટ અટકાવ્યું હતું. તું બુલેટ ચલાવવાનું બંધ કરી દે તેમ કહીન બોલાચાલી કરી તેમના ખીસામાંથી બળજબરીપૂર્વક પચાસ હજાર રૂપિયા કાઢી લીધા હતા અને ધમકી આપી ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા.ત્યારે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મા ફરીયાદ નોધવામાં આવતા ચકચાર મચી ગયો છે.

# હિંમતનગર નજીક ટ્રકમાં કેબલ વાયરના રોલના છુપાવેલો રૂ.૬૮.૭૭ લાખનો વિદેશી દારૂ પકડાયો

## એલસીબીએ દરોડો પાડી ૪૭૧ પેટી શરાબ, ટ્રક મળી રૂ.૮૮.૮૨ લાખનો મુદામાલ કબ્જે: એકની ધરપકડ: એકની શોધખોળ

**અબતક**
**સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લામા હિંમતનગર તાલુકાના ગાંભોઈ પાસે જીલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચની (એલ.સી.બી) ટીમે બાતમીના આધારે નેશનલ હાઈવે પરથી વિદેશી દારૂનો મોટા પ્રમાણમાં જથ્થો ઝડપી પાડવામાં સફળતા મળી હતી કેબલ વાયરના ડ્રમમાં છુપાવેલી ૪૭૧ પેટી વિદેશી દારૂ મળી આવ્યો હતો જેની કિંમત આશરે ૬૮ લાખ રૂપિયાથી વધુ આંકવામાં આવી હતી ટ્રક સહિત કુલ રૂપિયા ૮૮.૮૨ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ અંગે મળતી માહિતી મુજબ એલ.સી.બી ટીમ ગાંભોઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન પી.આઈ અને તેમના સ્ટાફના માણસોને સંયુક્ત બાતમી મળી હતી કે આરજે-૩૭-જીએ- ૨૭૫૧ નંબરની એક ટ્રકમાં કેબલ વાયરના રોલના ખાના બનાવી તેમાં વિદેશી દારૂનો જથ્થો ભરી શામળાજી તરફથી અમદાવાદ તરફ જઈ રહી હતી.

આ બાતમીના આધારે ગાંભોઈ નજીક નાકાબંધી કરવામાં આવી હતી બાતમી મુજબની ટ્રક આવતા તેને રોકવામાં આવી હતી અને ટ્રકના ચાલકની પૂછપરછ કરતા તેણે ગાડીમાં કેબલના રોલ ભરેલા હોવાનું જણાવ્ય.

આ ત્રણેય રોલના ઉપરના ભાગે એલ એન્ડ કી બોલ્ટ લગાવેલા હતા બોલ્ટ ખોલીને જોતા ઉપર ફીટ કરેલા લાકડાના પાટિયા પૈકી એક નાનો દરવાજો અલગ થઈ ગયો હતો તેની નીચે કાળી પાઈપો ફીટ કરેલી હતી જે લાકડાના દરવાજા જેટલી કાપેલી હતી તેને ખોલીને જોતા અંદર પતરાનો ટુકડો મૂકેલો હતો આ ટુકડો હટાવતા અંદરથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની ૪૭૧



પેટીઓ મળી આવી હતી જેમાં કુલ ૭૨૭૨ બોટલ હતી.

ઝડપાયેલા દારૂની કિંમત આશરે ૬૮,૭૭,૦૨૦ રૂપિયા અને ટ્રક તથા અન્ય સરસામાન મળી કુલ રૂપિયા ૮૮,૮૨,૦૨૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો પોલીસે ટ્રક ચાલક પાંચારામ ખેતારામ પરભુરામ ગોદારા (જાટ) જી.બાડમેર,રાજસ્થાનની ધરપકડ કરી હતી.

આ ઉપરાંત દારૂ ભરી આપનાર મહેશ ચૌધરી, (રાજસ્થાન), ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ભીમરાણા ગામેથી રૂ.૧૧.૬૨ લાખનો વિદેશી દારૂ પકડાયો: બુટલેગરની શોધખોળ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**




દેવભૂમિ દ્વારકા જિલ્લાના મીઠાપુર નજીક ભીમરાણા ગામે અંગ્રેજી શરાબની ૫૨૮ બોટલ સાથે ૧૧.૬૨ લાખનો મુદામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

દ્વારકા તાલુકાના મીઠાપુર નજીકના ભીમરાણા ગામના નવાપરા વિસ્તારમાંથી મળેલ બાતમીના આધારે મીઠાપુર પોલીસની ટીમે ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડની કુલ ૫૨૭ બોટલ અંગ્રેજી શરાબ કિં.રૂા.૬,૬૨,૪૦૦ તેમજ ક્રેટા કાર (કિં.રૂા.૫,૦૦,૦૦૦) મળી કુલ રૂા.૧૧,૬૨,૪૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર કામગીરીમાં પી.આઈ. ડી.એન. વાંઝા, એએસઆઈ નરેન્દ્રસિંહ કે. જાડેજા, હે.કો. મહીરાજદાન એમ્ ગઢવી, પો.કો. જયપાલસિંહ આર. જાડેજા, ધર્મદીપસિંહ જે. જાડેજા, અનિલભાઈ વી. ડોડીયા વિ. સ્ટાફ રોકાયેલ હતો.

# કરિયાણાના વેપારીએ પૂર્વ ભાગીદારની બહેન પર નજર બગાડી: શારીરિક અડપલાં કર્યા

## જસદણનો બનાવ : ચાર વર્ષ પૂર્વે કરિયાણાની દુકાન ભાગીદારીથી શરૂ કર્યા બાદ કોટડાપીઠાના શખ્સે યુવતીને ફોન-મેસેજ કરવાનું શરૂ કર્યું'તું

**અબતક, રાજકોટ**

જસદણના વડલા વાડી વિસ્તારમાં રહેતી યુવતી પર ભાઈના ભાગીદારે નજર બગાડી શારીરિક કરી અડપલા કરી જાતીય સતામણી કર્યાનો બનાવ સામે આવ્યો છે. હવસખોરની તાબે નહીં થતા તેણે યુવતીને ગાળો ભાંડી તેણી અને તેના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપતા જસદણ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

સમગ્ર બનાવ અંગે પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર જસદણના વડલાવાડી વિસ્તારમાં રહેતી ૨૯ વર્ષીય યુવતીએ આરોપી તરીકે ઘનશ્યામ કાંતિભાઈ રાદડિયા (રહે. કોટડાપીઠા, બાબરા, અમરેલી) નું નામ આપતા જસદણ પોલીસે બીએનએસની કલમ ૭૪, ૭૫(૨), ૩૫૧(૩) અને ૩૫૨ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આદરી હતી.

બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર યુવતીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ઘનશ્યામ રાદડિયા ચાર વર્ષ પૂર્વે તેણીના ભાઈ સાથે જસદણમાં કરિયાણાની દુકાન ભાગીદારીથી ચલાવતો હતો. જેથી તેનો ઘરે આવરો જાવરો રહેતો હોય તેણી ઘનશ્યામ રાદડિયાના સંપર્કમાં આવી હતી. ઉપરાંત આરોપી કૌટુંબિક સંબંધી હોય તેની સાથે વાતચીત થતી હતી. બાદમાં ધંધામાં મેળ નહિ આવતા આરોપી અને ફરિયાદીના ભાઈએ ભાગીદારી છૂટી કરી નાખી હતી. દરમિયાન ઘનશ્યામે યુવતી પર નજર બગાડી છેલ્લા બે વર્ષથી ફોન અને મેસેજ કરી પરેશાન કરવાનું શરૂ કર્યું હતું. હવસખોર અવાર નવાર ફોન અને મેસેજમાં અભદ્ર વાતો કરતો હતો જેથી યુવતીએ ફોન ઉપડવાનું બંધ કરી દીધું હતું પણ તેમ છતાં ઘનશ્યામેં સતત ફોન અને મેસેજ કરવાનું ચાલુ રાખતા યુવતીએ ઘનશ્યામ રાદડિયાનો નંબર બ્લોક કરી દીધો હતો. વધુમાં યુવતીએ જણાવ્યું હતું કે, તેણી જયારે ઘરે એકલી હોય ત્યારે ઘનશ્યામ રાદડિયા ઘરે ધસી આવી ફરિયાદીની આબરૂ લેવાના ઈરાદે તેના ઉપર જાતીય હુમલો કરી ગુનાહિત બળ વાપરી શારીરિક અડપલા કરતો હતો. ઘનશ્યામ અવારનવાર યુવતી પાસે શારીરિક સંબંધની માંગણી કરતો હતો પરંતુ યુવતીએ હવસખોરની તાબે નહીં થતા તેણે યુવતીને બેફામ ગાળો ભાંડી હતી. બાદમાં ઘનશ્યામેં યુવતીને ચાર-પાંચ ફડાકા પણ ઝીંકી દીધા હતા.

ત્યારબાદ તાજેતરમાં યુવતી પ્રસંગમાં સુરત ખાતે ગઈ હતી ત્યારે ઘનશ્યામે અલગ અલગ નંબર પરથી ફોન કરી યુવતીની પજવણી કરી શારીરિક સંબંધની માંગણી કરી હતી પરંતુ ફરિયાદીએ ના પાડી દેતાં ઉશ્કેરાયેલા હવસખોરે યુવતી અને તેના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપતાં અંતે તેણીએ જસદણ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે હાલ હવસખોરની શોધખોળ શરૂ કરી છે.

## ઘરે ધસી જઈ બળજબરીપૂર્વક શારીરિક સંબંધની માંગણી કરતો: યુવતી તાબે નહિ થતાં તેણી અને તેના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનો નોંધાયો

# યુવકને ઈંટ વડે માર મરાયો, પત્નીને ઢસડી, કાકીને પાઈપ ઝીંક્યો: બાળકોની બોલાચાલીમાં બબાલ

## જેતપુરના રેશમડી ગાલોલનો બનાવ : બે મહિલા સહિત પાંચ ઘવાયા, જેતપુર તાલુકા પોલિસ મથકમાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

જેતપુરના રેશમડી ગાલોલમાં પિતરાઈના ઝગડામાં વચ્ચે પડેલા યુવાનને ત્રણ શખ્સોએ ઈંટ વડે માર માર્યો હતો. બાળકોની બોલાચાલી બાબતે થયેલ ઝગડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા યુવક, તેની પત્ની, પિતરાઈ અને કાકા-કાકી સહિતના પર ઈંટ-પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો હતો. જે મામલે જેતપુર તાલુકા પોલિસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે જેતપુરના રેશમડી ગાલોલ રહેતા ૪૦ વર્ષીય યુવાન સંજય બાબુભાઈ રાઠોડે જેતપુર તાલુકા પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તે જ ગામના વતની અશોક નાથાભાઈ વેગડા, નીતા અશોક વેગડા અને પુંજા લખમણ વેગડાનું નામ આપતા જણાવ્યું હતું કે, ગત તા. ૨૬-૦૨ ના સાંજના આઠ વાગ્યે અમારા વિસ્તારના અશોકભાઈ નાથાભાઈ વેગડા તથા તેના પત્ની નીતાબેન બન્ને મારા કાકાના દિકરા અજયભાઈ લાલજીભાઈ રાઠોડને બજારમા માર મારતા હતા. જેથી હું ત્યા જતા બંન્ને પતિ-પત્નિ મારી સાથે પણ ઝઘડો કરવા લાગેલ હતા. ત્યા પુંજા લખમણભાઈ વેગડા પણ હાજર હોય તેણે મને પકડી રાખેલ હતો અને અશોકે ઈંટનો ઘા મારી ઉપર કરતા મને ડાબા ગાલ ઉપર લાગેલ હતો. દરમિયાન મારા પત્ની દિવ્યાબેન મને છોડાવવા વચ્ચે પડતા પુંજા વેગડાએ મારી પત્નીને ઢસડી હતી. દરમિયાન મારા કાકી શારદાબેન આવતા અશોક વેગડાએ લોખંડના પાઈપ વડે મારા કાકીને ડાબા નેણ ઉપર તથા માથામા પાઈપનો એક ઘા મારી દીધેલ હતો. બાદ ઝપાઝપી થતા મારા કાકા લાલજીભાઈ રાઠોડ આવી જતા તેને પણ મુંઢ ઈજા થયેલ હતી. હુમલામાં મારા કાકાના દિકરા અજયભાઈ લાલજીભાઈને શરીરે મુંઢ ઈજા થયેલ હતી જ્યારે મારા ડાબા ગાલે લોહી નીકળેલ છે અને મારા કાકી શારદાબેનને ડાબા નેણ ઉપર વાગવાથી લોહી નીકળેલ હતું. બાદ મારા ભાઈ ભરતભાઈ તથા તેની પત્ની રવિનાબેન, સંગીતાબેન અજયભાઈએ અમને બચાવેલ હતા. જેથી સામાવાળા ત્રણેય ગાળો આપતાં આપતાં જતાં રહેલ હતા.

બનાવને પગલે યુવકે ફરિયાદ નોંધાવતા વધુમાં જણાવ્યું હતુ કે, નાના બાળકોની માથાકુટમા બોલાચાલી થતા આવેશમા આવી એક મહિલા સહીત ત્રણ શખ્સોએ ઈંટ-પાઈપ વડે હુમલો કર્યો હતો.


# એક સપ્તાહમાં મામુલી મામલે... એસ્ટેટ બ્રોકરની કરપીણ હત્યા

## કારમાં અપહરણ કરી ઢોર માર મારી મોતને ઘાટ ઉતારી ખાડો ખોદી લાશને સળગાવી દાટી દઈ સીમેન્ટ ક્રોકીટથી ધાબુ કર્યુ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં છેલ્લા સાત દિવસથી લાપતા જમીન દલાલ તાજમહંમદ કરીમભાઈ ભટ્ટીની હત્યા થયાનો સત્તાવાર ખુલાસો થયો છે. પૂર્વ આયોજિત કાવતરું રચી ફાર્મહાઉસમાં ઢોર માર મારી મોતને ઘાટ ઉતારી લાશ સળગાવી દાટી પુરાવાનો નાશ કર્યાનો ઘટસ્ફોટ થયો છે. આ સાથે મૃતકના પુત્રની ફરિયાદને આધારે મોરબી સીટી બી-ડિવિઝન પોલીસે સાત આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની હત્યા સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી, આગળની ઊંડાણપૂર્વકની તપાસ ચલાવી છે.

મોરબી શહેરમાં જમીનના સોદા અને રૂપિયાની લેતી-દેતીના વિવાદે ખૂની સ્વરૂપ ધારણ કર્યું છે. મૃતક તાજમહંમદ કરીમભાઈ ભટ્ટી છેલ્લા અંદાજે ૧૫ વર્ષથી જમીન દલાલીનું કામ કરતા હતા. ત્યારે આ હત્યા કેસમાં તેમના પુત્ર રિયાઝભાઈ તાજમહંમદભાઈ ભટ્ટી ઉવ.૨૨ રહે.વીસીપરા રમેશ કોટન મિલની બાજુમાં મોરબી વાળાએ આરોપી ૧)બાલુભાઈ થોભણભાઈ અઘારા,






૨)જીતેશભાઈ બાલુભાઈ જાલરીયા, ૩)રમેશભાઈ અરજણભાઈ અઘારા, ૪)વિશાલ રમેશભાઈ વાઘડીયા, ૫)ભાવેશ થોભણભાઈ અઘારા, ૬)જયદિપભાઈ કાનાભાઈ સેરશીયા, ૭)થોભણભાઈ ઘેલાભાઈ અઘારા તમામ રહે.મોરબી વાળા વિરુદ્ધ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, જે ફરિયાદ અનુસાર, આરોપી થોભણભાઈ ઘેલાભાઈ અઘારા સાથે જમીનના સોદા દરમિયાન દસ્તાવેજ ન થતા મનદુઃખ ઊભું થયું હતું. તાજેતરમાં રૂપિયા ૫ લાખની લેવડદેવડને લઈને પણ વિવાદ વધ્યો હતો. ત્યારે ગત તા.૧૯/

### જમીનના સોદાના દસ્તાવેજ ન થતાં અને ૫ લાખની ઉઘરાણીમાં ખેલાયો ખૂની ખેલ

૦૨/૨૦૨૬ના રોજ બપોરના સમયે લાલબાગ સેવાસદન નજીક જમીનના સોદાના બહાને મૃતક તાજમહંમદભાઈને બોલાવવામાં આવ્યા હતા. જ્યાં આરોપી બાલુભાઈ અઘારાએ તેમને પોતાની કારમાં બેસાડ્યા બાદ અન્ય સાથીદારો સાથે ભડિયાદ પાસે આવેલ ફાર્મહાઉસ પર લઈ જવાયા હતા. ત્યાં પ્લાસ્ટિકના પાઈપ, લાકડાના ધોકા અને ઢીકાપાટુનો માર મારી તેમની હત્યા કરવામાં આવી હોવાનું ફરિયાદમાં નોંધાયું છે.

હત્યા બાદ પુરાવાનો નાશ કરવા આરોપીઓ લાશને પીપળી રોડ પર આવેલા 'શિવાય કોલ' નામના કારખાને લઈ ગયા હતા. ત્યાં ખાડો ખોદી લાકડા અને ડીઝલથી લાશ સળગાવી, ત્યારબાદ સિમેન્ટ કોંક્રીટનું ધાબું ભરી દાટી દેવામાં આવી હતી. પોલીસ તપાસ દરમિયાન શંકાસ્પદની પૂછપરછથી સ્થળનો પર્દાફાશ થયો હતો, જ્યાંથી બળેલા માનવ અવશેષો મળી આવ્યા હોવાનું જાણવા મળે છે. હાલ સમગ્ર હત્યા મામલે મૃતકના પુત્રની ફરિયાદને આધારે પોલીસે ઉપરોક્ત સાતેય આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધી તમામ આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# સ્વ. રમેશભાઈ રંગપડીયાની સ્મૃતિમાં યોજાયો નિ:શુલ્ક આરોગ્ય સેવા કેમ્પ

## રંગવડીયા પરિવારનો સેવાકીય જરૂરીયાત મંદો માટે બન્યું આશિર્વાદ

**અબતક, ઋષિ મહેતા**

સ્વ. રમેશભાઈ મકનભાઈ રંગપડીયાની બીજી પુણ્યતિથિ નિમિત્તે માનવ સેવા અને આરોગ્ય જાગૃતિના ઉમદા હેતુ સાથે નિઃશુલ્ક નિદાન અને દવા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૫ ફેબ્રુ.ના રોજ બપોરે ૨. થી ૫. વાગ્યા દરમિયાન શ્રી જલારામ મંદિર, અયોધ્યાપુરી રોડ, મોરબી ખાતે યોજાયેલ આ સેવા કેમ્પમાં મોટી સંખ્યામાં નાગરિકોએ લાભ લીધો હતો.




સ્વ. રમેશભાઈ મકનભાઈ રંગપડીયાના પાવન સ્મરણાર્થે કેમ્પ દરમિયાન વિવિધ ક્ષેત્રના નિષ્ણાત તબીબો દ્વારા દર્દીઓનું નિઃશુલ્ક આરોગ્ય નિદાન, જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે દર્દીઓને તેમના રોગ અંગે યોગ્ય સલાહ આપી આગળની સારવાર માટે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કેમ્પમાં સેવા આપનાર તબીબોની ટીમમાં ડો. ભૌમિક સરડવા , ડો. મેહુલ પનારા , ડો. ધીરેન પટેલ (શ્રી હરિકૃષ્ણ ડેન્ટલ કેર), ડો. અક્ષય જાકાસણીયા (બાળરોગ વિભાગ), ડો. ઉમેશ ગોધવીયા ( મેડિસિન), ડો. ભાવેશ શેરસીયા ( સ્કીન ), ડો. નિશિથ દઢાણીયા ( ગાયનેક ), ડો. વિમલ દેત્રોજા (સર્જરી વિભાગ) તથા ડો. યશ કડિવાર ( ઓર્થોપેડિક વિભાગ)એ નિઃસ્વાર્થ સેવા આપી હતી. આ ઉપરાંત મફત બ્લડ સુગર ચેકઅપની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

આ સેવા કાર્ય દ્વારા સ્વ. રમેશભાઈ મકનભાઈ રંગપડીયાના સ્મરણને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી

# ક્લોરીન ડોસીંગ સિસ્ટમથી તમામ ઝોનમાં શુધ્ધ પાણી પુરૂ પાડશે

**અબતક, ઋષી મહેતા**

મોરબી મહાનગરપાલિકાના વોટરવર્ક્સ વિભાગ દ્વારા શહેરના તમામ વિસ્તારોમાં શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવા રૂ.૨.૩૫ કરોડના ખર્ચે અદ્યતન ક્લોરીન ડોસીંગ સિસ્ટમ સ્થાપિત કરી કાર્યરત કરવામાં આવી છે. વિવિધ ફિલ્ટર પ્લાન્ટ અને પંપિંગ સ્ટેશનો પર આ સિસ્ટમ લાગુ થતા નાગરિકોને ક્લોરીનેશન કરેલું સ્વચ્છ પાણી ઉપલબ્ધ થશે.

મોરબી શહેરના જાહેર આરોગ્ય અને સુરક્ષાને પ્રાથમિકતા આપતાં મોરબી મહાનગરપાલિકાના વોટરવર્ક્સ અને ડ્રેનેજ વિભાગ દ્વારા ક્લોરીન ડોસીંગ સિસ્ટમ સ્થાપિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. અંદાજે રૂ.૨.૩૫ કરોડના ખર્ચે તૈયાર કરાયેલ ઉક્ત્ને સરકાર પાસે મંજૂરી માટે મોકલ્યા બાદ સૈદ્ધાંતિક મંજૂરી મળતાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી પ્રોજેક્ટ અમલમાં મૂકાયો છે. પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ તેમજ વિવિધ પંપિંગ સ્ટેશનો



પર અદ્યતન ક્લોરીન ડોસીંગ સિસ્ટમ સફળતાપૂર્વક સ્થાપિત કરી કાર્યરત કરવામાં આવી છે. આ વ્યવસ્થાથી મોરબી મહાનગરપાલિકાની હદમાં આવતાં તમામ ઝોનમાં નિયમિત અને નિયંત્રિત માત્રામાં ક્લોરીનેશન કરેલું શુદ્ધ પાણી નાગરિકોને મળશે. પરિણામે

### પાણીજન્ય રોગોમાં નોંધપાત્ર ઘટાડો થશે

પાણીજન્ય રોગોમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

અદ્યતન ક્લોરીન ડોસીંગ સિસ્ટમના લાભાન્વિત વિસ્તારોમાં દાણાપીઠ પંપિંગ સ્ટેશન હેઠળ વાઘપરા, કબીર ટેકરી, વજેપર, હરિજનવાસ, રબારીવાસ, બોરીયાવાસ, લખધીરવાસ વિસ્તાર આવરી લેવાયા છે. જ્યારે પંચાસર પંપિંગ સ્ટેશન હેઠળ પંચાસર રોડ, નાની કેનાલ રોડ, આવાસ યોજના અને હાઉસિંગ બોર્ડ વિસ્તારનો સમાવેશ થાય છે. આ સિવાય રણછોડનગર પંપિંગ સ્ટેશન દ્વારા લાઈન્સનગર, રણછોડનગર, નીધીપાર્ક, યમુનાનગર અને અમૃતપાર્ક વિસ્તાર આવરી લેવાયા છે. દરબારગઢ પંપિંગ સ્ટેશનથી દરબારગઢથી નહેરુ ગેટ વિસ્તાર સુધી પાણી પુરવઠો મળશે. આ ઉપરાંત શનાળા પંપિંગ સ્ટેશન હેઠળ અવનિ ચોકડી, શનાળા રોડ અને રવાપર કેનાલ રોડથી શનાળા બાયપાસ સુધીનો વિસ્તાર સમાવાયો છે. સરદારબાગ પંપિંગ સ્ટેશન દ્વારા સરદારબાગથી જી.આઈ.ડી.સી. સામેનો વિસ્તાર, રવાપર રોડ, કાલિકા પ્લોટ અને સહયોગ સોસાયટી સુધી પાણી પુરવઠો થશે. સુરજબાગ પંપિંગ સ્ટેશન હેઠળ માધાપર મહેન્દ્રપરા, અંબિકા રોડ અને નહેરુ ગેટ વિસ્તાર આવરી લેવાયા છે. કેસરબાગ પંપિંગ સ્ટેશન દ્વારા લાલબાગ, પાવન પાર્ક, હાઉસિંગ બોર્ડ અને સો ઓરડી વિસ્તાર લાભાન્વિત થશે. પીકનિક સેન્ટર પંપિંગ સ્ટેશનથી શોભેશ્વર રોડ, ધાર વિસ્તાર અને જીલ્લા સેવા સદન સરકારી મકાન સુધી પાણી પહોંચાડાશે. ઉમા ટાઉનશીપ અને નઝરબાગ (ભડિયાદ) વિસ્તારમાં ઉમા ટાઉનશીપ, વિધુતનગર, અરુણોદય મેઈન રોડ અને સેવા સદન વિસ્તારનો સમાવેશ થાય છે.

# વાંકાનેર: કરીયાણાના વેપારીના બાઈકની ઉઠાંતરી

**અબતક, ઋષીમહેતા**

મળતી વિગતો મુજબ, મોરબીના રવાપર રોડ ઉપર વૈભવ લક્ષ્મી-૨ માં રહેતા અને વાંકાનેર તાલુકાના માટેલ રોડ ઉપર અમરધામ મંદિર પાસે પ્રયાગ કોમ્પ્લેક્ષમાં ભાડેની દુકાનમાં કરીયાણાનો ધંધો કરતા દુકાનદાર પંકજભાઈ વશારામભાઈ ગાંભવા ઉવ.૩૮ નામના વેપારીએ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, ગત તા.૨૪/૦૨ના રોજ તેઓ પોતાની કરીયાણાની દુકાને હતા જ્યાંથી તેઓ સવેલ સીરામીકમાં વસ્તુ પહોંચાડવા પોતાના હીરો સ્પ્લેન્ડર રજી.નં. જીજે-૩૬-સી-૫૪૧૦ માં જતા હોય તે દરમિયાન ત્યાંથી ફોન આવ્યો કે અન્ય વસ્તુ લેવાની છે, જેથી મોટર સાયકલમાં ચાવી રાખી ફરી દુકાનમાં ગયા અને વધારાની વસ્તુ લઈને પરત આવ્યા ત્યારે ત્યાં પોતાનું સ્પ્લેન્ડર ન જોતા, આજુબાજુમાં તપાસ કરી હતી, પરંતુ સ્પ્લેન્ડર બાઈક ન મળતા પ્રથમ ઈ એફઆઈઆર બાદ વાંકાનેર તાલુકા પોલીસ મથકે રૂબરૂ અજાણ્યા વાહન ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

# જાહેર રસ્તા ઉપર સ્ટોલ-મંડપ ફી મુદ્દે શહેર કોંગ્રેસ પ્રમુખની મહાપાલિકાના કમિશનરને રજુઆત

## શહેરમાં જાહેર સમીયાણાનો ચાર્જ ઘટાડવા માંગ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકા દ્વારા જાહેર માર્ગ પર તહેવારો દરમિયાન સ્ટોલ-મંડપ માટે રૂ.૨,૫૦૦/-ની વસુલાત સામે શહેર કોંગ્રેસ પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજાએ વિરોધ નોંધાવ્યો છે. આ સાથે રાજકોટ મહાનગરપાલિકા કરતાં વધારે ચાર્જ વસુલાતા હોવાની દલીલ સાથે ફી ઘટાડવાની માંગ કરી છે.

મોરબી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજાએ મોરબી કમિશ્નરને લેખિત રજુઆત કરી જાહેર માર્ગ પર સ્ટોલ-મંડપ નાખવા લેવામાં આવતી ફી અંગે



પ્રશ્ન ઉઠાવ્યો છે. કે મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ૧૦સ૧૦ના સ્ટોલ-મંડપ માટે એક દિવસનો રૂ.૨,૫૦૦/- ચાર્જ લેવામાં આવે છે, જે સામાન્ય નગરજનો અને નાના વેપારીઓ માટે ભારે સાબિત થઈ રહ્યો છે. જ્યારે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર માર્ગ ઉપર ૧૦સ૧૦ સ્ટોલ-મંડપ માટે એક દિવસનો માત્ર રૂ.૫૦૦/- ચાર્જ લેવામાં આવે છે. ત્યારે મોરબી અને રાજકોટ વચ્ચે આટલો મોટો તફાવત કેમ છે? શું અલગ કાયદા લાગુ પડે છે? તે અંગે લેખિત સ્પષ્ટતા આપવા માંગ કરવામાં આવી છે. વધુમાં પુષ્પરાજસિંહ જાડેજાએ જણાવ્યું છે કે તાત્કાલિક હાલનો વધારાનો ચાર્જ રદ કરી રાજકોટ મહાનગરપાલિકા મુજબનો ચાર્જ અમલમાં મૂકવામાં આવે, જેથી નાના વેપારીઓ અને સામાન્ય નાગરિકોને રાહત મળી શકે.

# વાંકાનેર પંથકમાં ૩૩ કેવી વિન્ડ લાઈનમાંથી રૂ.૧૬.૩૫ લાખના એલ્યુમિનિયમ વાયરની ચોરી

**અબતક, ઋષી મહેતા**

વાંકાનેર તાલુકાના વિઠલપરથી સમથેરવા સુધી ચાલતા ૩૩ કેએવી વિન્ડ ટ્રાન્સમિશન લાઈનના કામ દરમિયાન અજાણ્યા ઈસમોએ કુલ ૩૬૮૦ મીટર એલ્યુમિનિયમ વાયર (કન્ડક્ટર) અંદાજે ૩૦૦૦ કિ.ગ્રા.ની ચોરી કરી જતા ખાનગી કંપનીને રૂ.૧૧.૦૪ લાખનું નુકસાન થયું છે. ઉપરાંત સ્ટ્રિંગિંગ કરેલ ૧૭૭૦ મીટર વાયર(કન્ડક્ટર) કાપી નાખતા રૂ. ૫.૩૧ લાખનું વધારાનું નુકસાન થયું છે. આમ કુલ રૂ.૧૬.૩૫ લાખના નુકસાન અંગે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ફરિયાદને આધારે ગુનો નોંધાયો છે. વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદી જયેશભાઈ મધુભાઈ સાંજવા ઉવ.૩૯ રહે. રાજકોટ રાધા રેસિડેન્સી અયોધ્યાચોક વાળા જેઓ ઓપેરા એનર્જી પ્રા. લી. કંપનીમાં એન્જિનિયરિંગ ડાયરેક્ટર તરીકે ફરજ બજાવે છે. તેમની કંપનીએ કલીન મેક્ષ એન્વિરો એનર્જી સોલ્યુશન્સ લિ.ને પેટા કોન્ટ્રાક્ટ આપ્યો હોય અને વાંકાનેર તાલુકામાં સોલાર/વિન્ડ વીજ ઉત્પાદન તેમજ વીજ પરિવહન માટે વઘાસીયાથી સમથેરવા સુધી ૩૩ કેએવી વિન્ડ લાઈન નાખવાનું કામ ચાલી રહ્યું છે.

અલગ અલગ તારીખે સાઈટ પરથી એલ્યુમિનિયમ કન્ડક્ટર વાયર ચોરી થયાની ઘટના સામે આવી છે. ચોરી થયેલ મુદ્દામાલ મુજબ તા. ૦૨/૧૨/૨૦૨૫ના રોજ ૮૫૦ મીટર કિ.રૂ. ૨,૫૫,૦૦૦/-, તા.૧૦/૧૨/૨૦૨૫ ૧૧૫૦ મીટર કિ.રૂ. ૩,૪૫,૦૦૦/-, તા.૨૩/૧૨/૨૦૨૫ ૫૦૦ મીટર કિ.રૂ. ૧,૫૦,૦૦૦/-, તા.૧૩/૦૧/૨૦૨૬ ૪૨૦ મીટર કિ.રૂ.૧,૨૬,૦૦૦/-, તા.૧૬/૦૨/૨૦૨૬ ૭૬૦ મીટર કિ.રૂ. ૨,૨૮,૦૦૦/- આ રીતે કુલ ૩૬૮૦ મીટર, અંદાજે ૩૦૦૦ કિલોગ્રામ વજનનો એલ્યુમિનિયમ વાયર કન્ડક્ટર કુલ કિ.રૂ. કિંમત રૂ.૧૧,૦૪,૦૦૦/- ચોરી થઈ હોવાનું તેમજ આ ઉપરાંત તા. ૨૦/૦૧/૨૦૨૬ના આગલા દિવસે સ્ટ્રિંગિંગ કરાયેલ ૩૩ કેએવી વિન્ડ ટ્રાન્સમિશન લાઈનનો ૧૭૭૦ મીટર વાયર કન્ડક્ટર કિ.રૂ. ૫,૩૧,૦૦૦/- અજાણ્યા શખ્સોએ કાપી કટકા કરી નાખતા કંપનીને વધુ નુકસાન થયું છે. હાલ વાંકાનેર તાલુકા પોલીસે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# હમીરપર નજીક કારખાનામાં બાળકનું વીજ શોકથી મોત

વાંકાનેર તાલુકાના જેતપરડા ગામે વાડી વિસ્તારમાં રહેતા ખેત શ્રમિક દીનેશભાઈ ફુલસીંગભાઈ ભુરીયા મૂળ રહે.કેલી કલા તા.ગડવાની જી.ધાર એમ.પી.ના વતનીનો પુત્ર લક્કી ઉવ.૦૨ વાળો ગઈકાલ તા.૨૬/૦૨ના રોજ વાંકાનેર તાલુકાના હસનપર સીમમાં આવેલ ફયુચર રીફ્રેકટરી કારખાનામા રમતો હોય તે દરમિયાન તેને વીજ શોક લાગતા તેનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. હાલ વાંકાનેર સીટી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરમાં સાસરીયાના ત્રાસથી કુળવધુનો આપઘાત

## કરીયાવર અને ઘરકામ બાબતે ત્રાસનો આક્ષેપ, એસિડ પી લેતાં પરિણીતાએ સારવારમાં દમ તોડયો

**અબતક, ઋષી મહેતા**

વાંકાનેર ટાઉનના ભરવાડપરામાં રહેતા ૨૮ વર્ષીય પરિણીતાએ એસિડ પી લેતાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હોવાની ઘટના સામે આવી છે. જેમાં મૃતકના ભાઈની ફરિયાદના આધારે બહેનના પતિ, સાસુ અને સસરા વિરુદ્ધ કરીયાવર બાબતે તથા ઘરકામ બાબતે મેણા ટોણા મારી શારીરિક-માનસિક ત્રાસ આપી મરવા મજબૂર કરવાના આક્ષેપ સાથે વાંકાનેર પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

વાંકાનેર શહેરના ભરવાડપરા વિસ્તારમાં રહેતા પરિણીતા રૂપલબેન અવધભાઈ સરેયા ઉવ.૨૮ના ભાઈ મુનાભાઈ રાણાભાઈ સાટકા રહે.જડેશ્વર કોઠારીયા વાંકાનેર વાળાએ વાંકાનેર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા.૧૨/૦૫/૨૦૨૩ના રોજ રૂપલબેનના લગ્ન આરોપી અવધભાઈ ભુપતભાઈ સરૈયા સાથે થયા હતા. લગ્ન પછીથી જ આરોપી સાસુ હર્ષાબેન, સસરા ભુપતભાઈ અને પતિ અવધભાઈ દ્વારા કરીયાવર ઓછું લાવ્યાના આક્ષેપો સાથે મેણા-ટોણા મારવામાં આવતા અને રોકડ રકમ તેમજ ઘરેણાં લાવવા દબાણ કરવામાં આવતું હતું. મધ્યમવર્ગીય પરિવાર હોવાને કારણે વધારાની માંગણી પૂરી ન કરી શકાતાં પરિણીતાને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. જે દરમિયાન ગઈ તા.૨૩/૦૨/૨૦૨૬ના રોજ રૂપલબેનની તબિયત બગડ્યાની જાણ થતાં તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પોસ્ટમોર્ટમ દરમિયાન એસિડ પી લેવાથી મોત થયાનું જાણવા મળ્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. હાલ વાંકાનેર પોલીસે આરોપી પતિ અવધભાઈ ભુપતભાઈ સરૈયા, સસરા ભુપતભાઈ ગાંડુભાઈ સરૈયા અને સાસુ હર્ષાબેન ભુપતભાઈ સરૈયા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માટેલ નજીક વિદેશી દારૂની ૨૪ બોટલ સાથે એક પકડાયો, દારૂ મોકલનારની શોધખોળ

**અબતક, ઋષી મહેતા,**

વાંકાનેર તાલુકાના માટેલ ગામમાં આવ વિકાસ રેસિડેન્સી નજીમ ખુલ્લી ઓરડીઓની પાસે જાહેરમાં આરોપી જયદિપસિંહ હરીચંદ્રસિંહ ઝાલા હાલ મકનસર મુળ રહે.ગામ ભોયકા તા.લીંબડી વાળાને વાંકાનેર તાલુકા પોલીસે વિદેશી દારૂની જેગુઆર વ્હિસ્કીની ૨૪ બોટલ કિ.રૂ.૨૬,૪૦૦/-સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. વિદેશી દારૂના કેસની તપાસમાં આ દારૂ મોકલનાર આરોપી અશોકભાઈ હિરાભાઈ ડાભી રહે.નવા ઢુવા તા.વાકાનેર જી.મોરબી વાળાનું નામ ખુલવા પામ્યું હતું,

જેથી આ આરોપી સ્થળ ઉપર હાજર નહી મળી આવતા તેને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે.

# લીલાપર રોડનો વિકાસ અને બ્યુટીફીશન માટે ૧૩.૩૧ કરોડ ખર્ચાશે

## લીલાપર રોડનો ૪.૭૫ કી.મી.નો વિસ્તાર નો વિકાસ મેગા સિટી જેવો થશે

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના લીલાપર રોડના સર્વાંગી વિકાસ અને બ્યુટીફીકેશન માટે મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં અંદાજે ૪.૭૫ કિલોમીટર લંબાઈ અને ૧૨ મીટર પહોળાઈ ધરાવતા આ મુખ્ય માર્ગને આધુનિક શહેરી કોરિડોર તરીકે વિકસાવવા રૂ.૧૩.૩૧ કરોડના ખર્ચે ટેન્ડર પ્રક્રિયા લાઈવ કરવામાં આવી છે. પ્રોજેક્ટ અંતર્ગત બંને બાજુ સુવિધાસભર ફૂટપાથ, મજબૂત અને આકર્ષક પેવર બ્લોક ફ્લોરિંગ, પ્રીકાસ્ટ કર્બ સ્ટોન, માર્ગ કિનારે વૃક્ષારોપણ, આધુનિક ડેકોરેટિવ સ્ટ્રીટ લાઈટ્સ, નાગરિકો માટે સિટીંગ એરિયા અને પોકેટ ગાર્ડન જેવી સુવિધાઓ ઉપલબ્ધ થશે. ઉપરાંત સ્વચ્છતા માટે પૂરતી



સંખ્યામાં ડસ્ટબિન, દિશાસૂચક સાઈનેજ અને માર્ગ સલામતી માટે સ્પષ્ટ ઝેબ્રા ક્રોસિંગ પણ બનાવવામાં આવશે.આ પ્રોજેક્ટથી રાહદારીઓ માટે વધુ સલામત માર્ગ, રાત્રિના સમયમાં પ્રકાશ વ્યવસ્થા, પર્યાવરણમૈત્રી વિકાસ અને શહેરની સૌંદર્યવૃદ્ધિ જેવા મહત્વપૂર્ણ લાભ મળશે. મનપાની સિવિલ તથા સિટી બ્યુટીફીકેશન શાખા દ્વારા હાથ ધરાયેલ આ પ્રોજેક્ટ મોરબી શહેરની ઓળખને નવી દિશા આપશે અને નાગરિકો તેમજ મુલાકાતીઓ માટે સ્વચ્છ, સુરક્ષિત અને આધુનિક અનુભવ પૂરો પાડશે.

# મોરબી શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે પુષ્પરાજસિંહ જાડેજાની ફરી નિમણૂંક

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે પુષ્પરાજસિંહ બળવંતસિંહ જાડેજાની પુનઃ નિમણૂંક કરવામાં આવી છે. આ સાથે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા દ્વારા પત્ર લખી શુભેચ્છા પાઠવી અને સંગઠન સૃજન અભિયાન અંતર્ગત પક્ષને મજબૂત બનાવવાની આશા વ્યક્ત કરી છે.



મોરબી શહેર કોંગ્રેસ સમિતિમાં સંગઠનાત્મક માળખાને વધુ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. સંગઠન સૃજન અભિયાન અંતર્ગત પુષ્પરાજસિંહ બળવંતસિંહ જાડેજાની ફરી એકવાર શહેર પ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવી છે. આ તકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ પત્ર દ્વારા તેમને અભિનંદન પાઠવતા જણાવ્યું છે કે, તેમની સક્રિયતા અને નેતૃત્વ ક્ષમતા દ્વારા પક્ષની વિચારધારા અને કાર્યક્રમોને જનજન સુધી પહોંચાડવામાં સફળતા મળશે. પુષ્પરાજસિંહ જાડેજા સૌ કાર્યકરોને સાથે રાખી સંગઠનને વધુ મજબૂત બનાવશે અને આવનારા સમયમાં કોંગ્રેસ પક્ષને નવી દિશા આપશે. તેમની પુનઃ નિમણૂંકથી કાર્યકરોમાં ઉત્સાહની લાગણી જોવા મળી રહી છે.

# મનપાએ ૨૫૭૨ રખડતા પશુ પકડી પાંજરાપોળમાં મોકલ્યા

## શહેરમાં રખડતા પશુનો ત્રાસ દુર કરવા કવાયત

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં રખડતા પશુઓ સામે અભિયાન તેજ કરવામાં આવ્યું છે. જેમાં ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી જાહેર માર્ગ પર અવરજવર માટે અડચણરૂપ બનેલા કુલ ૨,૫૭૨ પશુઓ પકડી તેમને આજુ-બાજુની ગૌશાળા તથા પાંજરાપોળમાં મુકવામાં આવ્યા છે. મનપાની આ કામગીરી અંતર્ગત ૨૭૬ પશુ માલિકોને લાયસન્સ આપવામાં આવ્યા છે, જ્યારે ૩૨ લોકોને ઘાસ વેચાણ માટે પરમિટ અપાઈ છે.

ઉપરાંત ૩૩ નાગરિકોના પેટડોગનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. શહેરમાં પશુઓની ઓળખ અને નિયંત્રણ માટે અત્યાર



સુધી કુલ ૧,૮૪૯ પશુઓનું આરએફઆઈડી તથા ટેગિંગ કરવામાં આવ્યું છે.

આ સાથે પશુ રંજાડ અંકુશ શાખાએ પશુ માલિકોને ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવા અને પેટડોગ માલિકોને પણ પોતાના પાળતુ પ્રાણીઓનું નોંધણી કરાવવા અપીલ કરી છે. ટેગિંગની કામગીરી આગામી સમયમાં પણ યથાવત ચાલુ રાખવામાં આવશે તેમ યાદીમાં જણાવ્યું છે.

# જન ઔષધિ કેન્દ્રના સંચાલકનું અભ્યાસે વકીલ યુવતી પર વારંવાર દુષ્કર્મ

## રાજકોટની યુવતીને મૂળ માંગરોળ પંથકના શખ્સે પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી હોટેલ અને ભાડાના મકાનમાં લઈ જઈ દેહ ચૂંથ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટમાં અભ્યાસે વકીલ યુવતી પર મૂળ માંગરોળ પંથકના વતની અને જન ઔષધિ કેન્દ્રના સંચાલકે લગ્નની લાલચે અનેકવાર દુષ્કર્મ ગુજાર્યો હતો. યુવતીને પ્રેમજાળમાં ફસાવી હોટેલ, ભાડાના મકાનમાં લઈ જઈ હવસખોરે પોતાની હવસ સંતોષી હતી. બાદમાં ફોન ઉપાડવાનું બંધ કરી સબંધ તોડી નાંખતા યુની. પોલીસ મથકમાં દુષ્કર્મ, એટ્રોસીટી એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રાજકોટમાં રહેતી ૩૦ વર્ષીય યુવતીએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મિલન રામ પીઠડીયા (રહે. લાઈટ હાઉસ, વિંગ નં.૦૫, ફ્લેટ નં.૩૦૭, મૂળ. નગીચાણા, માંગરોળ) નું નામ આપતાં યુની. પોલીસે દુષ્કર્મ, એટ્રોસીટી એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેણીએ એમ.કોમ. તથા એલ.એલ.બી. સુધી અભ્યાસ પુર્ણ કરેલ છે, તેમના અભ્યાસના આધારે સ્કુલના તથા અન્ય ઓફીસના કામ ઘરેથી કરે છે. તેમના પિતા આઈ.ઓ.સી. કંપનીમાંથી નિવૃત થયેલ છે, તેમની માતા સામાજીક સેવા પ્રવુતિ કરે છે.

આશરે દોઢ-બે વર્ષ પહેલા નાણાવટી ચોક નજીક એસબીઆઈ એટીએમની નજીક આવેલ જન ઔષધી કેન્દ્રમાં દવા તથા વસ્તુ લેવા જતા ઔષધિ કેન્દ્ર ચલાવતા મિલન પિઠીયા સાથે ઓળખાણ થયેલ અને વાત ચીત થતાં પરીચયથી તેના સંપર્કમાં આવેલ હતી. ફેબ્રુઆરી ૨૦૨૪ માં આરોપીએ પ્રેમનો પ્રસ્તાવ મુકી તારી સાથે લગ્ન કરીશ તેવી લાલચ આપેલ હતી. વધુમાં અમારા ગામમા પ્રેમ લગ્ન કરવાની છુટ છે, તેમ જણાવતા તેણી પ્રેમમા અને વિશ્વાસમાં આવી ગયેલ હતી.

બાદ મિલન તેણીએ ગઈ તા. ૨૯/૦૫/૨૦૨૪ ના કાલાવડ રોડ પર આવેલી હોટલ ખાતે લઈ ગયેલ અને તેણે કહેલ કે, આપણે નજીકના સમયમાં લગ્ન કરવાના છીએ, તો થોડી વાતચીત કરવાની છે તેમ કહી તે હોટલના રૂમમાં લઈ ગયેલ. ત્યારે તેણીએ આઈ.ડી. પ્રુફ પણ આપેલ અને તે હોટલના રૂમમાં પાંચેક કલાક રોકાયા દરમ્યાન મિલન પીઠીયાએ શરીર સંબંધ બાંધવા માંગણી કરેલ તો તેને ના પાડેલ તેમ છતા કહેલ કે, આપણે તો હમણા જ લગ્ન કરવાના છીએ, તો આમા કોઈ ખોટુ નથી તેમ કહી શરીર સંબંધ બાંધેલ હતો.

આરોપી તેણીને તે જ હોટલમાં તા.૨૫/૦૭/૨૦૨૪ તથા તા.૦૮/૧૦/૨૦૨૪ ના હોટલના રૂમમાં લઈ જઈ શરીર સંબંધ બાંધેલ હતો. હોટલમાં આઈ.ડી.પ્રુફ આપવાના થતા હોય જેથી તે હોટલમાં લઈ જવાની ના પાડેલ તો નવેમ્બર ૨૦૨૪ માં મિલન તેની બાઈકમાં બેસાડી કહેલ કે, મારા રૂમે જઈએ અને ત્યાં મળીએ તેમ કહી તેના પરશુરામ ચોકડી પાસે આવેલ લાઈટ હાઉસ વાળા ભાડાના મકાન રૂમ નં.૩૦૭ માં લઈ જઈ શરીર સંબંધ બાંધેલ હતો. આરોપી લાઈટ હાઉસ રૂમમાં અવારનવાર લઈ જઈ શરીર સંબંધ બાંધતો હતો.

ગઈ તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ આરોપીએ તેણીનો ફોન ના ઉપાડતા તેણી લાઈટ હાઉસ વાળા મકાને જતા બીજા અજાણ્યા સ્ત્રી સાથે ઘરે મળી આવેલ હતો. તેમજ આરોપી ફોન ન ઉપાડતા અને મેડીકલની તેની દુકાને ન દેખાતા તેની તપાસ કરવા તેના ગામ નગીચાણા જતાં ત્યાં ગામના સરપંચ મળતા તેમને વિગતે વાત કરેલ તો તેમણે કહેલ કે, આ મિલન પીઠીયાના લગ્ન થઈ ગયેલ છે, જે બાદ તેને ફોન કરતાં ફોન લાગેલ નહી જેથી ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ એસસી એસટી સેલ એસીપી ચિંતન પટેલ અને ટીમે આદરી આરોપીની ધરપકડ કરવાં તજવીજ હાથ ધરી હતી.

**હવસ સંતોષી હવસખોરે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું : યુવતી આરોપીના ગામ નાગીચાણા પહોંચતા તે પરિણીત હોવાનું ખુલ્યું : દુષ્કર્મ, એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો**

# ધોરાજીમાં બનેવી અને તેના ભાઈએ લોખંડનો રોડ ઝીંકી સાળાનો પગ ભાંગી નાખ્યો

## બહેનને તલાક આપવાની વાત કરતા બનેવીને સમજાવવા તેના ઘરે ગયા હતા: પરસ્ત્રી સાથે સંબંધ અંગે ઠપકો આપતા હુમલો કર્યો

**અબતક, રાજકોટ**

ધોરાજીમાં બનેવી અને તેના ભાઈએ લોખંડનો રોડ ઝીંકી સાળાનો પગ ભાંગી નાખ્યો હતો. બહેનને તલાક આપવાનું કહેતા બનેવીને સમજાવવા જતાં સમાધાનની બેઠકમાં હુમલો કરાયો હતો. જે અંગે જામકંડોરણામાં રહેતા યુવાને ધોરાજી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જામકંડોરણામાં ઇન્દિરાનગર પાણીના ટાંકા પાસે રહેતા સલીમભાઈ ઓસમાણભાઈ જુમાણી (ઉ.વ. ૨૭) દ્વારા ધોરાજી સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે ધોરાજીમાં રહેતા બનેવી સમીર કાસમભાઈ ખીરાણી અને તેનો ભાઈ સાકીર કાસમભાઈ ખીરાણીના નામ આપ્યા છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ડ્રાઈવિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈ તા. ૨૫/૨ ના સાંજના પાંચેક વાગ્યે યુવાનને તેની માતા હાલીમાબેને વાત કરી હતી કે, વેવાઈ કાસમભાઈનો ધોરાજીથી ફોન આવ્યો હતો કે, સમીર કહે છે કે નગ્માં મારે જોઈતી નથી અને મારો દીકરો સમીર મારું કંઈ માનતો નથી તો નગ્માને સાંજના સાત વાગ્યા પછી જામકંડોરણા મૂકી જાવ છું તેવી વાત કરી હતી. પરંતુ બાદમાં યુવાનની બહેનને સસરા તથા બનેવી મૂકવા આવ્યા ન હતા. બાદમાં ગઈકાલ સવારના યુવાનને તેની માતાએ કહ્યું હતું કે, ધોરાજી સમાધાન કરાવવા જાઉં છું તેવી વાત કરી હતી. ત્યારબાદ યુવાનના માતા તેના મામા આમદભાઈ મોરાણી, ફુવા કાદરભાઈ તેમજ કાકા મામદભાઈને ફોન કરી કીધું હતું કે મારી દીકરી નગ્મા તથા જમાઈ સમીર વચ્ચે કંકાસ થયો છે તો તેને સમજાવવા જવું છે.

બાદમાં યુવાન તથા તેની માતા બંને તેની અન્ય બહેન જમીલાબેન પણ ધોરાજી સાસરે છે ત્યાં તેના ઘરે ગયા હતા અને ત્યાં મામા, ફુવા તેમજ કાકા આવ્યા હતા અને ૧૧:૩૦ વાગ્યા આસપાસ નગ્માના ઘરે ગયા હતા ત્યારે બનેવી હાજર હતા નહીં તેને પિતા કાસમભાઈએ ફોન કરી ઘરે બોલાવેલ અને તે સમીર આવ્યો હતો. સમીરને યુવાનના ફુવા કાદરભાઈએ પૂછ્યું હતું કે કજીયો કંકાસ કેમ કરો છો? તેમ પૂછતા બનેવી સમીરે કીધું હતું કે મારે તલાક જોઈએ છે જેથી કહ્યું હતું કે શું કામ કલાક લેવા છે તેમ પૂછતા તે કંઈ બોલ્યો ન હતો અને યુવાનની બહેન નગ્માએ કહ્યું હતું કે મારા પતિને બીજી સ્ત્રી સાથે મનમેળ છે જેને કારણે કજીયો કંકાસ કરે છે અને છુટાછેડા લેવા છે તેમ કહેતા યુવાની માતાએ જમાઈને કહ્યું હતું કે નીકાહાના છ વર્ષ થઈ ગયા અને હવે બે સંતાનો પણ છે હવે કંઈક સમજો.

આમ કહેતા બનેવી સમીર અને તેનો ભાઈ સાકીર બંને ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપી હતી. ગાળો બોલવાની ના કહેતા બનેવીએ વાહન ચલાવવાના સ્ટયરીંગના રોડ વડે યુવાન પર હુમલો કરી ઘુટીના ભાગે મારી દીધો હતો તેમજ સાકીરે ઢીકાપાટુનો મારમાર્યો હતો. યુવાનના મામા તેના ફુવા અને તેની માતા વચ્ચે પડી તેને છોડાવ્યો હતો બાદ બહેન નગ્માને લઈ જામકંડોરણા ચાલ્યા ગયા હતા યુવાને પગમાં દુઃખાવો થતો હોય જેથી ૧૦૮ મારફત ધોરાજી હોસ્પિટલ ખસેડાતા પગમાં ફેક્ચર થઈ ગયું હોવાનું માલુમ પડ્યું હતું. ત્યારબાદ તેણે પોતાના બનેવી અને બનેવીના ભાઈ વિરુદ્ધ આ ફરિયાદ નોંધાવી હતી.

# અમરેલીના દહીડા ગામે પ્રેમલગ્ન મામલે મારામારી, ત્રણ ઘવાયા

## ધોકા-પાઈપ વડે હુમલામાં બંને પક્ષે સામ-સામી ૧૮ શખ્સો સામે નોંધાતો ગુનો

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લાના દહીડા ગામે રાત્રિના સમયે પ્રેમલગ્નની અદાવતમાં હુમલો થયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. દીકરાએ કરેલા પ્રેમલગ્નનો ખાર રાખીને એક જૂથ દ્વારા લાકડી અને પાઈપ જેવા હથિયારો સાથે હુમલો કરવામાં આવતા અફરાતફરી મચી ગઈ હતી. આ હુમલામાં મહિલાઓ સહિત બંને પક્ષોમાં કુલ ૧૮ જેટલા લોકો ઉપર સામાસામી ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

અમરેલીના દહીડા ગામના રવજીભાઈ ખીમાભાઈ ધાધલના દીકરાએ અમરશીભાઈની ભાણકી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. આ આંતરજ્ઞાતિય કે પ્રેમસંબંધોના લગ્ન પરિવારને મંજૂર નહોતા, જેનું મનદુઃખ તેઓ લાંબા સમયથી રાખી રહ્યા હતા. જેને લઈ ગઈકાલે રાત્રિના આશરે ૧૧ વાગ્યાના અરસામાં, અમરશીભાઈએ અગાઉથી કાવતરું રચી, ગેરકાયદેસર રીતે રવજીભાઈના મકાનમાં પ્રવેશ કર્યો હતો અને સાથે દિનેશભાઈ, પાલભાઈ ગોરધનભાઈ સહિત ૧૪ જેટલા લોકોએ લાકડીઓ, લોખંડના પાઈપ અને અન્ય હથિયારો વડે પરિવારના સભ્યો પર હુમલો કર્યો હતો. આ હુમલામાં માત્ર પુરુષો ઉપરજ નહીં, પરંતુ ઘરની મહિલાઓ પર પણ ઢીકાપાટુ અને હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ફ્રેક્ચર સહિતની ઈજાઓ થયાનું જાણવા મળ્યું છે. તો રવજીભાઈ ધાધલ અને તેમના પત્ની ગીતાબેન સાથે દીકરા દિકરીએ પણ લાકડી અને ઢીકાપાટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ૪ લોકો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. હાલ બંને પક્ષોની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

**હોળી ધુળેટીના પર્વ પૂર્વે બુટલેગરો દ્વારા દારૂની રેલમછેલ**

# રાજુલા નજીક દારૂની કટીંગ વેળાએ એસએમસી ત્રાટકી, રૂ.૪૬.૮૮ લાખનો દારૂ પકડાયો

## ટ્રક, ચોક પાઉડર ૧૫૧૭૮ બોટલ, બોલેરો રોકડ અને મોબાઈલ મળી ૬૮.૫ લાખ નો મુદ્દામાલ કબજે, ટ્રક ડ્રાઈવરની ધરપકડ,બુટલેગર, ખેડૂત સહિત આઠ શખ્સો નાસી છૂટયા

**અબતક, દીપેન વ્યાસ, રાજુલા**

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભાચાદર ગામની સીમમાં સ્થાનિક અને મહત્વની બ્રાન્ચને અંધારામાં રાખી એસએમસીએ વિદેશી દારૂનો દરોડો પાડી ટ્રકમાં પશુ આહારની આડમાં રૂપિયા ૪૬.૮૮ લાખની કિંમતનો ૧૫૧૭૮ બોટલ વિદેશી દારૂના જથ્થા સાથે જામનગરના ટ્રક ચાલકની ધરપકડ કરી રૂપિયા ૬૮.૫૫ લાખનો મુદ્દા માલ કબજે કરી બુટલેગર અને ખેડૂત સહિત આઠ શખ્સોની શોધ કોણે હાથ ધરવામાં આવી છે.હોળી ધુળેટીના પર્વ પૂર્વે બુટલેગરો દ્વારા દમણથી સૌરાષ્ટ્રમાં વિદેશી દારૂ ઘુસાડવા એસએમસીએ અમરેલી પંથકમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે રાજુલા તાલુકાના ભાચાદર ગામના દાદુભાઈ સુરંગભાઈ ધાખડા નામના શખ્સની વાડીમાં વિદેશી દારૂનું કટીંગ થતું હોવાની પીઆઈ આર કે કરમટાને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી ટ્રકમાં ચોક પાવડરની બેગમાં છુપાવેલો રૂપિયા ૪૬.૮૮ લાખની કિંમતનો ૧૫૧૭૮ બોટલ દારૂ સાથે જામનગરના વિજય આલા વગોરા ની ધરપકડ કરી પોલીસે ટ્રક, ચોક પાઉડર ૧૫૧૭૮,બોટલ, બોલેરો રોકડ અને મોબાઈલ મળી ૬૮.૫ લાખ નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે વિજય આલા રામભાઈ ,ટ્રક ડ્રાઈવર સહિત નવ આરોપી ઓ સામે ગુન્હો દાખલ થયો તેમજ ચાલક ટ્રકનો માલિક અને દારૂ મોકલનાર સહિત આઠ શખ્સો ની શોધ ખોળ હાથ ધરવામાં આવી છે.એસએમસીએ ભચાદરમાંથી પકડાયેલો વિદેશી દારૂનો જથ્થો અંગે જાણવા મળતી વિગત મુજબ જેટલા આરોપીઓ છે તેમની કોલ ડિટેલ્સ અને વ્ફતિંફા ની ડીટેલ તપાસવામાં આવે તો કોણ કોણ આમાં સંકળાયેલા છે તે બહાર આવે એસએમસીની રેડથી અધિકારી કક્ષાના સામે કોઈ કાર્યવાહી થશે કે? નાના કર્મચારીનો ભોગ લેવાશે કેવી લોકમુખે ચર્ચાઓ જાગેલ છે. ધરખમ ફેરફાર કરવાની તાતી જરૂર છે.

# જેતપુરના શ્રી ઉમા ફિનિશિંગ કારખાનામાંથી બાળ શ્રમિકોને મુક્ત કરાયા

## બાળકોને સુરક્ષાગૃહમાં મોકલી કારખાનાના માલિક અને કોન્ટ્રાકટર વિરુદ્ધ ગુનો નોંધતી પોલિસ

**અબતક, રાજકોટ**

જેતપુરમાં આઈટીઆઈ નજીક આવેલ શ્રી ઉમા ફિનિશિંગ નામના કારખાનામાં મજૂરી કરતા બાળ શ્રમિકોને પોલિસે મુક્ત કરાવી કારખાનાના માલિક અને કોન્ટ્રાકટર વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર સીઆઈડી ક્રાઈમ વડાની કચેરી ખાતેથી ગત તા.૨૩-૦૧-૨૬ થી બાળમજૂરી થતી અટકાવવા વિશેષ અભિયાન શરૂ કરવા સૂચના મળી હતી. જે સૂચના અનુસંધાને રાજકોટ રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવ અને જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ બાળ મજૂરોને શોધી કાઢી રેસ્કયુ કરી કાયદેસરની કાર્યવાહી કરવા એન્ટી હ્યુમન ટ્રાફિક યુનિટના પીઆઇ એમ જે ચૌધરીની ટીમ પ્રયત્નશીલ હતી. દરમિયાન વીરપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આઈટીઆઈની બાજુમાં આવેલ શ્રી ઉમા ફિનિશિંગ ખાતે સગીર વયના બાળકો પાસે મજૂરી કરાવવામાં આવતી હોય તેવી હકીકતના આધારે દરોડો પાડી બાળ શ્રમિકોને રેસ્કયુ કરી સુરક્ષાગ્રુહમાં મોકલી દેવાયા હતા.



જયારે શ્રી ઉમા ફિનિશિંગના માલિક વિજય પ્રવીણભાઈ કાનાણી (રહે જેતપુર) અને કોન્ટ્રાકટર અરમાનઅલી મુમતાજઅલી (રહે કલ્યાણપુર,બિહાર) વિરુદ્ધ બાળમજૂરી અધિનિયમ તથા જુવેનાઈલ જસ્ટિસ એકટ હેઠળ ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી એન્ટી હ્યુમન ટ્રાફિક યુનિટના પીઆઇ એમ જે ચૌધરી, હેડ કોન્સ્ટેબલ દિલીપભાઈ કળોતરા, વિશાલભાઈ હુણ અને કોન્સ્ટેબલ મનીષાબેન ખીમાણીયા દ્વારા કરવામાં આવી હતી.

# જામનગર: ગોકુલ દર્શન સોસાયટીમાંથી ૪૬૮ બોટલ દારૂના જથ્થા સાથે કપીલ મંગી ઝડપાયા

## રૂ.૪.૨૮ લાખનો મુદામાલ કબ્જે: બેની શોધખોળ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરમાં વધુ એક વખત દારૂબંધીની અમલવારી સામે સવાલો ઉઠ્યા છે. જામનગર સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે ગોકુલ દર્શન સોસાયટીમાંથી ૪૬૮ બોટલ દારૂના જથ્થા સાથે એક શખ્સને દબોચી લીધો હતો. આરોપી પાસેથી રૂ. ૪,૨૮,૬૦૦ નો મુદામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. આ પ્રકરણમાં બે શખ્સોની સંડોવણી સામે આવતા તેને ફરારી જાહેર કરી તપાસ તેજ બનાવી છે.

સિટી એ ડિવિઝન પીઆઈ એન.એ.ચાવડા કોન્સ્ટેબલ રૂષીરાજસિંહ લાલુભા જાડેજા અને કીશોરભાઈ ભુટાભાઈ ગાગીયા, હેડ કોન્સ્ટેબલ પ્રદીપસિહ ટેમુભા જાડેજાને ગોકુલ દર્શન સોસાયટી ગેઈટ નંબર ૧ શેરી નંબર ૫ માં રહેણાંક મકાનમાં દારૂ વેચાણની બાતમી મળી હતી.

બાતમીના આધારે પોલીસ શહેરના ગોકુલ દર્શન સોસાયટી ગેઈટ નંબર ૧ શેરી નંબર ૫ મા રહેતા કપીલ ધર્મેન્દ્રભાઈ મંગીના મકાનમાં ત્રાટકી હતી. દરમિયાન આરોપી કપીલ ધર્મેન્દ્રભાઈ મંગીના મકાનની તલાસી લેતા મકાનમાંથી



રૂ. ૪,૨૩,૬૦૦ રૂપિયાની કિંમતની ૪૬૮ બોટલ દારૂનો જથ્થો ઝડપાયો હતો. પોલીસે મોબાઈલ સહિત રૂપિયા ૪.૨૮ લાખના મુદામાલ સાથે આરોપીને દબોચી લઈ વધુ પૂછપરછ કરતા દારૂનો આ જથ્થો કૌશીક ઈશ્વરભાઈ કનખરા તથા સંદીપ રાજેશભાઈ સોમૈયા (રહે.બન્ને જામનગર) પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત આપી હતી. જેના આધારે પોલીસે આ બંને આરોપીઓને ફરારી જાહેર કરી પકડી પાડવા વધુ તજવીજ હાથ ધરી છે.

# ગોંડલ: ચોરીના ગુનામાં ફરાર શીકલીગર ગેંગનો આરોપી પકડાયો

## ઝડપાયેલો શખ્સ ચોરીના અનેક ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચૂકયો છે

**અબતક રાજકોટ**

ગોંડલ તાલુકા પોલીસની ટીમે ચોરીના અનેક ગુન્હામાં ચડી ચુંકેલો શિકલીગર ગેંગ નો વોન્ટેડ શખ્સને જમાવડીમાંથી ઝડપી લીધો છે.



રાજકોટ રેન્જ આઈ અશોકકુમાર યાદવ અને રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિહ ગુર્જર તથા ગોંડલ વિભાગના પોલીસ અધ્યક્ષ કે.જી.ઝાલાની સૂચનાથી જિલ્લામાં ફરાર ગુનેગારોને પકડવા માટે સૂચના આપેલી હતી.જેના પગલે ગોંડલ તાલુકા પોલીસ ની ટીમ સક્રિય બની વોન્ટેડ આરોપીઓની શોધ ખોળ હાથ ધરી હતી . જે દરમિયાન બાતમી મળી હતી કે, મહેસાણાના ખેરાલુમાં ઈન્દિરા નગરમાં રહેતો મનજીત સિંગ ધરમસિંગ જૂની નામનો સખ્સ જામવાડી પાસે ઊભો છે. બાતમીના પગલે ગોંડલ તાલુકા પોલીસે મનજીતસિંગ ને ઝડપી લીધો હતો. પોલીસ સુત્રો પાસેથી જાણવા મળતી માહિતી મુજબ ઝડપાયેલો શખ્સ અગાઉ જેતપુર સીટી, ગોંડલ તાલુકા અંકલેશ્વર હિંમતનગર અમદાવાદ શહેર અરવલ્લી અને ધંધુકા પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. દરોડાની કામગીરી ગોંડલ તાલુકા પીઆઇ વી એમ ડોડીયા, પીએસઆઇ આર આર સોલંકી , એ એસ આઈ રવિરાજસિંહ સરવૈયા, હેડ કોસટેબલ પ્રતાપસિંહ સોલંકી અને કોન્સ્ટેબલ જયદીપભાઈ ધાધલ સહિતના સ્ટાફે બજાવી છે.આ બાતમીના આધારે, પોલીસે તાત્કાલિક દરોડો પાડી આરોપી મનજીતસિંગને ઝડપી પાડ્યો હતો. અને કાયદેસર કાર્યવાહી હાથ ધારી હતી.

# તાલાલાના જાવંત્રીગીરમાં થયેલી હત્યામાં વધુ પાંચ આરોપી ઝડપાયા

## વન વિભાગની મદદથી પોલીસે પાંચ શખ્સોને દબોચી જાહેરમાં સરભરા કરી

**અબતક, લીલાધર હરવાણી, તાલાલા**

ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના જાવંત્રી ગીર ગામે જમીનનો કબ્જો પરત લેવા બાબતે આરોપીઓએ જમીનમાં ઘુસી પરિવાર ઉપર ફાયરીંગ કરી તેના મકાન ઉપર સળગતા કાકડા નાખ્યા હતા. જેમાં એક વૃદ્ધા સળગી જતા તેનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે તાલાલા પોલીસ ગુનો દાખલ કરી અગાઉ આઠ આરોપીઓની ધરપકડ કરી હતી. જ્યારે મુખ્ય આરોપી સહિતના શખ્સોને ઝડપી લેવા પોલીસે તપાસ કરતા આરોપીઓ ગીરના જંગલમાં છુપાયા હોવાની માહિતી મળતા પોલીસે વનવિભાગની મદદથી મુખ્ય આરોપી મહમદહુસેન કાસમભાઈ મોરી, રફીક કાસમભાઈ મોરી (રહે.જાવંત્રી ગામ), અકીલ રમજાનભાઈ મોરી, અકરમ કાસમભાઈ મોરી અને રફીક હૈદુભાઈ મજગુલ (રહે. જૂનાગઢ)ને પકડી લીધા હતા. બાદ પોલીસે તમામ આરોપીઓની જાહેરમાં સરભરા કરતા લોકોના ટોળા ઉમટી પડયા હતા.

# પોરબંદર પંથકમાં મધમાખીઓએ બખરલા અને માધવપુરમાં બે વૃધ્ધાઓ પર હુમલો કર્યો

## હજારો મધમાખીઓના ઝુંડના હુમલાથી ભય

**અબતક, અશોક થાનકી, પોરબંદર**

પોરબંદર જીલ્લામાં ઝેરી મધમાખીઓ નો ત્રાસ વધી રહ્યો છે હાલમાં બખરલા ગામના વાડી વિસ્તાર માં રહેતા વેજીબેન કેશુભાઈ કેશવાલા વાડી માં કામ કરી રહ્યા હતા ત્યારે નજીક માં આવેલ વાડીમાં થી ઝેરી મધ માખી નું ઝુંડ ઉડ્યું હતું અને ખેતરમાં કામ કરી રહેલા વેજીબેન પર અચાનક ઝેરી મધમાખીઓનું આખું મધપૂડું તૂટી પડ્યું હતું. મધમાખીઓએ એટલો વિકરાળ હુમલો કર્યો હતો કે માજીને ૩૦૦૦ થી ૪૦૦૦ જેટલા ડંખ લાગ્યા હોવાનું અનુમાન છે. મધમાખીઓના હુમલાથી બચવા માટે માજીએ પાણીના કુંડામાં ઝંપલાવ્યું હતું. ઘટનાની જાણ થતા જ સ્થાનિકોએ ખાનગી વાહન દ્વારા તેમને સલામત સ્થળે ખસેડ્યા હતા અને ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર માટે પોરબંદર ની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

વેજીબેન ઉપરાંત એ જ વિસ્તાર માં કામ કરી રહેલ સવદાસભાઈ ખૂંટી નામના વૃદ્ધ ને પણ માથા માં ઝરી મધમાખી કરડી હતી વૃદ્ધા ની સારવાર માટે ગયેલ ૧૦૮ ના ઈએમટી કુલદીપ ચાવડા ને પણ આ મધમાખીઓ એ દંશ દેતા તેને પણ ઉલટીઓ થઈ હતી આથી તેને પણ સરકારી હોસ્પીટલે સારવાર આપવામાં આવી હતી તો બીજી તરફ માધવપુર ગામે પણ ઝેરી મધમાખી એ દંશ દેતા જેઠીબેન હરદાસભાઈ વાજા નામના વૃધ્ધા ની તબિયત લથડી હતી આથી તેઓને પણ સારવાર માટે પોરબંદર ની સરકારી હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા જીલ્લા માં ઝેરી મધમાખી ના ત્રાસ સામે તંત્ર એ ઊંઘ ઉડાડી નક્કર કામગીરી કરવી જરૂરી બની છે.

# ચોરી-મારામારી સહિતના ગુનામાં સંડોવાયેલો લોધિકાનો યોગેશ સિંગલ પાસામાં ધકેલાયો

## શાપર વેરાવળ પોલીસે વોરંટની બજવણી કરી આરોપીને વડોદરા જેલ હવાલે કર્યો

**અબતક, રાજકોટ**

ચોરી અને મારમારી સહિતના ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા લોધીકાના યોગેશ ઉર્ફે બાલો વિરુદ્ધ પાસાનું વોરંગ ઈશ્યુ થતા શાપર વેરાવળ પોલીસે વોરંટની બજવણી કરી આરોપીની પાસા હેઠળ અટકાયત કરી વડોદરા જેલહવાલે કરી દીધો હતો.

રાજકોટ રેન્જના આઈજી અશોકકુમાર યાદવ અને એસપી વિજયસિંહ ગુર્જરે અસામાજિક પ્રવૃત્તિ સાથે જોડાયેલા, મારામારી તથા મિલકત સંબંધી ગુનાઓ આચરતા શખસો વિરુદ્ધ કાર્યવાહી કરવા સૂચના આપી હોય જે અંતર્ગત એલસીબી શાખા રાજકોટ ગ્રામ્યના પી. આઈ. વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ શાપર વેરાવળ પોલીસ સ્ટેશનના પી.આઈ.આર.બી.રાણાની રાહબરીમાં પોલીસ સ્ટાફે શાપર વેરાવળ વિસ્તારમાં અસામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ શખ્સ યોગેશ ઉર્ફે બાલો મુકેશભાઈ સિંગલ(ઉં વ ૨૧)(રહે પારડી શીતળા મંદિર, ૫૫૫ ચોક પાસે લોધિકા રાજકોટ)ને અટકાયતમાં લેવા તેના વિરુદ્ધ પાસા વોરંટની દરખાસ્ત તૈયાર કરી રાજકોટના જીલ્લા મેજિસ્ટ્રેટને મોકલી હતી. દરખાસ્ત પર મંજૂરીની મહોર લાગતા જ શાપર વેરાવળ પોલીસે શખસને પકડી કાર્યવાહી કરી વડોદરા મધ્યસ્થ જેલ ખાતે ધકેલ્યો હતો.

આ કામગીરીમાં એલ.સી.બી. શાખા રાજકોટ ગ્રામ્યના પી.આઈ. વી.વી.ઓડેદરા, શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. આર.બી.રાણા, એલ.સી.બી. શાખાના એ.એસ.આઈ. બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અમિતસિંહ જાડેજા, શાપર વેરાવળ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. ક્રિપાલસિંહ રાણા, પોલીસ કોન્સ્ટેબલ મહેન્દ્રભાઈ ધાધલ, જગશીભાઈ ઝાલા, દિનેશભાઈ ખાટરીયા સાથે રહ્યા હતા.

# બ્લેક ફ્રાઈડે: શેરબજારમાં ગાબડા

## સેન્સેકસમાં ૫૪૦થી વધુ અને નિફટીમાં ૨૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો

**અબતક,રાજકોટ**

અમેરિકા અને ઈરાન વચ્ચે યુધ્ધના ભણકારાના કારણે ભારતીય શેર બજારમાં છેલ્લા ઘણા સમયથી મંદી જોવા મળી રહી છે આજે સપ્તાહના અંતિમ ટ્રેડીંગ સેશનમાં મુંબઈ શેરબજારના બંને આગેવાન ઈન્ડેકસ સેન્સેકસ અને નિફટીમાં કડાકા બોલી ગયા હતા સેન્સેકસે ઈન્ટ્રા ડે આજે ફરી ૮૨ હજારની સપાટી તોડી હતી. નિફટીએ પણ ૨૫૪૦૦ સપાટી તોડી હતી.

બેંક નિફટી અને નીફટી મીડકેપ ઈન્ડેકસમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો બુલીયન બજારમાં તેજી જોવા મળી હતી. જયારે ડોબર સામે રૂપીયા થોડો નરમ રહ્યો હતો. વૈશ્વિક અનિચ્છીતતાના કારણે ભારતીય શેર બજારમાં તેજી મંદીનો ટ્રેન્ડ નકકી થઈ શકતો નથી એકાદ દિવસ બજારમાં તેજી અને બીજા દિવસે મંદી જોવા મળે છે.આજે ઈન્ટ્રા ડેમાં સેન્સેકસે ૮૨ હજારની સપાટી તોડી હતી. ૮૧૬૭૬ની નીચલી સપાટીએ સરકી ગયો હતો. જયારે ઉપલી સપાટી ૮૨૨૪૬ રહેવા પામી હતી જયારે નિફટીએ ૨૫૪૯૦ સપાટી તોડી હતી નીચલી સપાટી ૨૫૨૯૨ રહેવા પામી હતી જયારે ઉપલી સપાટી ૨૫૪૭૬ રહેવા પામી હતી રોકાણકારોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.આ લખાય રહ્યું છે ત્યારે સેન્સેકસ ૫૫૬ પોઈન્ટના ઘટાડા સાથે ૮૧૬૮૭ અને નિફટી ૨૦૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૫૨૯૪ પર કામકાજ કરી રહ્યા છે.

# ગોંડલમાં જીગીશા પટેલ પર હુમલો કરનાર બે મહિલાની ધરપકડ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય ગોંડલ**

ગોંડલના સરગમ પાર્ક વિસ્તારમાં બે દિવસ પહેલા સ્થાનિક પ્રશ્નો સાંભળવા ગયેલા જીગીશા પટેલની કાર પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને તેમની સાથે ઝપાઝપી પણ થઈ હતી. હુમલાખોરોએ તેમની સ્વિફ્ટ કારના કાચ તોડી નાખ્યા હતા. આ સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેના કારણે આ મામલો વધુ ચર્ચામાં આવ્યો હતો. એ'ડીવીઝન પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી સીસીટીવી ફૂટેજ અને વાયરલ વિડીયોના આધારે ગણતરીના કલાકોમાં બે મહિલા આરોપીઓની ધરપકડ કરી છે. ગોંડલની શિવમ સોસાયટીમાં રહેતી ૨૮ વર્ષીય ક્રિષ્ના રાજભાઈ રાવલ અને રાજકોટના આંબેડકરનગરમાં રહેતી ૧૯ વર્ષીય યોગીતા ઉર્ફે યસ્વી ઉર્ફે દ્રષ્ટિ મહેશભાઈ વિઝુડાની ધરપકડ કરી છે પોલીસ દ્વારા આ ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓની શોધખોળ ચાલુ છે.

# દિલ્હી શરાબ કૌભાંડમાં અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા કોર્ટ દ્વારા આરોપમુક્ત

## સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન પાસે તેમની સામે મુકદ્દમો ચલાવવા માટે પૂરતા અને મજબૂત પુરાવા નથી: કોર્ટ

**અબતક, નવી દિલ્હી**

દિલ્હીના બહુચર્ચિત શરાબ કૌભાંડ મામલે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તેમજ પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને મોટી રાહત મળી છે. રાઉઝ એવન્યુ કોર્ટે આજે આ કેસમાં મહત્વનો ચુકાદો આપતા બંને ટોચના નેતાઓને આરોપમુક્ત કર્યા છે. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન પાસે તેમની સામે મુકદ્દમો ચલાવવા માટે પૂરતા અને મજબૂત પુરાવા નથી.

આજે રાઉઝ એવન્યુ કોર્ટમાં મનીષ સિસોદિયાની હાજરીમાં આ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન કોર્ટે નોંધ્યું હતું કે તપાસ એજન્સી દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાઓ અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા પર આરોપ ઘડવા અને કેસ ચલાવવા માટે પર્યાપ્ત નથી. પુરાવાના અભાવે કોર્ટે માત્ર આ બંને નેતાઓને જ નહીં, પરંતુ કેસ સાથે જોડાયેલા અન્ય આરોપીઓને પણ ક્લીન ચીટ આપીને આરોપમુક્ત કરી દીધા છે. આમ આદમી પાર્ટી માટે સંજીવની સમાન ચુકાદો

આ ચુકાદો આમ આદમી પાર્ટી માટે રાજકીય અને કાનૂની રીતે ખૂબ મોટી જીત માનવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, દિલ્હી સરકારની વિવાદિત એક્સાઈઝ પોલિસી (શરાબ નીતિ)માં કથિત ગેરરીતિઓના આક્ષેપો હેઠળ સીબીઆઈ અને ઈડી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.

આ મામલે મનીષ સિસોદિયા અને ત્યારબાદ ખુદ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કરવામાં આવતા દેશનું રાજકારણ ગરમાયું હતું.

હવે જ્યારે કોર્ટે મુખ્ય એજન્સી સીબીઆઈના કેસમાં પુરાવાઓનો સ્પષ્ટ અભાવ હોવાનું ઠેરવીને બંને નેતાઓને આરોપમુક્ત કર્યા છે, ત્યારે તેને તપાસ એજન્સીઓ માટે એક મોટો ફટકો માનવામાં આવે છે. કોર્ટના આ નિર્ણય બાદ આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકરોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

# રાજકોટ ગ્રામ્યમાં જુગારના ત્રણ દરોડા: ૧૮ ખેલીઓ ઝડપાયા, એક ફરાર

## સુતલનાપુર પોલીસે કેશવાળા ગામની સીમમાં, ભાડલા પોલીસે ભેટસુડા ગામે અને વિરપુર પોલીસે દેવપરા વિસ્તારમાં દરોડો પાડયો: રૂ.૫૧૧૮૦ની રોકડ કબજે

**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્યમાં જુગારના ત્રણ દરોડામાં પોલીસે ૧૮ શખસોને ઝડપી લીધા હતા.જ્યારે એક શખસ નાસી ગયો હતો. સુતલનાપુર પોલીસે કેશવાળા ગામની સીમમાં, ભાડલા પોલીસે ભેટસુડા ગામે અને વિરપુર પોલીસે દેવપરા વિસ્તારમાં દરોડો પાડયો હતો.

જુગારના પ્રથમ દરોડામાં સુલતાનપુર પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે કેશવાળા ગામની સીમમા વાસાવડ રોડ પર આવેલ અશ્વીનભાઈ બાબુભાઈ પરમારની વાડીના શેઢા પાસે જાહેરમા જુગાર રમતા સાત શખ્સોને પકડી પાડ્યા હતા.જયારે વાડી માલિક નાશી છૂટ્યો હતો. પોલીસે સાત શખ્સોને પકડી પાડ્યા હતા જેમાં સુરેશ અમરાભાઈ મકવાણા(રહે. કેશવાળા તા.ગોંડલ),મુકેશ ઈશ્વરભાઈ જોષી(રહે. ધરાઈ (વાવડી) ગામ તા.બાબરા),ઓઘળ ઉર્ફે યોગેશ મગનભાઈ તેરવાડીયા(રહે.ધરાઈ (વાવડી) તા.બાબરા),કરશન મગનભાઈ લુણાગરીયા(રહે.કેશવાળા તા.ગોંડલ),રમેશ ભીમજીભાઈ કાનાણી(રહે.મોટા દેવળીયા તા.બાબરા),બાબુ દેવરાજભાઈ ઈસોટીયા(રહે.મોતા ખંભાડીયા તા.ગોંડલ),કેશુ વાલજીભાઈ પરવાડીયા(રહે.મેતા ખંભાડીયા તા.ગોંડલ) સમાવેશ થાય છે. જયારે અશ્વીન બાબુભાઈ પરમાર નાશી છૂટયા હતા.સુલતાનપુર પોલીસે પટમાંથી રૂ.૨૭,૪૦૦ની રોકડ કબજે કરી પકડાયેલ શખ્સો સામે જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી નાશી ગયેલ શખસને પકડી પાડવા તજવીજ શરુ કરી હતી .

બીજા દરોડામાં,ભાડલા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન કુંદણી ગામથી ભેટસુડા ગામ જવાના કાચા રસ્તે આવેલ નરેશભાઈ વિનુભાઈ ખાચરની વાડીની બાજુમા જાહેરમા જુગાર રમતા સાત શખસોને પકડી પાડ્યા હતા.જેમાં ડાયા પોલાભાઈ બાવળીયા(રહે બરવાળા તા જસદણ),પરસોતમ જેરામભાઈ કુકડીયા(રહે બરવાળા તા જસદણ).તેજા તળશીભાઈ સીસા(રહે ગોલીડા તા ચોટીલા),શંભુ ખીમાભાઈ કોઠારીયા(રહે કુંદણી તા જસદણ),ગોરધન નરસીભાઈ ગોહીલ(રહે શાંતીનગર તા જસદણ),મનસુખ છનાભાઈ પરમાર(રહે પારેવાળા તા જસદણ),ભગીરથ બાવકુભાઈ ખાચર(રહે કુંદણી તા જસદણ)નો સમાવેશ થાય છે.પોલીસે પટમાંથી રૂ.૧૨,૫૦૦ની રોકડ કબજે કરી તમામ સામે જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

જુગારના ત્રીજા દરોડામાં,વિરપુર પોલીસે પેટ્રોલિંગ દરમિયાન વિરપુર બસ સ્ટેન્ડ સામે આવેલ દેવપરા વિસ્તારમા જાહેરમાં જુગાર રમતા મેહુલ ઉર્ફે હનુમાન ભુરાભાઈ રાઠવા(રહે. વિરપુર, બસ સ્ટેન્ડ પાસે, ઝુંપડામા),ભાવેશ વિનુભાઈ બારૈયા(રહે.ગોંડલ, વોરા કોટડા રોડ),વાગુ બચુભાઈ મંડોળ(રહે.વિરપુર, મેવાસા રોડ),ભરત ભીખાભાઈ વિકાણી(રહે.વિરપુર,સરકારી દવાખાના સામે) પકડી પાડી પટમાંથી રૂ.રૂ.૧૧,૨૮૦ જપ્ત કરી ચારેય સામે જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# સાયબર ફ્રોડનો શિકાર બનેલા નવ અરજદારોને રૂ.૩.૪૪ લખની રકમ પરત અપાઈ

## ધોરાજી સીટી પોલીસે ટેકનિકલ ઈન્ફોર્મેશન, ડિજિટલ એનાલિસિસના આધારે સાઈબર ફ્રોડના નાણાં પરત મેળવી અર્પણ કર્યા



**અબતક,રાજકોટ**

સાયબર ફ્રોડનો ભોગ બનનાર નવ અરજદારો ધોરાજી સીટી પોલીસે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ રૂ.૩,૪૪,૭૩૧ રકમ પરત કરી હતી.

રાજકોટ રેન્જ ના આઈ.જી અશોકકુમાર યાદવ, એસપી વિજયસિંહ ગુર્જર, મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ ધોરાજી સીટી પોલીસ સ્ટેશનના પી.આઈ. કે એચ.ગરચરની રાહબરી હેઠળ ધોરાજી સીટી પોલીસે સાયબર ફ્રોડની મળેલી ફરિયાદોના નિકાલ માટે ટેકનિકલ ઈન્ફોર્મેશન, ડિજિટલ એનાલિસિસ ની કાર્યવાહી દ્વારા સાયબર ફ્રોડમાં ગુમાવેલી રકમ રૂ.૩,૪૪,૭૩૧ નવ અરજદારોને પરત કરી હતી.જેમાં જીગ્નેશ શિરોયાને રૂ.૪૯,૯૯૯, રોહિતભાઈને રૂ.૯૮,૧૪૪, રણજીત સોંદરવાને રૂ.૨૦૦૦, કોમલને રૂ.૨૨૪૦, રામચંદ્ર રમણીકલાલ રૂ.૩૪૫૦, રીની ઠુંમરને રૂ. ૩૭,૫૫૦, મહમદ કાસીમને રૂ.૫૯,૯૯૯, ચૌહાણ અહેમદને રૂ.૧૦,૦૦૦, મીતભાઈ રાજેશભાઈને રૂ.૭૫૦૦૦ આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ધોરાજી સીટી પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.એચ.ગરચર, પી.એસ.આઈ. આર.બી. બલદાણીયા, એ.એસ.આઈ. મહેશભાઈ રાડા, પોલીસ હેડ કોન્સ્ટેબલ વાસુદેવસિંહ જાડેજા, નારણભાઈ પંપાણીયા, મિલનભાઈ કાનગઢ, એલ જે મકવાણા, વિજયભાઈ ચાવડા, પોલીસ કોન્સ્ટેબલ રાજુભાઈ ભોળદરિયા, બળદેવભાઈ છેલાણા, આઈ ટી એકસપર્ટ ક્રિષ્નાબેન ડાભી હાજર રહ્યા હતા.

# ધોરાજી: હિન્દુ સંમેલનમાં સ્વદેશી સામાજીક સમરસતા અંગે અપાઈ સમજણ



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજીના કુંભારવાડા ખાતે ભૂલકા ગરબી ગ્રાઉન્ડ ખાતે હિન્દુ સમેલનનું આયોજન કરવામાં આવેલ હતું. બહોળી સંખ્યામાં સનાતનીઓ હાજર રહેલ હતા. આ તકે સ્વદેશી ભારત જાગરણ, સામાજિક સમરસતા, પર્યાવરણ, નાગરિક કર્તવ્ય, કુટુંબ પ્રબોધન સહિતના મુદ્દા પર ચર્ચા વિચારણા કરીને માહિતી આપવામાં આવેલ હતી. આર.એસ.એસ.ને ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં આ સંમેલન યોજાયું હતું. આ હિન્દુ સમેલન ના મુખ્ય વક્તા સુધીરભાઈ બદિચાણિ તેમજ ઉત્તમચરણદાસ સ્વામી, ગુરૂ

મોહનદાસજી સ્વામી, ધોરાજી તેમજ ભીખુબાપુ નાનક સહિતના વક્તાઓ હિન્દુ આગેવાનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# અમરેલી: મોટા ગોખરવાળા આરોગ્ય મંદિર ખાતે વર્ચ્યુઅલ એસેસમેન્ટ કાર્યક્રમ યોજાયો

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલીના મોટા ગોખરવાળા આરોગ્ય મંદિર વાંકિયા સબ સેન્ટર હેઠળ આવતા પ્રાથમિક આરોગ્ય મંદિર પેટા આરોગ્ય કેન્દ્રમાં નેશનલ લેવલનું વર્ચ્યુઅલ એસેસમેન્ટ હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંગે વધુ વિગત આપતા આયુષ મેડિકલ ઓફિસર ડો. કિરણબેન શેલડીયાએ જણાવ્યું હતું કે, આરોગ્ય કેન્દ્ર દ્વારા આપવામાં આવતી સેવાઓની ગુણવત્તામાં સતત સુધારો થાય અને છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ પહોંચે તે માટે આ એસેસમેન્ટ ખૂબ જ મહત્વનું છે. નેશનલ લેવલના એસેસર ડો. સ્વાતી અને ડો. રાજેશ દ્વારા આ વર્ચ્યુઅલ એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું.

# જાણીતા એડવોકેટ કે.સી. વ્યાસનું સાંજે બેસણું



**રાજકોટ:** ઔદીચ્ય ગઢિયા બ્રહ્મસમાજના અગ્રણી કૌશિકભાઈ ચંદ્રકાન્તભાઈ વ્યાસ (એડવોકેટ ) તે સ્વ. ચંદ્રકાન્તભાઈ ચંપકલાલ વ્યાસ (એડવોકેટ ), શોભાબેન વ્યાસના પુત્ર અને તેજલબેન વ્યાસના પતિ, પ્રણવ વ્યાસ (એડવોકેટ ) ના પિતા, નયનાબેન રજનીકાંત પંડ્યા (લંડન), આરતીબેન નિરંજનભાઈ પંડ્યા (રાજકોટ), પ્રવીણભાઈ ચંદ્રકાન્તભાઈ વ્યાસ (પી સી વ્યાસ ,એડવોકેટે) ,જયશ્રીબેન દિપકભાઈ ત્રિવેદી, (અમદાવાદ)ના ભાઈ,દીપ વ્યાસ (એડવોકેટ) ના કાકા, સ્વ.ઈંદ્રવદનભાઈ વ્યાસ અને કુસુમબેન ઈન્દ્રવદન વ્યાસ ના જમાઈ, સચિન વ્યાસના બનેવીનું આજરોજ અવસાન થયું છે. સદગતની પ્રાર્થના સભા અને બેસણું તારીખ ૨૭ ને શુક્રવારે સાંજે ચાર થી છ કલાકે રાષ્ટ્રીય શાળા રાજકોટ ખાતે રાખેલ છે.

### (પહેલા પાનાનું ચાલું) પાક-અફઘાનિસ્તાન...

સરહદમાં ઘૂસણખોરી કરીને ભારે તબાહી મચાવી છે. અફઘાન સેનાએ પાકિસ્તાનની ૧૯ જેટલી લશ્કરી ચોકીઓ પર પોતાનો કબજો જમાવી લીધો હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. આ ભીષણ ઘર્ષણમાં ૫૫ જેટલા પાકિસ્તાની સૈનિકોના મોત થયા હોવાનો દાવો પણ તાલિબાન દ્વારા કરવામાં આવ્યો છે, જે પાકિસ્તાન માટે મોટો ફટકો માનવામાં આવે છે.

અફઘાનિસ્તાનના આ આક્રમક વલણ અને સતત થઈ રહેલા હુમલાઓમાં અંદાજે ૫૫ લોકોના મોત નિપજ્યા બાદ પાકિસ્તાન પણ એકશનમાં આવ્યું છે. પાકિસ્તાને અફઘાનિસ્તાનને જવાબ આપવા માટે લશ્કરી કાર્યવાહી તેજ કરી છે અને 'ઓપરેશન ગઝબ લીલ હક' નામનું મોટું લશ્કરી અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી છે. આ ઓપરેશન હેઠળ પાકિસ્તાની સેના સરહદ પર આતંકવાદી અને તાલિબાની ઠેકાણાઓને નિશાન બનાવી રહી છે.

ઈસ્લામાબાદ દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, પાકિસ્તાની સેનાએ કરેલી જવાબી કાર્યવાહીમાં અત્યાર સુધીમાં ૧૩૩ જેટલા તાલિબાની લડવૈયાઓને ઠાર કરવામાં આવ્યા છે. પાકિસ્તાન લાંબા સમયથી એવો આક્ષેપ કરી રહ્યું છે કે અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ પાકિસ્તાન વિરોધી આતંકવાદી ગતિવિધિઓ માટે થઈ રહ્યો છે. તાજેતરમાં શરૂ કરાયેલું આ નવું લશ્કરી ઓપરેશન સરહદને સુરક્ષિત કરવા અને આવા તત્વોનો ખાતમો બોલાવવા માટે જ શરૂ કરાયું હોવાનું સેના જણાવી રહી છે.

બંને પાડોશી દેશો વચ્ચેની આ સામસામી અથડામણ અને ઉગ્ર નિવેદનબાજીને કારણે દક્ષિણ એશિયામાં અસ્થિરતા અને ભયનો નવો માહોલ ઊભો થયો છે. અફઘાનિસ્તાન અને પાકિસ્તાન બંને એકબીજા પર દોષનો ટોપલો ઢોળી રહ્યા છે અને કોઈ પણ પક્ષ પાછળ હટવા તૈયાર નથી. આગામી દિવસોમાં જો આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા કોઈ સાર્થક હસ્તક્ષેપ કરવામાં નહીં આવે, તો આ લડાઈ વધુ ઉગ્ર રૂપ ધારણ કરી શકે છે અને સામાન્ય નાગરિકોની જાનમાલની મોટી ખુવારી થઈ શકે છે.

આ સૈન્ય અથડામણની શરૂઆત ત્યારે થઈ જયારે પાકિસ્તાને ૨૧ ફેબ્રુઆરીએ અફઘાનિસ્તાનની અંદર શંકાસ્પદ આતંકી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા હતા. પાકિસ્તાનનો દાવો હતો કે, તેની પાસે પાકા પુરાવા છે કે પ્રતિબંધિત સંગઠન તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન અને બલોચ બળવાખોરો પાકિસ્તાન પર હુમલા કરવા માટે અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ કરી રહ્યા છે.

### ભારત - ઈઝરાયેલ...

આ મુલાકાત દરમિયાન ક્રિટિકલ અને ઈમર્જિંગ ટેકનોલોજી માટે નવી એનએસએ-આધારિત ભાગીદારીની જાહેરાત કરવામાં આવી હતી. નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે ટેકનોલોજી એ ભારત-ઈઝરાયેલની ભવિષ્યની ભાગીદારીના કેન્દ્રમાં છે, જેનાથી સંયુકત વિકાસ અને સંરક્ષણ ઉત્પાદનને નવી દિશા મળશે.

પ્રાદેશિક કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપવા માટે પણ બંને પક્ષોએ સહમતિ દર્શાવી છે. ભારત-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર અને ઈન્ડિયા-ઈઝરાયેલ-યુએઈ-યુએસએ પ્રોજેક્ટ્સને નવી ગતિ સાથે આગળ વધારવા પર સંમતિ સધાઈ હતી. આ ઉપરાંત, બંને દેશોએ એક સમાન પડકાર સમાન આતંકવાદ સામે લડવાના સામૂહિક સંકલ્પને પણ પુનરાવર્તિત કર્યો હતો.

રાજકીય સ્તરે પણ સંબંધો વધુ ગાઢ બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. નરેન્દ્ર મોદીએ ઈઝરાયેલની સંસદ 'કનેસેટ'ને પણ સંબોધિત કરી હતી અને બંને દેશોની લોકશાહી વચ્ચે સંસદીય આદાન-પ્રદાન વધારવા અપીલ કરી હતી. ભારતમાં લોકસભાના સ્પીકર ઓમ બિરલા દ્વારા જાહેર કરાયેલા ૬૪ દ્વિપક્ષીય સંસદીય મૈત્રી જૂથોમાં ઈઝરાયેલ સાથેના જૂથનો પણ સમાવેશ થાય છે, જે આ દિશામાં બંને દેશોની સંસદને નજીક લાવવાનું કામ કરશે.

### વિઝા અને ખર્ચ...

દર્શાવે છે કે નોર્થ અમેરિકા (ખાસ કરીને યુ.એસ. અને કેનેડા) હવે વિદ્યાર્થીઓની પહેલી પસંદગી રહ્યું નથી. તેની જગ્યાએ એશિયા અને યુરોપના દેશો તરફ વિદ્યાર્થીઓનો ઝુકાવ વધી રહ્યો છે. વર્ષ ૨૦૧૯ માં ૫૭% આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અમેરિકામાં અભ્યાસ કરવા માંગતા હતા, જે ૨૦૨૫ માં ઘટીને માત્ર ૪૨% થઈ ગયા છે.આ ઉપરાંત, બ્રિટન અને ઓસ્ટ્રેલિયામાં પણ સરકારી નિયંત્રણો અને નીતિઓમાં ફેરફારને કારણે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. આ સમગ્ર પરિસ્થિતિ દર્શાવે છે કે આગામી સમયમાં વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીના રેન્કિંગ કરતા વિઝાની સરળતા, અભ્યાસ બાદ કામ કરવાની તકો અને આર્થિક અનુકૂળતાને જ પ્રાધાન્ય આપશે.

### ટ્રાફિકના નિયમો...

બનાવટમાં સુરક્ષાના ધોરણો કડક કરવામાં આવશે જેથી ખામીયુકત ડિઝાઈનને કારણે અકસ્માત ન થાય. ભારતમાં દર વર્ષે ૫ લાખ અકસ્માતો થાય છે અને ૧.૮ લાખ લોકો જીવ ગુમાવે છે. આ સિસ્ટમ આવવાથી લોકો ટ્રાફિક નિયમો પ્રત્યે વધુ ગંભીર બનશે. આ ડ્રાઈવિંગ લાયસન્સની આખી પ્રક્રિયામાં આવનારો ક્રાંતિકારી ફેરફાર છે, જેની સીધી અસર દરેક વાહન ચાલક પર પડશે.

### (છેલ્લા પાનાનું ચાલુ) વડાપ્રધાન નરેન્દ્ર મોદી...

તકો ઉપલબ્ધ બનશે. માઈક્રોન ટીમ દ્વારા જણાવ્યા અનુસાર અહીં દિવ્યાંગ નાગરિકો પણ ઓપરેટર અને ટેક્નિશિયન તરીકે કામ કરે છે અને કૌશલ્યથી સક્ષ્જ તમામ પ્રકારના નાગરિકો માટે નોકરીની તકો ઉપલબ્ધ છે.

માઈક્રોન ટેક્નોલોજીના પ્રમુખ અને સીઈઓ, સંજય મેહરોત્રાએ જણાવ્યું હતું કે આજની ટેકનોલોજીમાં, ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં, મેમરી અને સ્ટોરેજ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે જણાવ્યું કે મજબૂત મેમરી અને સ્ટોરેજ સપોર્ટ વિના એઆઈ પ્રણાલીઓ યોગ્ય રીતે કાર્ય કરી શકતી નથી. જેમ જેમ અંઈ વધુ ઝડપી અને રિઅલ-ટાઈમ પ્રતિભાવો આપવાનું શરૂ કરે છે, તેમ તેને વધારે અને વધુ અદ્યતન મેમરીની જરૂરિયાત પડે છે.

એટીએમપી પ્લાન્ટની કામગીરી વેફર ચીપ્સથી શરૂ થાય છે. સૌથી પહેલા આપણે એ સમજીએ કે એટીએમપી સુવિધા સુધી પહોંચ્યા પહેલા આ ચીપ્સ કેવી રીતે બને છે. સેમિકન્ડકટર ચીપ બનાવવાની પ્રક્રિયા રેતીથી શરૂ થાય છે. સૌથી પહેલા રેતીમાંથી પ્યોર સિલિકોનને અલગ કરવામાં આવે છે. આ સિલિકોનને ઓગાળીને તેનું સિલિન્ડર બનાવવામાં આવે છે જેને ઈનગોટ કહેવામાં આવે છે. આ સિલિન્ડરને કાપીને તેમાંથી બારીક પ્લેટ્સ બનાવવામાં આવે છે, જેને વેફર્સ કહેવાય છે. ત્યારબાદ ફેબ્રિકેશન પ્લાન્ટમાં આ વેફર્સ પર ઈલેક્ટ્રિક પેટર્ન પ્રિન્ટ કરવામાં આવે છે અને ઘણા આવરણો (લેયર્સ) તેના પર ચડાવવામાં આવે છે. આ આવરણોને ફોટોલિથોગ્રાફી દ્વારા યોગ્ય રીતે ગોઠવવાથી વેફર્સ પર ટ્રાન્ઝિસ્ટર્સ બને છે. તેના દ્વારા વેફર્સ પર મેમરી બને છે અને આ વેફર્સમાં મેમરી ચીપ ગોઠવાઈ જાય છે. ત્યારબાદ વેફર્સના નાના ચોરસ ટુકડા કરવામાં આવે છે જેને ચીપ કહેવાય છે.

આ ચીપ ત્યારબાદ એટીએમપી પ્લાન્ટમાં પહોંચે છે. અહીં પહેલા તેની એસેમ્બલી કરવામાં આવે છે.ત્યારબાદ ટેસ્ટિંગના તબક્કામાં તેની સ્પીડ, મેમરી અને કામગીરીનું સંપૂર્ણ ટેસ્ટિંગ કરવામાં આવે છે. ત્યારબાદ તેનું વિગતવાર માર્કિંગ કરીને છેલ્લે પેકેજિંગ કરવામાં આવે છે, જેથી એ માર્કેટમાં પહોંચી શકે. સાણંદ પ્લાન્ટમાં સમગ્ર વિશ્વભરના માર્કેટને અનુરૂપ ઈન્ટિગ્રેટેડ સર્કિટ પેકેજ, મોડ્યુલ અને સોલિડ સ્ટેટ ડ્રાઈવ્સનું નિર્માણ કરવામાં આવશે. તેના માટે માઈક્રોનની વૈશ્વિક ફેક્ટરીઓમાં નિર્મિત અદ્યતન ડીઆરએએમ અને એનએએનડી વેફર્સ મેળવીને તેમને ફાઈનલ મેમરી ઉત્પાદનોમાં પરિવર્તિત કરવામાં આવશે. આ ઉત્પાદનો એઆઈ ક્ષેત્રમાં મેમરી અને સ્ટોરેજની વધી રહેલી માંગને પૂરી પાડવામાં મદદરૂપ બનશે.

### દ્વારકા...

ઉત્સવના તહેવારોને અનુલક્ષીને ૩૦ માર્ચે મંગળા આરતી સવારે ૬ કલાકે, શ્રીજીની અભિષેક પૂજા (દર્શન બંધ) સવારે ૮ થી ૯ સુધી, શૃંગાર આરતી સવારે ૧૦:૪૫ કલાકે તેમજ બપોરે ૧ વાગ્યે અનોસર (મંદિર બંધ) થશે. બપોરે ૨ કલાકે ફુલડોલ ઉત્સવ આરતી અને ૨ થી ૩ સુધી ફુલડોલ ઉત્સવ ઉજવાશે. બપોરે ૩ થી ૫ સુધી મંદિર બંધ રહયા બાદ સાંજે ૫ કલાકે શ્રીજીના ઉત્થાપન દર્શન થશે તેમજ સાંજનો અન્ય ક્રમ નિત્યક્રમ અનુસાર યોજાશે.

### દેવામાં ઘટાડો...

પોલિસીઓ દ્વારા રાજ્ય મેન્યુફેક્ચરિંગ હબ બન્યું છે. માત્ર ઉદ્યોગો જ નહિ, આ બજેટ 'જગતના તાત' ની પ્રગતિનો પણ દસ્તાવેજ છે. ખેડૂતોને હવે રાત્રે ઉજાગરા નથી કરવા પડતા, 'કિસાન સૂર્યોદય યોજના'થી તેમને દિવસે વીજળી મળે છે. ચાલુ રવિ સીઝનમાં રાજ્યના ખેડૂતોએ ૪૪ લાખ હેક્ટરમાં વિક્રમી વાવેતર કર્યું છે,

મંત્રીએ અંતમાં જણાવ્યું હતું કે, આ બજેટ કોઈ હવામાં બનાવેલો દસ્તાવેજ નથી, પરંતુ આવનારી પેઢીઓ માટે સુવર્ણ ભવિષ્યનો લેખિત દસ્તાવેજ છે. તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતની સમગ્ર ટીમ ગુજરાતને આ સર્વગ્રાહી અંદાજપત્ર બદલ અભિનંદન પાઠવી પોતાનું સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું હતું.

### પીજીવીસીએલ...

ડ્રાઈવમાં માત્ર સામાન્ય ગ્રાહકો જ નહીં, પરંતુ બાકી લેણાં ધરાવતી વિવિધ નગરપાલિકાઓ પાસેથી પણ કડક ઉઘરાણી કરવામાં આવી હતી. તંત્રને નગરપાલિકાઓ પાસેથી રૂ. ૨૭ કરોડ ૨૬ લાખ જેવી મોટી રકમ વસૂલ કરવામાં સફળતા મળી છે. એલ.ટી. કેટેગરીના ગ્રાહકો પાસેથી કુલ રૂ. ૫૯.૬૮ કરોડનું કલેક્શન આવ્યું છે, જેમાં ગ્રાહકોએ ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત ઓનલાઈન પેમેન્ટનો પણ મોટો સહારો લીધો હતો.

પીજીવીસીએલ ના ઉચ્ચ અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે, આગામી દિવસોમાં પણ બાકી લેણાં મુદ્દે આ ઝુંબેશ વધુ કડક બનાવવામાં આવશે અને ડિફોલ્ટરો સામે કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** વિનોદરાય જીવરાજભાઈ ભીંડોરા (ઉ.વ.૯૧) તે સ્વ. જીવરાજભાઈ ખેતશીભાઈ ભીંડોરા બામણબોર વાળાના પુત્ર, સ્વ. કિશોરભાઈ, સ્વ. કીરીટભાઈના મોટાભાઈ, હરેશભાઈ, કૌશિકભાઈ, વર્ષાબેન, સ્વ. નીતાબેનના પિતા, પ્રવીણભાઈ સોમૈયાના સસરા, સ્વ. રૂગનાથભાઈ વલ્લભભાઈ માણેક વાંકાનેરના જમાઈનું તા. ૨૬ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે. તેમનુ ઉઠમણું તા. ૨૭ ને શુક્રવારે સાંજે ૫ કલાક દરમિયાન શ્રી જાગનાથ મહાદેવ મંદિર, ડો. યાજ્ઞીક રોડ રાજકોટ મુકામે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી સ્વ. ભગવાનજીભાઈ મોહનલાલ પુજારાના પત્ની પ્રભાબેન પુજારા (ઉ.વ.૯૩) તે સ્વ. વસંતભાઈ, સ્વ. કાંતિલાલ, અરુણભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ ભગવાનજીભાઈ પુજારા, સ્વ. ચંદ્રિકાબેન બાવચંદભાઈ ખખ્ખર, ધર્મિષ્ઠાબેન બીપીનકુમાર સુચકના માતા, મનીષ પુજારા, નીલ પુજારાના દાદીનું અવસાન થયેલ છે સ્વ. તુલસીદાસ બાટવીયાના દિકરી, સ્વ. લીલાધર તુલશીદાસ બાટવીયા, સ્વ. શાંતિલાલ તુલસીદાસ બાટવીયાના બેનની પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે. તેમનું બેસણું તા. ૨૮ ને શનિવાર સાંજે ૪ થી ૬ દરમિયાન રાષ્ટ્રીય શાળા, યાજ્ઞીક રોડ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી સ્વ. ભગવાનજીભાઈ મોહનલાલ પુજારાના પુત્ર નરેન્દ્રભાઈ પુજારા તેમજ સ્વ. વસંતભાઈ, સ્વ. કાંતિલાલ, અરુણભાઈ, સ્વ. ચંદ્રિકાબેન, ધર્મિષ્ઠાબેનના ભાઈ, શિલ્પાબેન પુજારા (કોમલ હેન્ડીક્રાફટ) ના પતિ, મનીષભાઈ પુજારાના કાકા, નીલ પુજારા (જય કૈલાસ નમકીન લી.) કોમલ વિશાલભાઈ કારીયાના પિતા, તુલસી નીલ પુજારાના સસરા તેમજ વંશ, ધર્વ, દિવાના દાદા, પ્રિયલના નાનાનું અવસાન થયેલ છે. સ્વ. ધરીજલાલ ખીમજીભાઈ પોપટના જમાઈ, હિતેશ ધીરજલાલ પોપટના બનેવીની પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે. તેમનું બેસણું તા. ૨૮ ને શનિવારે સાંજે ૪ થી ૬ દરમિયાન રાષ્ટ્રીય શાળા, યાજ્ઞીક રોડ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** બ્રહ્મક્ષત્રિય ઈલાબેન મણિલાલ છાટબાર (ઉ.૭૩) તે મનુભાઈ દુલારી, સ્વ. વજુભાઈના ભાઈના પત્ની. સ્વ. ગોરધનદાસ કેશવજી, સ્વ. પરસોત્તમદાસ છાટબાર(બાબરા)ના ભત્રીજાવહુ, મનહરભાઈ, ભૂપતભાઈ, ગિરીશભાઈ, પંકજભાઈ, ભરતભાઈના ભાભીનું તા. ૨૪ના રોજ જેતપુર ખાતે અવસાન થયું છે. બેસણું તા. ૨૮ને શનિવારે, સાંજે ૫ થી૬, બ્રહ્મક્ષત્રિય વાડી, પેડક રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# જૂનાગઢમાં આયુર્વેદ કોલેજ ખાતે યોજાઈ અનોખી કુકિંગ કોમ્પિટિશન

## વસંતઋતુ અને આયુર્વેદને કેન્દ્રમાં રાખીને આયુર્વેદનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ બનાવી 'હેલ્ધી ડીશ'

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

આયુર્વેદ કહે છે, ઋતુઓ મુજબ આહાર લેવો જોઈએ, ત્યારે એ જ વિચારને ધ્યાને રાખી આયુર્વેદનો તબીબી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ વસંતઋતુમાં કયા પ્રકારનો આહાર લેવો જોઈએ? તેને કેન્દ્રમાં રાખી 'હેલ્ધી ડીશ' બનાવી હતી. જે સ્વાદમાં શ્રેષ્ઠની સાથો સાથ આરોગ્યની દ્રષ્ટિએ પણ બેસ્ટ હતી.



જૂનાગઢ આયુર્વેદિક હોસ્પિટલ ખાતે આયુષ મેળા અંતર્ગત આ અનોખી કુકિંગ કોમ્પિટિશનનું આયોજન થયું હતું, જેમાં આયુર્વેદનો તબીબી અભ્યાસ વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓની ૧૫ ટીમોએ આયુર્વેદ મુજબની વાનગીઓ બનાવી અનોખી રીતે પ્રસ્તુત કરી હતી. આ કુકિંગ સ્પર્ધામાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ મોરીંગા મલ્ટીગ્રેન ખાલીપીટ ચાંગેરી ઠેચા, વસંત તડકા, યવ ચાઉમેન, વસંત બહાર, સ્પિનચ પેસ્ટો નુડલ્સ, રાગી ટીકી, રાગી ઢોસા વગેરે જેવી વાનગીઓનો આયુર્વેદ સાથે આધુનિકતાનો સમન્વય સાધીને બનાવવામાં આવી હતી. આ કુકિંગ કોમ્પિટિશનમાં જુદી-જુદી ચાર આયુર્વેદ કોલેજના ૧૫ ટીમના ૪૫ વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

# વડનગર: રેલવે સ્ટેશનનું ડી.આર.એમ.એ નિરીક્ષણ કર્યું

## મંડળ રેલ પ્રબંધકે મુસાફર સુવિધાઓ અને નવી લાઈન પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

અમદાવાદના મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશે વડનગર રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું હતું નિરીક્ષણ દરમિયાન તેમણે રિલે રૂમ,રૂટ રિલે ઈન્ટરલોકિંગ, માસ્ટર કેબિન, બુકિંગ કાઉન્ટર, ફૂટ ઓવર બ્રિજ, પ્લેટફોર્મ અને કેફેટેરિયા સહિત વિવિધ મુસાફર સુવિધાઓનું અવલોકન કર્યું હતું તેમજ સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. જેથી સ્ટેશન પર મુસાફર સુવિધાઓને વધુ સુધારી શકાય.




નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે જણાવ્યું કે વડનગર સ્ટેશન પર રેલ કોચોમાં પાણી ભરવા માટે કોચ વોટરિંગ સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ સુવિધા શરૂ થયા બાદ ટ્રેનોમાં વડનગર સ્ટેશન પરથી જ પાણી ભરવામાં આવી શકશે જેના કારણે મુસાફરોને મુસાફરી દરમિયાન પૂરતું પાણી ઉપલબ્ધ થઈ શકશે. આ ઉપરાંત તેમણે સ્ટેશન પર જનપ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી અને સ્ટેશન નજીક આવેલી રેલવે ક્રોસિંગને પહોળું કરવાની તેમની માંગ પર સકારાત્મક વિચારણા કરવાનો આશ્વાસન આપ્યું.

આ અવસરે મહેસાણા-વરેઠા વિભાગના વરેઠા રેલવે સ્ટેશન પર અંબાજી નવી રેલવે લાઈન પ્રોજેક્ટ હેઠળ મહત્વપૂર્ણ માળખાગત કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયાની માહિતી આપવામાં આવી આ કાર્ય આબુરોડ-તારંગા હિલ નવી લાઈન રેલખંડની ભવિષ્યની કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

# વેરાવળ: સમસ્ત પરજીયા પટ્ટણી સોની સમાજ દ્વારા મીનાબા જાદવનું સન્માન કરાયું



**અબતક,જયેશ પરમાર, પ્રભાસ પાટણ**

વેરાવળ માં સમસ્ત પરજીયા પટ્ટણી સોની સમાજ દ્વારા સ્વ સોની હીરાબેન સતીકુવર ટ્રસ્ટ ગુજરાત પ્રદેશ મહીલા મોરચા મહામંત્રી મીનાબા જાદવ ને સન્માનિત કરવામાં આવ્યા

જુનાગઢ માં યોજાયેલ સમસ્ત પરજીયા પટ્ટણી સોની સમાજ ના પ્રમુખ દ્વારા સ્નેહ મિલન સમારોહ પ્રસંગે ગુજરાત પ્રદેશ મહીલા મોરચા મહામંત્રી અને સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુવર સેવા ટ્રસ્ટ અધ્યક્ષ મીનાબા આર જાદવને આમંત્રણ આપ્યું હતું જેમાં મીનાબા જાદવ દ્વારા આ આમંત્રણને માન આપી પધારેલા જેમા જુનાગઢ સમસ્ત પરજીયા પટ્ટણી સોની સમાજના પ્રમુખ તેમજ મહામંત્રી અને અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને મીનાબા આર જાદવ દ્વારા સ્નેહ મિલન સમારોહ પ્રસંગે પોતાની અમુલ્ય વાણી મંતવ્ય આપ્યા હતા

# વેરાવળ: સોમનાથ સંસ્કૃત વિશ્વ વિદ્યાલય દ્વારા પાંચ દિવસીય કાર્યશાળા યોજાઈ



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગુજરાતરાજ્યસંસ્કૃત બોર્ડ ના આર્થિક સહાયથી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય દ્વારા સંચાલિત મહાવિદ્યાલય વેરાવળ ખાતે , પાંચ દિવસીય કાર્યશાળા આયોજાયેલ છે . જેમાં ( કુલપતિ ) પ્રો.સુકાન્તકુમાર સેનાપતિ મહોદય ના માર્ગદર્શન હેઠળ , (કુલસચિવ )મહેશ કુમાર મેંતરા ની ઉપસ્થિતિ માં પ્રો.વિનોદકુમાર ઝા , ડો.ધીરેન્દ્ર મિશ્રા તથા પ્રણવ ગોગટે ની ઉપસ્થિતિ માં પ્રાતઃ દશ કલાકે કાર્યશાળાનું ઉદ્દઘાટન સત્રના પ્રારંભમાં દીપપ્રજવલન થી તથા વેદ મંત્રોના ઘોષ થી પ્રારંભ થયો ત્યારબાદ ડો. પ્રિયંકાબેન દ્વિવેદી કે જે આ કાર્યક્રમ ની સંચાલિકા છે જેમણે કાર્યક્રમ નો દોર આગળ તરફ સોંપતા ડો. નરેન્દ્રકુમાર પંડ્યા ગુરુજી દ્વારા શાબ્દિક સ્વાગત કરાયું , ત્યાર બાદ ઉપસ્થિત અતિથિમહાનૂભવો નું પુષ્પગુચ્છ તથા શાલ વગેરે દ્વારા સ્વાગત કર્યું

# જૂનાગઢમાં સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ગુરૂવારે સર્વજ્ઞાતિય સમુહ લગ્નોત્સવ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢની જાણીતી સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ જૂનાગઢ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ દાતાઓ અને દરેક સમાજનાં સહયોગ દ્વારા સર્વ જ્ઞાતિય ૪૦મા સમુહ લગ્નનું ભવ્ય આયોજન સવંત ૨૦૮૨ ફાગણ વદ-૨ને તા. ૫-૩-૨૬ ગુરૂવારના રોજ નિધરિલ છે. આ સર્વજ્ઞાતિય સમુહ લગ્નોત્સવનું આયોજન સનાતન હિન્દુ ધર્મશાળા, ગીરનાર તળેટી, ભવનાથ ખાતે કરવામાં આવેલ છે.

આ સર્વ જ્ઞાતીય સમુહ લગ્નમાં ૨૧ નવદંપતિઓ પ્રભુતામાં પગલા પાડનાર છે. આ સમુહ લગ્નને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, અરવિંદભાઈ મારડીયા, દેવીદાસભાઈ નેણસાણી, શાંતાબેન બેસ, ઠાકરશીભાઈ વાઘેલા, કમલેશભાઈ પંડયા, મનિષભાઈ લોઢીયા, અલ્પેશભાઈ પરમાર, નરેન્દ્રભાઈ જોષી (બટુક બાપુ), કે.એસ. પરમાર સહીતનાં સદસ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# સુરેન્દ્રનગર પોલીસે વિદ્યાર્થીઓને સમયસર પરીક્ષા કેન્દ્ર પર પહોંચાડયાં

## ભુલથી ખોટા પરીક્ષા કેન્દ્ર પર આવી ગયેલા વિદ્યાર્થીઓને ૧૧૨ જનરક્ષક વાહનમાં પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચાડ્યા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, અબતક**

સમગ્ર રાજ્ય સાથે સુરેન્દ્રનગર જીલ્લામાં પણ ધો.૧૦ અને ધો.૧૨ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે ત્યારે વઢવાણ ૬૦ ફૂટ રોડ પર આવેલ કે.પી.બોયઝ હાઈસ્કુલના પરિક્ષા કેન્દ્ર પર બોર્ડની પરીક્ષાન ૦૪ વિદ્યાર્થીઓ ભુલ થી આવી પહોંચ્યા હતા. જ્યાં આવીને તેઓએ પોતાની રિશીપ્ટ ચેક કરતા તેમનું પરીક્ષા કેન્દ્ર વઢવાણ લાખુપોળ ખાતે હોવાનું માલુમ પડયું હતું. પરંતુ ત્યાં પહોંચતા સમય લાગે તેમ હોવાથી




વિદ્યાર્થીઓમાં ચિંતાનો માહોલ છવાઈ ગયો હતો. જેની જાણ વિદ્યાર્થીઓએ ફરજ પરના પોલીસ કર્મચારીઓને કરતા બી-ડિવિઝન પોલીસ કર્મચારીઓ દ્વારા ૧૧૨ પોલીસ જનરક્ષક પોલીસ વાહન દ્વારા તમામ વિદ્યાર્થીઓને તેમાં બેસાડી પરીક્ષાના સમય પહેલા વઢવાણ ખાતે પરીક્ષા કેન્દ્ર પર પહોંચાડી માનવતા સભર કામગીરી કરી હતી જે બદલ વિદ્યાર્થીઓએ પોલીસ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કોટડા સાંગાણી પંથકમાં પીજીવીસીએલની મેગા ડિસકનેકશન ડ્રાઈવ: ૨૬.૨૧ લાખની વસુલાત

## મેગા ડીસકનેકશન ડ્રાઈવમાં ૩૯ જોડાણો કાપી નખાયા

**અબતક, સલીમ પતાણી, કોટડાસાંગાણી**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ) દ્વારા વીજ બિલની બાકી રકમની વસૂલાત માટે કડક અભિગમ અપનાવવામાં આવ્યો છે. જે અંતર્ગત ગત તારીખ ૨૫/૦૨ના રોજ કોટડાસાંગાણી વિભાગ હેઠળ મેગા ડિસકનેકશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.



છેલ્લા ૬ મહિનાથી વીજ બિલની ભરપાઈ ન કરનારા ગ્રાહકો સામે કાર્યવાહીમાં કુલ ૨૭૩ ગ્રાહકોની યાદી તૈયાર કરવામાં આવી હતી.

આ ગ્રાહકો પાસે કુલ રૂ.૪૦.૪૩ લાખનું લેણું નીકળતું હતું. ટીમો દ્વારા કરવામાં આવેલી કડક ઉઘરાણીને પગલે રૂ.૨૬.૨૧ લાખની રકમ ગ્રાહકો દ્વારા સ્થળ પર જ જમા કરાવવામાં આવી હતી. વારંવારની સૂચના છતાં નાણાં ન ભરનારા ૩૯ વીજ જોડાણો સ્થળ પર જ કાપી નાખવામાં આવ્યા હતા.

આ કામગીરી કોટડાસાંગાણીના નાયબ ઈજનેર ડી. બી. ધ્રાંગાના માર્ગદર્શન હેઠળ પાર પાડવામાં આવી હતી.

# ગાંધીધામ પીજીવીસીએલની મેગા ડીસ કનેકશન ડ્રાઈવમાં ૩ હજારથી વધુ કલેકશનનો કપાયા

## કચ્છ પંથકમાં ૬.૬૦ કરોડની રિકવરી બાકીદારોમાં ફફડાટ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

રાજયભરમાં પીજીવીસીએલના ચડત બિલ ની ૩૧ માર્ચ પહેલા ચુકવણી લેવા તંત્રએ મેગા ડીસ કનેકશન ડ્રાઈવ હાથ ધરી બાકીદારોના કનેકશન કાપી લેણી રકમ વસૂલ કરવાનું અભિયાન હાથ ધર્યું છે, કચ્છમાં આ ઐતિહાસિક કનેકશન ડ્રાઈવ થી રેકોર્ડ બ્રેક વસુલી કરવામાં સફળતા મેળવી છે કચ્છમાં આ ડ્રાઈવ પૂરી જાહેર કરવામાં આવી છે અને ૩૫૦ ટીમો દ્વારા કુલ ૩૦૦૦ જોડાણો કાપીને ૬.૬૦ કરોડની રિકવરી કરવામાં સફળતા મેળવી છે.

૨૫ ફેબ્રુઆરી એ કચ્છની મેગા ડીસ કનેકશન ડ્રાઈવમાં પૂર્વ અને પશ્ચિમ કચ્છના સમગ્ર ૩૨ સબ ડિવિઝન ઓફિસોમાંથી ૩૫૦ થી વધુ ટીમોને મેદાને ઉતારી ૩૦૦૨ ડીસ કનેકશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી આ વિશાળ ડ્રાઈવમાં અધિકારીઓને સ્ટાફે ઉત્સાહપૂર્વક કામગીરી કરી બાકીદારોમાં ફફડાટ ફેલાવી દીધો હતો આ અભિયાન દરમિયાન પૂર્વ કચ્છમાં ૩.૩૦ કરોડ અને પશ્ચિમ કચ્છમાં પણ ૩.૩૦ કરોડ મળી કુલ ૬.૬૦ કરોડની વસૂલાત કરવામાં આવી હતી પીજીવીસીએલ કંપનીના સૂત્રોએ જણાવ્યું હતું કે ગ્રાહકોને ફરીથી વિનંતી કરાય છે કે બાકી રહેલી તાત્કાલિક સંબંધિત કચેરીઓમાં ભરી આપવા અને ચાજીર્સ માંથી બચવા ઓનલાઈન માધ્યમોથી સમયસર વીજબિલ ભરીને ડીસ કનેકશનની કાર્યવાહીથી બચવાની અપીલ કરવામાં આવી છે.

# ડુમીયાણી: બી.આર.એસ કોલેજ ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી

**અબતક, કિરીટ રાણપરીયા,ઉપલેટા**

કાર્યક્રમની શરૂઆત સર્વ ધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ડો. ઉર્વીશા બહેન નિમાવત એ કાર્યક્રમની ભૂમિકા બાંધી હતી. કોલેજના વિદ્યાર્થી સોંદરવા વિશાલ એ માતૃભાષાના મહત્વ વિશે વાત કરી હતી. હાંડા જયદીપ એ મેઘાણી કૃત સોરઠી બહારવટિયા કૃતિના પ્રસંગો રજૂ કરી,



માતૃભાષાના મહત્વ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. કેરવાડીયા નિર્મળ એ માતૃભાષાની જાળવણી માટે યુવાનોએ આગળ આવવું પડશે, એવી ટકોર કરી હતી. ઠુંમર પ્રદીપ એ ઝવેરચંદ મેઘાણીની ખૂબ જ જાણીતી રચના કસુંબીનો રંગ કાવ્યનું ગાન કરી, મેઘાણીની ભાષા શક્તિનોપરિચય કરાવ્યો હતો. આ પ્રસંગે હિન્દી વિભાગના અધ્યાપક ડો. પારુલબેન ખાંટે પ્રસંગને અનુરૂપ માતૃભાષાના સંવર્ધન માટે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ગુજરાતી વિભાગના અધ્યાપક ડો.વસંત પુરી ગોસ્વામી હતા. તેઓએ વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષાના ઉદ્ભવ અને તેના મહત્વ વિશે માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ડો.ઉર્વશીબેન ખાનપરા, સંસ્થાના નિયામક ડો.ઘનશ્યામસિંહ ગોહિલ અને પ્રિન્સિપાલ ઝાટકિયા ઉપસ્થિત રહી, પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો.ઉર્વિશાબહેન નિમાવતે કર્યું હતું.

# જૂનાગઢ મનપાની સેનીટેશન શાખા દ્વારા પાજનાકા પુલ નીચે સફાઈ અભિયાન હાથ ધરાયું

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢ મનપાની સેનીટેશન શાખા દ્વારા પાજનાકા પુલ નીચે સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું આ અભિયાનમાં ક્લીન અપ જૂનાગઢ તેમજ ફોરેસ્ટ સ્ટાફ, સ્વયં સેવકો પણ સહભાગી થયા હતા અને ૧.૫ ટન જેટલો કચરો એકઠો કર્યો હતો.



જુનાગઢ મનપાની સેનીટેશન શાખાના સુપર વાઈઝર રાજેશ ત્રિવેદી અને ધર્મેશ ચુડાસમા તેમજ ક્લીન અપ જૂનાગઢની ટીમ અને ફોરેસ્ટ સ્ટાફ એ સાથે મળી, ભવનાથ વિસ્તારમાં આવેલ પાંજનકા પુલની નીચે વધુ પ્રમાણમાં ધાર્મિક કચરો એકઠો થયેલ હોય તેથી ૩૦ જેટલા સ્વયં સેવકોની સેવા સાથે સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું અને આશરે ૧.૫ ટન જેટલો કચરા એકઠો કરી, નિકાલ કરવામાં આવ્યો હતો.

# મોટા માંડવા બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૬૪ બોટલ રક્ત એકત્રિત



જરૂરિયાત સમયે વિનામૂલ્યે રક્ત મળી શકશે તેવી મહત્વની સુવિધા પણ જાહેર કરવામાં આવી હતી.

૧૬૪ બોટલ રક્ત અને જવલંત સફળતા

**અબતક, સલીમ પતાણી, કોટડાસાંગાણી**

કોટડાસાંગાણીઃ તાલુકાના મોટા માંડવા ગામે સેવાના ઉમદા હેતુથી ઈતિહાસમાં પ્રથમ વખત ભવ્ય બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ગ્રામજનો અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોએ ભારે ઉત્સાહપૂર્વક રક્તદાન કરી માનવતા મહેકાવી હતી.

જીવનદીપ બ્લડ સેન્ટરનો સહયોગ અને રક્તદાતાઓનું સન્માન આ કેમ્પમાં જીવનદીપ બ્લડ સેન્ટર દ્વારા રક્ત એકત્રિત કરવાની કામગીરી કરવામાં આવી હતી. બ્લડ સેન્ટર દ્વારા તમામ રક્તદાતાઓને પ્રમાણપત્ર આપીને તેઓની આ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિશેષમાં, રક્તદાન કરનાર દાતાના પરિવારના સભ્યોને

ગામના અગ્રણી દિનેશભાઈ ચાવડાના નિવાસસ્થાને યોજાયેલા આ કેમ્પમાં વહેલી સવારથી જ લોકોની ભીડ જામી હતી. પ્રથમવારના આ આયોજનમાં આજુબાજુના ગામોના લોકો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા, જેના પરિણામે કુલ ૧૬૪ બોટલ રક્ત એકત્રિત થયું હતું.

મહાનુભાવોની પ્રેરણાદાયી ઉપસ્થિતિ

# આંકોલવાડી: તપોવન વિદ્યા સંકુલમાં બોર્ડના વિદ્યાર્થીઓને કંકુ તિલક કરી આપ્યો પ્રવેશ



**અબતક, આકોલવાડી**

આજરોજ ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની એક્ઝામ શરૂ થતી હોવાથી આકોલવાડી ગીર તપોવન વિદ્યા સંકુલ માં ધોરણ ૧૦ બોર્ડનું સેન્ટર છે જેમાં ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓને પરીક્ષા સેન્ટરમાં પ્રવેશ આપતા પહેલા દીપ પ્રાગટ્ય કરી ભારત માતાકી જય વંદે માતરમ ના નારા સાથે વિદ્યાર્થીઓને કંકુના ચાંદલા કરી મીઠા મોઢા કરાવી પ્રવેશ આપવામાં આવેલો હતો જેમાં જિલ્લા પ્રમુખ મંજુલાબેન મુછાળ આકોલવાડી ગામના સરપંચ સેજલબેન વઘાસિયા તાલુકા પંચાયતના સદસ્ય અલ્પાબેન વઘાસિયા તેમજ આકોલવાડી ફોરેસ્ટ રેન્જ ઓફિસર આરએફઓ ભાવેશભાઈ રાદડિયા ડોક્ટર હડિયા બધા મહેમાનોએ દીપ પ્રાગટ્ય કરી વિદ્યાર્થીઓને આવકાર્યા હતા.

# વેરાવળ બ્લડ બેંક ખાતે નિશુલ્ક નેત્ર યજ્ઞ યોજાયો




**અબતક, જયેશ પરમાર, વેરાવળ**

વેરાવળ જન સમાજ સેવા સંઘ સ્વ રમેશભાઈ મસાણી બ્લડ બેન્ક વેરાવળ ખાતે દાતાશ્રી રમાબેન અનિલભાઈ પારેખ તથા પારેખ પરિવારના સૌજન્યથી ગીતાબેન પરમાર ડો.ચન્યારા દીપ પ્રગટાવીને નેત્ર યજ્ઞને ખુલ્લો મૂકવામાં આવેલ આ વિનામૂલ્યે નેત્ર યજ્ઞનું અનોખું આયોજન કરવા માં આવ્યું હતું આ કેમ્પને વેરાવળ શહેર તથા આજુબાજુના ગામડા તાલુકા ઘણા દર્દીઓએ લાભ લીધો તમામ દર્દીઓને ચા પાણી નાસ્તો અને જમવાનું સંસ્થા દ્વારા સેવા આપવામાં આવે છે તેમાં જરૂરિયાત દર્દીને વીરનગર લઈ જવામાં આવેલ ઓપરેશન કર્યા પછી ત્રીજા દિવસે વેરાવળ પરત મૂકી જવામાં આવશે આ કેમ્પમાં ૧૨૬ દર્દીએ લાભ લીધેલ

# ઝિમ્બાબ્વેને ૭૨ રનથી કચડી ભારતે સેમિફાઈનલની આશા જીવંત રાખી

## ભારતનો ૨૫૬ રનનો તોતિંગ વિક્રમી સ્કોર, ઝિમ્બાબ્વેના ૧૮૪, હાર્દિકના ૨૩ બોલમાં અણનમ ૫૦ અને અભિષેક ફોર્મમાં આવ્યો, ૫૫ રનની જબરદસ્ત ઈનિંગ રમી

**અબતક, રાજકોટ**

ઓપનર અભિષેક શર્માએ તેનું ફોર્મ પરત મેળવી લેતી અડધી સદી ફટકાર્યા બાદ હાર્દિક પંડ્યા અન તિલક વર્માએ બેટિંગમાં ઝંઝાવાત સર્જતા ભારતે રમાયેલી મેચમાં ઝિમ્બાબ્વે સામે ૭૨ રનથી શાનદાર વિજય હાંસલ કરીને ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં પોતાના સેમિફાઈનલ પ્રવેશની આશા જીવંત રાખી હતી. જો કે ભારતનો બાકી રહેલી એક મેચ જીતવી ફરજિયાત છે પરંતુ તેણે ફોર્મ પરત મેળવ્યાના સંકેત આપી દેતી રમત દાખવી હતી.ચેપોક ખાતે રમાયેલી મેચમાં ઝિમ્બાબ્વેએ ટોસ જીત્યા બાદ ભારતને પ્રથમ બેટિંગ આપી હતી જે કેપ્ટન સિકંદર રઝાની ભૂલ પુરવાર થઈ હતી કેમ કે ભારતે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૫૬ રનનો તોતિંગ સ્કોર ખડકી દીધો હતો જેની સામે ઝિમ્બાબ્વે ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૮૪ રન કરી શક્યું હતું. ભારતની બેટિંગમાં તેના તમામ બેટરનું યોગદાન રહ્યું હતું.વર્તમાન વર્લ્ડ કપમાં અગાઉ ખાતું પણ ખોલાવી નહીં શકેલા અભિષેક શર્માએ ટીમને મજબૂત પ્રારંભ અપાવ્યો હતો. ચોથી ઓવર સુધીમાં તેણે સંજુ સેમસન સાથે મળીને ૪૮ રન ઉમેરી દીધા હતા. સંજુએ પણ મહત્વનું યોગદાન આપતાં ૧૫ બોલમાં ૨૪ રન ફટકાર્યા હતા. અભિષેક તેના મૂળ ફોર્મમાં જણાતો હતો. તેણે માત્ર ૩૦ બોલમાં ચાર સિક્સર અને ચાર ચોગ્ગા સાથે ૫૫ રન ફટકારી દીધા હતા. ઈશાન કિશનને ત્રીજા ક્રમે મોકલાયો હતો પરંતુ તેણે પણ પોતાનું ફોર્મ જાળવી રાખીને ૨૪ બોલમાં આક્રમક ૩૮ રન ફટકાર્યા હતા તો કેપ્ટન સૂર્યકુમાર યાદવે વધુ આક્રમકતા દાખવી હતી. તે માત્ર ૧૩ જ બોલ રમ્યો હતો જેમાં તેણે બે સિક્સર સાથે ૩૩ રન ફટકારી દીધા હતા. જોકે ભારતીય ઈનિંગ્સમાં રનની રમઝટ તો સૂર્યાના આઉટ થયા બાદ જોવા મળી હતી. ૧૫મી ઓવરના પાંચમા બોલે કેપ્ટન સૂર્યકુમાર યાદવ આઉટ થયો ત્યારે હાર્દિકની સાથે તિલક વર્મા જોડાયો હતો. અહીંથી ઝંઝાવાતનો પ્રારંભ થયો હતો. બંનેએ માત્ર ૩૧ બોલમાં ૮૪ રન ઝૂડી નાખ્યા હતા. ઈનિંગ્સના છેલ્લા બોલે અડધી સદી પૂરી કરનારા હાર્દિક પંડ્યાએ ૨૩ બોલમાં ચાર સિક્સર અને બે ચોગ્ગા સાથે અણનમ ૫૦ રન ફટકાર્યા હતા તો તિલક વર્મા તો પોતાના સિનિયર જોડીદાર કરતાં પણ વધારે આક્રમક રહ્યો હતો. તેણે માત્ર ૧૬ જ બોલ રમીને ચાર ચાર સિક્સર અને ચોગ્ગા સાથે અણનમ ૪૪ રન ફટકાર્યા હતા.ટીર૦ વર્લ્ડ કપમાં ભારતનો આ સર્વોચ્ચ સ્કોર અને ટુર્નામિનૂટના ઈતિહાસનો બીજો સર્વોચ્ચ સ્કોર હતો. ભારતીય ઈનિંગ્સમાં ૧૭ સિક્સર જોવા મળી હતી. બેટિંગમાં આવેલા તમામ બેટરે કમસે કમ એક સિક્સર ફટકારી હતી. ૨૫૭ રનના પ્રારંભથી જ કપરા ટારગેટ સામે રમતાં ઝિમ્બાબ્વે માટે ઓપનર બ્રાયન બેનેટે લડાયક બેટિંગ કરી હતી પરંતુ શરૂઆતથી જ તેની ટીમ વિજયથી દૂર રહી ગઈ હતી. ભારત હવે સુપર-૮ની તેની અંતિમ મેચમાં પહેલી માર્ચે વેસ્ટ ઈન્ડિઝ સામે ટકરાશે. આ મેચ તેના માટે જીતવી ફરજિયાત છે.





### ટી-૨૦ વર્લ્ડ કપમાં બીજો સર્વોચ્ચ સ્કોર ભારતના નામે

આઈસીસી ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ગુરુવારે ઝિમ્બાબ્વે સામેની ચેન્નાઈ ખાતેની મેચમાં ભારતે અત્યંત આક્રમક બેટિંગ કરીન ચાર વિકેટે ૨૫૬ રનનો સ્કોર રજૂ કર્યો હતો. ટીર૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં આ બીજો સર્વોચ્ચ સ્કોર રહ્યો હતો. અગાઉ શ્રીલંકાએ ૨૦૦૭માં કેન્યા સામે છ વિકેટે ૨૬૦ રન કર્યા હતા. હજી ત્રણ દિવસ અગાઉ વેસ્ટ ઈન્ડિઝે આ જ હરીફ સામે મુંબઈ ખાતે ૨૫૪ રન નોંધાવ્યા હતા.

### અર્શદીપ-બુમરાહ સિવાયના બોલરો ભારતને દબાણમાં લાવશે

ભારતે ગઈકાલના મેચમાં મોટા અંતરથી જીત મેળવી હતી પરંતુ બોલિંગમાં ફરી એકવાર ખામીઓ દેખાઈ. કેપ્ટન સૂર્યકુમાર યાદવએ પણ સ્વીકાર્યું કે બોલિંગ વધુ ક્લિનિકલ (સચોટ અને અસરકારક) હોવું જોઈએ હતું.શિવમ દુબે જેવા સિક્સ્થ બોલર તરીકેના ખેલાડીએ બે ઓવરમાં ૪૬ રન આપ્યા, જેમાં નો-બોલ અને વાઈડ પણ સામેલ હતા. આવું પ્રદર્શન ટીમ માટે મોટી ચિંતાનો વિષય બન્યું છે.આકાશ ચોપડા જેવા નિષ્ણાતોએ કહ્યું છે કે શિવમ દુબેમાં હાલ કોઈ આત્મવિશ્વાસ નથી, અને છેલ્લી ત્રણ મેચમાં તેણે ૭ ઓવરમાં ૧૧૩ રન આપ્યા છે. આવા ખેલાડીને બોલિંગ આપવી પડે તો ટીમ મુશ્કેલીમાં આવી જાય છે.સ્પિન બોલિંગમાં પણ સમસ્યા છે .વરુણ ચક્રવર્તી અને અક્ષર પટેલ જેવા બોલર્સ રિધમ ગુમાવી રહ્યા છે, જ્યારે ફિંગર સ્પિન સામે ભારતના બેટ્સમેન પણ સંઘર્ષ કરી રહ્યા છે.

### ભારતીય ટીમે ૧૭ સિક્સ ફટકારી

ઝિમ્બાબ્વે સામેની મેચ દરમિયાન ભારતની ઈનિંગ્સમાં ૧૭ સિક્સર જોવા મળી હતી જેમાં અભિષેક શર્મા, હાર્દિક પંડ્યા અને તિલક વર્માની ચાર ચાર સિક્સર સામેલ હતી. ટીર૦ વર્લ્ડ કપમાં ભારતે એક ઈનિંગ્સમાં સૌથી વધુ સિક્સરનો પોતાનો રેકોર્ડ બહેતર બનાવ્યો હતો. અગાઉ તેણે એપ્રિલ ૨૦૨૪માં ઓસ્ટ્રેલિયા સામે ૧૫ સિક્સર ફટકારી હતી.

### રવિવારે જે ટીમ જીતશે તે સેમિફાઈનલમાં પહોંચશે

ગ્રુપ ૧માં પોઈન્ટ ટેબલ પર નજર કરીએ તો સાઉથ આફ્રિકા પહેલાથી જ સેમીફાઈનલમાં સ્થાન મેળવી ચૂક્યું છે, જ્યારે ઝિમ્બાબ્વે બહાર થઈ ગયું છે. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ, બંને ટીમોએ ૨-૨ મેચ રમી છે અને ત્રીજી મેચમાં તેઓ એકબીજા સામે રમવા માટે તૈયાર છે, જેનાથી બીજી સેમીફાઈનલ ટીમ નક્કી થશે. ગ્રુપમાં બાકીની ૨ ટીમો, ભારત અને વેસ્ટ ઈન્ડિઝ, ૨-૨ મેચ રમી ચૂકી છે. તેઓ એકબીજા સામે પોતાની ત્રીજી મેચ રમવાના છે. હાલમાં તેમના ૨-૨ પોઈન્ટ છે. જે ટીમ એકબીજા સામે પોતાની મેચ જીતશે તે ૪ પોઈન્ટ સાથે સેમીફાઈનલમાં પહોંચશે.

# ન્યૂઝીલેન્ડ આજે ઈંગ્લેન્ડને હરાવી સેમિફાઈનલમાં પ્રવેશ માટે રમશે

## અગાઉથી જ ક્વોલિફાઈ થઈ ગયેલી અંગ્રેજ ટીમ માટે વોર્મ અપ, કિવિને જીતવું જરૂરી

**અબતક, રાજકોટ**

શ્રીલંકાને પરાજય આપ્યા બાદ લગભગ સેમિફાઈનલમાં પહોંચી ગયેલી ન્યૂઝીલેન્ડની ટીમ આજે ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડને હરાવીને સેમિફાઈનલમાં પોતાનું સ્થાન સુનિશ્ચિત કરવાના લક્ષ્યાંક સાથે મેદાનમાં ઉતરશે. ઈંગ્લેન્ડની ટીમ પહેલેથી જ સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે, તેથી તેના પર વધારે દબાણ નથી. તેવામાં હેરી બ્રૂકની ટીમ સામે ન્યૂઝીલેન્ડનો માર્ગ આસાન નહીં રહે.ઈંગ્લેન્ડે શ્રીલંકા અને બાદમાં પાકિસ્તાન સામે વિજય મેળવીને અંતિમ-૪માં પોતાનું સ્થાન સુનિશ્ચિત કરી લીધું છે.સુપર-૮માં પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ સામેની મેચ વરસાદમાં ધોવાઈ જતાં બંને ટીમને એક-એક પોઈન્ટ મળ્યા હતા. ન્યૂઝીલેન્ડના સ્પિનર્સે શ્રીલંકા સામે શાનદાર પ્રદર્શન કર્યું હતું. મિચેલ સેન્ટનર, રચિન રવીન્દ્ર, ગ્લેન ફિલિપ્સ, કોલ મેકકોન્ચી પલ્લિકલની તુલનામાં પ્રેમદાસા સ્ટેડિયમમાં વધારે સફળ સાબિત થઈ શકે છે.ન્યૂઝીલેન્ડ માટે ઓપનર ટિમ સેફર્ટ અને ફિન એલન આક્રમક ફોર્મમાં છે પરંતુ શ્રીલંકા સામે તે વધારે સફળ રહ્યા ન હતા. શ્રીલંકા સામે ન્યૂઝીલેન્ડે એક સમયે ૮૬ રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી પરંતુ કેપ્ટન સેન્ટનરની ૪૭ રનની ઈનિંગ્સ અને કોલ મેકકોન્ચીના અણનમ ૩૧ રનની મદદથી ટીમે શાનદાર કમબેક કર્યું હતું અને બાદમાં સ્પિનર્સે તરખાટ મચાવતા કિવિ ટીમે મેચ જીતી લીધી હતી. બીજી તરફ ઈંગ્લેન્ડ ભલે સેમિફાઈનલમાં પહોંચી ગયું હોય પરંતુ ટુર્નામિનૂટમાં તેનું પ્રદર્શન અપેક્ષા પ્રમાણેનું રહ્યું નથી. કેપ્ટન બ્રૂક સારા ફોર્મમાં છે અને તેણે છેલ્લી મેચમાં પાકિસ્તાન સામે સદી ફટકારીને ટીમને એકલા હાથે જીતાડી હતી. જ્યારે અનુભવી ઓપનર જોઝ બટલર અને ફિલ સોલ્ટ જેવા ખેલાડીનો દેખાવ ઘણો જ નિરાશાજનક રહ્યો છે. શ્રીલંકા સામે પોતાના મેચ-વિનિંગ પ્રદર્શન પછી ન્યૂઝીલેન્ડના ઓલરાઉન્ડર રચિન રવીન્દ્રએ કહ્યું હતું કે, ભલે ટુર્નામિનૂટમાં ઈંગ્લેન્ડનું પ્રદર્શન અપેક્ષા પ્રમાણેનું નથી રહ્યું પરંતુ તેને ઓછું આંકવું મોટી ભૂલ સાબિત થઈ શકે છે. સેમિફાઈનલમાં સ્થાન સુનિશ્ચિત કરવા માટે ટીમ એકજૂટ થઈને શાનદાર પ્રદર્શન કરશે. ટીમ આત્મવિશ્વાસથી ભરેલી છે અને તે પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરશે.

### ન્યૂઝીલેન્ડ હારે તો પાકિસ્તાનની સેમિફાઈનલની આશા જીવંત બની શકે

શ્રીલંકા સામે ૬૧ રનના જંગી અંતરથી વિજય નોંધાવીને ન્યૂઝીલેન્ડે તેનો નેટ રન રેટ વધારીને +૩.૦૫૦ કરી દીધો છે અને તેથી જીતીને તે સીધું સેમિફાઈનલમાં પહોંચી જશે. જોકે, જો તે મોટા અંતરથી હારશે તો તેનો માર્ગ મુશ્કેલ બની શકે છે. ઈંગ્લેન્ડ સામે હાર્યા બાદ પાકિસ્તાનનો નેટ રન રેટ -૦.૪૬૧ અને જો ન્યૂઝીલેન્ડ ખરાબ રીતે હારે તો તેના માટે સેમિફાઈનલની આશા જીવંત બની શકે છે. જોકે, તેના માટે પાકિસ્તાને પોતાની અંતિમ મેચમાં શ્રીલંકા સામે જંગી અંતરથી વિજય નોંધાવવો પડશે.



# આઈપીએલ પહેલા વૈભવ સૂર્યવંશીની વિસ્ફોટક બેટિંગ, ૧૪ બોલમાં ફિફ્ટી ફટકારી

**અબતક, રાજકોટ**

આઈપીએલ ૨૦૨૬ પહેલા વૈભવ સૂર્યવંશી ફરી એકવાર શાનદાર ફોર્મમાં જોવા મળી રહ્યો છે. વૈભવે હાલમાં રમાઈ રહેલી ડીવાય પાટિલ ટીર૦ ટૂર્નામિનૂટમાં આ કમાલ કરી બતાવી છે. વૈભવે માત્ર ૧૪ બોલમાં અડધી સદી પૂરી કરી હતી. તેના બેટથી આ ઈનિંગ રન ચેઝ દરમિયાન આવી હતી. વૈભવનું આ ફોર્મ રાજસ્થાન રોયલ્સ માટે મોટા સમાચાર છે.

ડીવાય પાટિલ બ્લૂ તરફથી રમતા વૈભવે ઈન્ડિયન નેવી સામેની મેચમાં ધમાકો કર્યો હતો. આ યુવા બેટ્સમેને ૧૯ બોલમાં ૩૩૧.૫૮ના તોફાની સ્ટ્રાઈક રેટથી ૬૩ રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેના બેટથી ૭ ચોગ્ગા અને ૫ છગ્ગા નીકળ્યા હતા. ઉલ્લેખનીય છે કે, શરૂઆતી ૧૨ બોલમાં જ વૈભવ ૪૩ રનના સ્કોર પર પહોંચી ગયો હતો. ત્યારબાદ તેણે છગ્ગો અને ચોગ્ગો ફટકારીને પોતાની અડધી સદી પૂરી કરી હતી.

પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઈન્ડિયન નેવીની ટીમે ૨૦ ઓવરમાં ૨૧૯/૪ રન બોર્ડ પર લગાવ્યા હતા. ટીમ માટે ઓપનર કુંવર પાઠકે સૌથી મોટી ઈનિંગ રમતા ૫૩ બોલમાં ૧૧ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૮૭ રન બનાવ્યા હતા. આ ઉપરાંત પાંચમા નંબરે ઉતરેલા નીતિન તનવરે ૫૭ રનની ઈનિંગ રમી હતી.ત્યારબાદ રન ચેઝ માટે ઉતરેલી વૈભવ સૂર્યવંશીની ટીમ ડીવાય પાટિલ બ્લૂએ ૫ બોલ બાકી રહેતા એટલે કે ૧૯.૧ ઓવરમાં ૨૨૫/૫ રન બનાવીને જીત મેળવી લીધી હતી. ટીમ માટે વૈભવ ઉપરાંત અર્જુન તેંડુલકરે પણ શાનદાર ઈનિંગ રમી હતી. અર્જુને ૨૯ બોલમાં ૭ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૫૫ રન બનાવ્યા હતા.



# ક્રિકેટર રિંકુ સિંહના પિતાનું નિધનઃ નોઈડાની યથાર્થ હોસ્પિટલમાં લીધા અંતિમ શ્વાસ

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટર રિંકુ સિંહના પિતાનું અવસાન થયું છે. તેમણે ગ્રેટર નોઈડાની યથાર્થ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. રિંકુ સિંહના પિતા, ખાચંદ્ર સિંહ, સ્ટેજ-૪ લીવર કેન્સર સામે લડી રહ્યા હતા. તાજેતરમાં તેમની તબિયત ખૂબ જ બગડી હતી, જેના કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પિતાની બગડતી તબિયતની જાણ થતાં, રિંકુ સિંહને અચાનક ટીમ ઈન્ડિયા છોડીને ઘરે પાછા ફરવું પડ્યું.ખાચંદ્ર સિંહ ઘણા દિવસોથી મિકેનિકલ વેન્ટિલેટર સપોર્ટ પર હતા અને સતત રીનલ રિપ્લેસમેન્ટ થેરાપી લઈ રહ્યા હતા.

ટીર૦ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાના સૌથી મહત્વપૂર્ણ ખેલાડીઓમાંના એક રિંકુ સિંહ ટીમ છોડીને ઘરે પરત ફર્યા છે. ટીમ ઈન્ડિયાએ ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં પ્રેક્ટિસ સેશન યોજ્યું હતું, પરંતુ રિંકુ સિંહે ભાગ લીધો ન હતો. અન્ય ખેલાડીઓ પ્રેક્ટિસ કરતા જોવા મળ્યા હતા. આ પછી જ સમાચાર આવ્યા કે, તેના પિતા ગંભીર રીતે બીમાર છે.આ કારણે રિંકુને ઘરે પરત ફરવું પડ્યું. ૨૮ વર્ષીય ખેલાડી ઉત્તર પ્રદેશના અલીગઢનો રહેવાસી છે.

ભારતીય ટીમના બેટિંગ કોચ સિતાંશુ કોટકે રિંકુ સિંહ વિશે અપડેટ આપતા કહ્યું કે તેના પિતા બીમાર છે અને ઘરે પરત ફર્યા છે.

કોચે વધુમાં પુષ્ટિ આપી હતી કે રિંકુ ટૂંક સમયમાં ટીમમાં જોડાશે. જો કે, આ દુઃખદ સમાચાર પછી, તે ક્યારે ટીમ ઈન્ડિયાનો ભાગ બનશે તે અંગે કંઈ કહી શકાય નહીં.

### ટી-૨૦ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાના સૌથી મહત્વપૂર્ણ ખેલાડી રિંકુ સિંહ ટીમ છોડીને ઘરે પરત ફર્યા

# રાજસ્થાનના બિકાનેર બોર્ડર પર પાકિસ્તાનથી ડ્રોન મારફતે આવેલો હથિયારોનો જથ્થો જપ્ત

## બીએસએફ અને રાજસ્થાન પોલીસના સંયુક્ત ઓપરેશનમાં ૭૦ કિલોનું પાકિસ્તાની ડ્રોન, ૫ ચાઈનીઝ પિસ્તોલ અને ૩૨૫ કારતૂસ મળી આવ્યા

**અબતક, નવી દિલ્હી**

રાજસ્થાનના બિકાનેર જિલ્લાના ખાજુવાલા વિસ્તારમાં સીમા સુરક્ષા દળ અને રાજસ્થાન પોલીસે એક મોટી સફળતા હાંસલ કરી છે. ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાન તરફથી ડ્રોન દ્વારા ભારતીય સીમામાં ફેંકવામાં આવેલ હથિયારોનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ખાજુવાલા પોલીસ સ્ટેશન વિસ્તારના ગ્રામ પંચાયત ૧૪ બીડીના ચક ૨૪ કેએનડીમાં એક ખેડૂતના ખેતરમાં સર્ચ ઓપરેશન દરમિયાન ૮ પેકેટમાં આ હથિયારોનો જથ્થો મળી આવ્યો હતો. બીએસએફ અને પોલીસના આ સંયુક્ત ઓપરેશનમાં આશરે ૭૦ કિલો વજન ધરાવતું એક મોટું ડ્રોન, ચીનની બનાવટની ૫ પિસ્તોલ અને ૩૨૫ જેટલા જીવતા કારતૂસ જપ્ત કરવામાં આવ્યા છે.

બીએસએફના ડેપ્યુટી કમાન્ડન્ટ અને પ્રવક્તા મહેશ ચૌધરીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, પાકિસ્તાન તરફથી ડ્રોન મારફતે ભારતીય ક્ષેત્રમાં મોટી માત્રામાં હથિયારો અને કારતૂસ ઘુસાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલા ડ્રોનનું ૭૦ કિલો જેટલું વજન એ સ્પષ્ટ કરે છે કે આ હથિયારોની ખેપ પાકિસ્તાનથી જ મોકલવામાં આવી છે. ખાજુવાલા સેક્ટરમાં પાકિસ્તાન તરફથી ડ્રોન દ્વારા હથિયારોનો આટલો મોટો જથ્થો પકડાયો હોય તેવી આ પ્રથમ ઘટના છે.આ ઘટના બાદ ખાજુવાલાના સીઓ અમરજીત ચાવલા અને બીએસએફના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસ અને બીએસએફ દ્વારા સમગ્ર વિસ્તારમાં સઘન નાકાબંધી કરીને સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

બિકાનેર પોલીસ રેન્જના ઈન્સ્પેક્ટર જનરલ ઓમ પ્રકાશે જણાવ્યું કે, સરહદ પારથી ડ્રોન મારફતે આવેલા આ હથિયારો મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. હાલમાં સુરક્ષા એજન્સીઓ એ તપાસ કરી રહી છે કે આ હથિયારોનું કન્સાઈનમેન્ટ કોના માટે મંગાવવામાં આવ્યું હતું અને આ ષડયંત્ર પાછળ કયું નેટવર્ક કામ કરી રહ્યું છે.ઉલ્લેખનીય છે કે, પાંચ મહિના અગાઉ પણ પાકિસ્તાન બોર્ડર પર ડ્રોન મારફતે ડ્રગ્સની હેરાફેરીનો મામલો સામે આવ્યો હતો. તે સમયથી જ રાજસ્થાનની એજન્સીઓએ ડ્રોન મારફતે હથિયારો અને ડ્રગ્સની સપ્લાયના જોખમ અંગે ચેતવણી આપી હતી, જેને પગલે સરહદ પર સતર્કતા વધારી દેવામાં આવી હતી.

# મ્યુચ્યુઅલ ફંડ્સમાં હવે આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્કને બદલે ભારતીય એક્સચેન્જોના સ્પોટ પ્રાઈસનો ઉપયોગ કરાશે

## સેબીનો મોટો નિર્ણયઃ ગોલ્ડ અને સિલ્વરના વેલ્યુએશનના નિયમો ૧ એપ્રિલથી લાગુ થશે

**અબતક, નવી દિલ્હી**

માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાએ મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા હોલ્ડ કરવામાં આવતા ફિઝિકલ ગોલ્ડ (સોનું) અને સિલ્વર (ચાંદી) ના વેલ્યુએશન માટેના નિયમોમાં મહત્ત્વનો ફેરફાર કર્યો છે. નવા નિર્દેશો અનુસાર, હવે મ્યુચ્યુઅલ ફંડ્સે સોના અને ચાંદીનું મૂલ્ય નક્કી કરવા માટે માન્યતા પ્રાપ્ત ભારતીય સ્ટોક એક્સચેન્જો દ્વારા પ્રકાશિત 'સ્પોટ પ્રાઈસ'નો ઉપયોગ કરવાનો રહેશે.અત્યાર સુધી, ગોલ્ડ અને સિલ્વર એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ લંડન બુલિયન માર્કેટ એસોસિએશનના બેન્ચમાર્ક ભાવના આધારે તેમના હોલ્ડિંગનું મૂલ્ય નક્કી કરતા હતા, જેમાં કરન્સી કન્વર્ઝન અને કસ્ટમ ડ્યુટી વગેરે ઉમેરવામાં આવતા હતા. સેબીના આ નવા કદમનો મુખ્ય ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે મૂલ્યાંકન ઘરેલુ બજારની વાસ્તવિક સ્થિતિને વધુ સારી રીતે પ્રતિબિંબિત કરે.આ ઉપરાંત, સેબીએ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સના વર્ગીકરણ માળખામાં પણ ધરખમ ફેરફાર કર્યો છે. રોકાણકારો સરળતાથી સ્કીમ્સ ઓળખી શકે તે માટે તેમને ઈક્વિટી, ડેટ, હાઈબ્રિડ, લાઈફ સાયકલ અને અન્ય સ્કીમ્સ એમ પાંચ મુખ્ય કેટેગરીમાં વહેંચવામાં આવી છે. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા સેબીના પરામર્શ સાથે આ નવી વેલ્યુએશન પદ્ધતિના અમલીકરણ માટે ટૂંક સમયમાં સમાન નીતિ જાહેર કરશે.

### નવા નિયમની મુખ્ય અને ધ્યાનમાં રાખવા જેવી બાબતો

- ક્યારથી અમલ? નવો વેલ્યુએશન ફ્રેમવર્ક ૧ એપ્રિલ, ૨૦૨૬ થી સંપૂર્ણપણે અમલમાં આવશે.
- પારદર્શિતા વધશેઃ આંતરરાષ્ટ્રીય ભાવના બદલે ભારતીય એક્સચેન્જોના હાજર ભાવ લેવાતા તમામ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સમાં પારદર્શિતા અને એકરૂપતા આવશે.
- સ્કીમના નામોમાં ફેરફારઃ સેબીના આદેશ મુજબ હવે માત્ર 'વળતર' (રિટર્ન) ને હાઈલાઈટ કરતા શબ્દોનો સ્કીમના નામમાં ઉપયોગ કરી શકાશે નહીં.
- નવી કેટેગરીઃ ગોલ-આધારિત રોકાણ માટે 'લાઈફ સાયકલ ફંડ્સ' નામની નવી ઓપન-એન્ડેડ સ્કીમ રજૂ કરવામાં આવી છે, જે મેચ્યોરિટી નજીક આવતા ઈક્વિટી ઘટાડીને ડેટમાં રોકાણ વધારશે.

# રાજુલામાં કાલે કેન્દ્રીય જળ સંપતિ મંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાશે જળ સંમેલન

## નવા ચેકડેમો બનાવવાનો, બોર રિચાર્જ કરવાનો, તળાવ ઉંડા કરવાનો સંકલ્પ લેવાશે


**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ રાજકોટ અને અંબરીશ ડેર દ્વારા બનાવવામાં આવેલ શ્રી રાજુલા તાલુકા કૃષિ સેવા સહકારી મંડળી રાજુલાના સંયુક્ત ઉપક્રમે આયોજિત જળ સંમેલન કાર્યક્રમ યોજવામાં આવશે. નવા ચેકડેમ બનાવવાનો, બોર રિચાર્જ કરવાનો, તળાવો ઊંડા કરવાનો સંકલ્પનો કાર્યક્રમમાં ૨૮/૦૨/૨૦૧ સાંજે ૪ વાગે રાજુલા માર્કેટીંગ યાર્ડ ખાતે કાર્યક્રમના અધ્યક્ષ તરીકે કેન્દ્રીય કેબિનેટ જળશકિત મંત્રી સી.આર.પાટીલ ઉપસ્થિત રહેશે. જેમા રાજય સરકારના મંત્રી કૌશીકભાઈ વેકરીયા પણ હાજર રહેશે.

ભાજપ મહામંત્રી અનિરૂદ્ધભાઈ દવે, સાંસદ ભરતભાઈ સુતરીયા, ઈફકો ચેરમેન દિલીપભાઈ સંઘાણી, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, ધારાસભ્ય જેવી કાકડીયા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, સહિત રાજુલા જાફરાબાદ ખાંભા વિસ્તારના વિવિધ જ્ઞાતિના અગ્રણીઓ, કાર્યકરો, હોદ્દેદારો મંડળીના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. જળ સંમેલન કાર્યક્રમ પૂર્ણ થયા બાદ માર્કેટીંગ યાર્ડમાં લોક ડાયરો યોજવામાં આવશે. જેમાં લોકસાહિત્યકાર રાજભા ગઢવી, મયુરભાઈ દવે, પોપટભાઈ માલધારી સહિત કલાકારો ઉપસ્થિત રહી ડાયરાની રમઝટ બોલાવવામાં આવશે. પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર દ્વારા આ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેનો લાભ ખેડૂતોને અને આમ જનતાને થશે.

# દ્વારકામાં હોળી-ફુલડોલ ઉત્સવ નિમિત્તે જગત મંદિરે તૈયારીઓનો આખરી ઓપ





## સ્વર્ગ દ્વારથી પ્રવેશ, મોક્ષ દ્વારથી નિકાસ; યાત્રિકોની સુરક્ષા-સગવડ માટે તંત્ર સજ્જ

**અબતક,મહેન્દ્ર કક્કડ
દ્વારકા**

દ્વારકાધામમાં આવનારી હોળી અને ફુલડોલ ઉત્સવને ધ્યાનમાં રાખી રાજ્યભરના વિવિધ જિલ્લાઓમાંથી ભાવિકો પગપાળા સંઘો, રેલ અને રોડ માર્ગે મોટી સંખ્યામાં દ્વારકા તરફ ઉમટી રહ્યા છે. યાત્રાધામમાં દિવસો પહેલાંથી જ ભક્તિમય માહોલ છવાયો છે. વધતા જતા યાત્રિક પ્રવાહને સુવ્યવસ્થિત રીતે સંભાળવા જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ વિભાગ, આરોગ્ય વિભાગ તેમજ મંદિર ટ્રસ્ટ દ્વારા સંયુક્ત સમન્વય સાથે વ્યાપક આયોજન હાથ ધરાયું છે.સુરક્ષા અને ટ્રાફિક બંદોબસ્ત

મંદિર પરિસર તથા આસપાસના વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવશે.



સીસીટીવી કેમેરા મારફતે સતત મોનીટરીંગ, તાત્કાલિક આરોગ્ય સેવા માટે મેડિકલ ટીમ, એમ્બ્યુલન્સ અને ફાયર સેફ્ટી વ્યવસ્થા પણ સજ્જ રાખવામાં આવી છે. શહેરમાં ટ્રાફિક ડાયવર્ઝન અને પાર્કિંગ માટે નિર્ધારિત સ્થળોની વ્યવસ્થા ગોઠવાઈ રહી છે જેથી યાત્રિકોને અવરજવર દરમિયાન મુશ્કેલી ન પડે.યાત્રિકોને પીવાનું શુદ્ધ પાણી, તાત્કાલિક આરામ માટે મંડપ, શૌચાલય અને સ્વચ્છતા જળવાઈ રહે તે માટે નગરપાલિકા દ્વારા વિશેષ સફાઈ અભિયાન હાથ ધરાયું છે. મંદિર પરિસર સહિત મુખ્ય માર્ગો પર બેરિકેડિંગ, માર્ગદર્શક બોર્ડ અને સ્વયંસેવકોની નિમણૂક કરવામાં આવી રહી છે.

### દર્શન માટે વિશેષ માર્ગ વ્યવસ્થા

દ્વારકાધીશ મંદિર ખાતે દર્શનાર્થીઓને રિલાયન્સ રોડ અને કીર્તિ સ્તંભ વિસ્તારથી કતારબદ્ધ રીતે ૫૬ સીડી મારફતે સ્વર્ગ દ્વારેથી પ્રવેશ આપવામાં આવશે. દર્શન પૂર્ણ કર્યા બાદ યાત્રિકોને મોક્ષ દ્વારેથી બહાર નીકળવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ નવી વ્યવસ્થાથી ભીડ નિયંત્રણ સરળ બનશે અને દર્શન પ્રક્રિયા વધુ સુગમ રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

તા. ૩ માર્ચે બપોરે ૨ થી ૩ વાગ્યા દરમિયાન જગતમંદિરમાં ભવ્ય ફુલડોલ ઉત્સવ ઉજવાશે. આ પ્રસંગે વિશેષ પુજન, શૃંગાર અને ધાર્મિક વિધિઓ યોજાશે. ઉત્સવને લઈને ભકતોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને દ્વારકાધામ ફરી એકવાર ભક્તિના રંગે રંગાઈ ઉઠ્યું છે.

# જાંબુડા સીએચસીને ૮ લાખના આધુનિક ‘ટ્રુનેટ ટી.બી મશીન’ની ભેટ

## રાજકોટ-વાડીનાર ટોલવે પ્રા.લિ. દ્વારા આરોગ્ય ક્ષેત્રે પ્રશંસનીય સેવા

**અબતક, સાગર સંઘાણી
જામનગર**

જામનગર જિલ્લામાં આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવાના હેતુથી રાજકોટ-વાડીનાર ટોલવે પ્રા.લિ. (સેકુરા ગ્રુપ કંપની) દ્વારા એક પ્રેરણીય માનવતાવાદી કાર્ય કરવામાં આવ્યું છે. કંપની દ્વારા જાંબુડા સામુહિક આરોગ્ય કેન્દ્રને અંદાજે ₹૮ લાખની કિંમતનું આધુનિક ટ્રુનેટ ટીબી મશીન દાનમાં આપવામાં આવ્યું છે.ક્ષયરોગ (ટીબી) ના નિયંત્રણ માટે સમયસર અને સચોટ નિદાન ખૂબ જ અનિવાર્ય હોય છે. આ નવા મશીનની પ્રાપ્તિથી હવે જાંબુડા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના દર્દીઓના રિપોર્ટ ઝડપથી તૈયાર થશે,




જેના કારણે સમયસર સારવાર શરૂ કરી શકાશે. અગાઉ નિદાન માટે લાંબો સમય લાગતો હતો અથવા દર્દીઓએ શહેર સુધી લંબાવું પડતું હતું, જે મુશ્કેલી હવે દૂર થશે.

આ મશીનના હસ્તાંતરણ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં જાંબુડાના સરપંચ મનસુખભાઈ પરમાર, છજીઝક ના પ્રોજેક્ટ હેડ ધવલ વ્યાસ, મેનેજર તેજસ ભીંડી, ટોલપ્લાઝા મેનેજર ગૌરવ નૈતિયાલ સહિત આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટ-વાડીનાર ટોલવે પ્રા.લિ. દ્વારા કરવામાં આવેલી આ સામાજિક જવાબદારી (ઈજીછ) ની કામગીરીને સ્થાનિક લોકો અને આરોગ્ય વિભાગ દ્વારા બિરદાવવામાં આવી હતી. આ પહેલથી જિલ્લાના ટી બી મુકત અભિયાનને નવું બળ મળશે.

# દ્વારકા: હાઈવે નજીક ૪૦થી વધુ દબાણ પર બુલડોઝર ફરી વળ્યુ

## દ્વારકામાં હાઈવે નજીકના ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી બીજા દિવસે પણ યથાવત

**અબતક, મહેન્દ્ર કક્કડ
દ્વારકા**

યાત્રાધામ દ્વારકામાં વહીવટી તંત્ર દ્વારા કુલડોલ ઉત્સવ પૂર્વે જ ગઈકાલથી શરૂ કરાયેલ ગેરકાદેસર દબાણ હટાવવાની કામગીરી આજે બીજા દિવસે પણ યથાવત રહી હતી. હાઈવે ઓથોરીટીની જગ્યા પર વર્ષોથી જમાવેલા દબાણો પણ તંત્રએ કડક કામગીરી હાથ ધરતા શહેરમાંથી પસાર થતાં હાઈવે માર્ગોમાં હાથી ગેઈટથી ઈસ્કોન ગેઈટ સુધીના વિસ્તારોમાં સપાટો બોલાવી માર્ગમાં અવરોધરૂપ બનતા કાચા-પાકા દબાણોને પોલીસ બંદોબસ્ત સાથે રાખી જેસીબીની મદદથી જમીનદોસ્ત કરવામાં આવી રહ્યા છે. તંત્રની કડક કામગીરીના પગલે દબાણકારોમાં ફફડાટ વ્યાપ્યો છે. સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર તંત્ર દ્વારા આગામી આયોજનરૂપે શહેરના કોમર્શીયલ તેમજ રહેણાંક વિસ્તારોમાં સરકારી જમીનો પરના દબાણકારો પૈકી ૪૦ થી વધુ એકમોને નોટીસ પાઠવવામાં આવી છે. તે જોતા આગામી દિવસોમાં પણ હાઈવે સંલગ્ન દબાણો હટાવવાની કામગીરી હાથ ધરાય તેવી પૂરી સંભાવના છે.

# ધ્રોલ નગરપાલિકા દ્વારા ગાંધી ચોક ખાતે સ્વચ્છતા અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

**અબતક, સંજય ડાંગર
ધ્રોલ**

ધ્રોલ શહેરના મુખ્ય ગાંધી ચોક ખાતે ધ્રોલ નગરપાલિકા દ્વારા ‘સ્વચ્છ ભારત મિશન’ અંતર્ગત સ્વચ્છતા અંગેનો વિશેષ જાગૃતિ સંદેશ આપવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધ્રોલ નગરપાલિકાના ચીફ ઑફિસર ગિરીશભાઈ સરૈયા, પ્રમુખ વિજયભાઈ વાઘેલા તથા ઉપપ્રમુખ રંજનબેન દલસાણીયા ખાસ ઉપસ્થિત




રહ્યા હતા.આ પ્રસંગે ધ્રોલ નગરપાલિકાના સ્વચ્છ ભારત મિશનના બ્રાન્ડ એમ્બેસેડર ડો. દિપ્તીબેન હિરાણીએ હાજર રહીને સ્વચ્છતા અને આરોગ્યના આંતર સંબંધ વિશે ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. નગરપાલિકાના ચીફ ઑફિસર ગિરીશ સરૈયા દ્વારા શહેરને કચરામુક્ત રાખવા અને વહીવટી પ્રક્રિયામાં નાગરિકોના સહકાર અંગે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં તુષારભાઈ ભાલોડીયા સહિત ભાજપના તમામ સભ્યો તેમજ ધ્રોલ નગરપાલિકાના સ્ટાફ અને સફાઈ કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ શહેરના નાગરિકોને સ્વચ્છતા જાળવવા, જાહેરમાં કચરો ન ફેંકવા અને પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા માટે અપીલ કરી હતી.

# એમ. પી. શાહ મેડિકલ કોલેજની સંશોધન ક્ષેત્રે મોટી સિદ્ધિ રિસર્ચ મેથોડોલોજીની ચાર બેચ સફળતાપૂર્વક સંપન્ન

## ૧૩૦ તબીબી શિક્ષકો અને એમબીબીએસના વિદ્યાર્થીઓએ મેળવી સંશોધન કૌશલ્યની તાલીમ; રાજ્યના આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામનું આયોજન

**અબતક, સાગર સંઘાણી
જામનગર**

તબીબી ક્ષેત્રે સંશોધન કાર્યને વધુ સચોટ અને ગુણવત્તાયુક્ત બનાવવાના ઉમદા હેતુ સાથે જામનગરની પ્રતિષ્ઠિત એમ. પી. શાહ સરકારી મેડિકલ કોલેજ દ્વારા ‘મેડિકલ રિસર્ચ ડેવલપમેન્ટ પ્રોગ્રામ’ (MRDP) અંતર્ગત વિશેષ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. રિસર્ચ મેથોડોલોજીના બેઝિક કોર્સની કુલ ચાર બેચના સફળ આયોજન દ્વારા તબીબી શિક્ષણ જગતમાં સંશોધન સંસ્કૃતિને નવો વેગ આપવામાં આવ્યો છે.



રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ સ્ટેટ હેલ્થ સિસ્ટમ્સ રિસોર્સ સેન્ટર (SHSRC) ના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં કુલ ૧૩૦ જેટલા તબીબી શિક્ષકોએ ભાગ લીધો હતો. આ તાલીમનું નેતૃત્વ પી.એસ.એમ. વિભાગના એસોસિએટ પ્રોફેસર ડો. નરેશ મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું. નિષ્ણાત ડોકટરોની ટીમે રિસર્ચ મેથોડોલોજીના વિવિધ ટેકનિકલ પાસાઓ પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ શૈક્ષણિક પહેલની વિશેષતા એ રહી કે તેમાં જામનગરની કોલેજ ઉપરાંત પોરબંદર મેડિકલ કોલેજના ૯ તબીબી શિક્ષકો અને MBBS ના ત્રીજા વર્ષના ૯ વિદ્યાર્થીઓને પણ સાંકળવામાં આવ્યા હતા. મેડિકલના અભ્યાસકાળથી જ વિદ્યાર્થીઓમાં સંશોધન પ્રત્યે રુચિ કેળવાય તેવો પ્રયાસ આ કાર્યક્રમ દ્વારા કરવામાં આવ્યો છે. વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા લેવાયેલું આ પગલું રાજ્યમાં મેડિકલ સંશોધન ક્ષેત્રે આશીર્વાદરૂપ સાબિત થશે.

# જામજોધપુરના લુવાસર ગામે જુગાર રમતા પાંચ ઝડપાયા

**અબતક, ભરત ગોહિલ
જામ જોધપુર**

જામજોધપુર તાલુકાના લુવાસર ગામમાં વાડી વિસ્તારમાં પાડવામાં આવ્યો હતો. શેઠ વડાળા પોલીસે પાડેલા દરોડામાં જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા જેન્તી ભનજીભાઈ મકવાણા, ઈમ્તિયાઝ મુસાભાઈ કુરેશી, કિશન બાબુભાઈ અજુડીયા, બાવનજી વીરાભાઈ પરમાર અને જયંતી જાદવજીભાઈ પટેલની પોલીસે અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૮,૭૦૦ની રોકડ રકમ, ત્રણ મોટરસાયકલ અને મોબાઈલ ફોન સહિત કુલ ૧,૮૮,૭૦૦ની માલમતા કબજે કરી છે.

# એક જ વર્ષમાં પીએસઆઇ સહિત ૪ સરકારી પરીક્ષાઓ પાસ કરતી જામનગરની માનસી ધારવીયા

## જિલ્લા માહિતી કચેરીના સિનિયર કલાર્કે પોલીસ સબ ઈન્સ્પેકટર બની પરિવાર અને જામનગરનું ગૌરવ વધાર્યું

**અબતક, સાગર સંઘાણી
જામનગર**

જામનગર જિલ્લા માહિતી કચેરી ખાતે સિનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા માનસી ધારવીયાએ તાજેતરમાં પોલીસ ભરતી બોર્ડ દ્વારા લેવાયેલ P.S.I. ની પરીક્ષા પાસ કરી પોતાના પરિવાર અને સમાજની સાથે જામનગરનું ગૌરવ વધાર્યું છે. તેમની આ સફળતા એટલે પણ વિશેષ છે કારણ કે છેલ્લા માત્ર એક જ વર્ષના ટૂંકા ગાળામાં તેઓએ



પોતાની પ્રતિભા પુરવાર કરતા લેબ ટેકનીસીયન, જુનિયર કલાર્ક, સિનિયર કલાર્ક અને હવે ડ.જ.ઈ. એમ કુલ ચાર મહત્વની સરકારી પરીક્ષાઓ પાસ કરી છે. નોકરીની જવાબદારીઓ સાથે સતત મહેનત ચાલુ રાખીને મેળવેલી આ શ્રેષ્ઠ સિદ્ધિ બદલ સતવારા સમાજ, પરિવારજનો તેમજ મિત્ર વર્તુળ દ્વારા તેમના પર અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે.

# દ્વારકા: જીવના જોખમે ગોમતી નદી પાર કરતાં ભાવિકો રેસ્કયુ બોટ સ્ટેન્ડ બાય કયારે?



**અબતક, મહેન્દ્ર કક્કડ
દ્વારકા**

દ્વારકામાં ગોમતી નદીના સામા કાંઠે આવેલ પંચનદતીર્થ તથા પંચકુઈ બીચ વિસ્તાર ધાર્મિક દ્રષ્ટિએ તથા સહેલાણીઓની પસંદગીનું સ્થળ હોય ગોમતી નદી પર બનાવાયેલ બેનમૂન સુદામા સેતુ મોરબી બ્રીજ દુર્ઘટના બાદ આશરે સાડા ત્રણ વર્ષથી બંધ હોય ત્યારે યાત્રીકો તથા સહેલાણીઓ સામા કાંઠે જવાનો મોહ છોડી શકતા ન હોય તેમ ગોમતી નદીમાં ઓટના સમયે યા તો ઓછા પ્રવાહના સમયે યાત્રીકો સામા કાંઠે જીવના જોખમે મહિલાઓ - બાળકો સાથે જતાં જોવા મળી રહ્યા છે. તો બીજી તરફ હાલમાં ફુલડોલ ઉત્સવની ભીડભાડ શરૂ થઈ ગઈ હોય હજારો પદયાત્રીઓ - દર્શનાર્થીઓ દ્વારકા આવી રહ્યા છે ત્યારે પણ અને ભૂતકાળમાં ગોમતી નદીમાં ભરતી-ઓટના નિયમથી અજાણ પ્રવાસીઓ તણાયાની દુર્ઘટનાઓ થયેલ હોય આમ છતાં હજુ સુધી તંત્ર દ્વારા રેસ્કયુ બોટ સ્ટેન્ડ બાય સ્થિતિમાં રાખવામાં આવેલ નથી. ઉત્સવ માણવા આવી રહેલ ભાવિકો માટે તડામાર તૈયારીઓ કરતું તંત્ર આ દિશામાં પણ ત્વરિત પગલા ઉઠાવે તે ઈચ્છનીય છે.

# દ્વારકા પદયાત્રીઓની સુરક્ષા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રેડિયમ જેકેટ વિતરણ

**અબતક, સાગર સંઘાણી
જામનગર**

પવિત્ર ફૂલડોલ ઉત્સવ નિમિત્તે દ્વારકા જગત મંદિર ખાતે દર્શનાર્થે જતા હજારો પદયાત્રીઓની સુરક્ષાને ધ્યાને રાખીને જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. માર્ગ અકસ્માતો નિવારવા અને શ્રદ્ધાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાના હેતુથી આર.ટી.ઓ. કચેરી, પોલીસ વિભાગ અને હોમગાર્ડ કચેરી દ્વારા સંયુક્ત રીતે રેડિયમ/રિફલેક્ટીવ જેકેટ વિતરણ માટેનો વિશેષ કેમ્પ યોજવામાં આવ્યો હતો.આ સુરક્ષા અભિયાનમાં રોટરી કલબ ઓફ છોટી કાશી, રોટરેક્ટ કલબ તથા જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન



ટ્રસ્ટ જેવી સામાજિક સંસ્થાઓએ પણ ઉમદા સહયોગ પૂરો પાડ્યો હતો. રાત્રિના સમયે હાઈવે પર પસાર થતા પદયાત્રીઓ વાહનચાલકોને દૂરથી જ દેખાઈ શકે અને અકસ્માતનો ભય ટળે તે માટે બહોળા પ્રમાણમાં રિફલેક્ટીવ જેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વહીવટી તંત્ર અને સેવાભાવી સંસ્થાઓના આ સંયુક્ત પ્રયાસને પદયાત્રીઓએ હૃદયપૂર્વક બિરદાવ્યો હતો. આ કેમ્પ દ્વારા સેંકડો શ્રદ્ધાળુઓને સુરક્ષા કવચ પૂરું પાડી તેમની યાત્રા નિર્વિઘ્ન અને મંગલમય બને તેવો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાલે ગુજરાતમાં: સાણંદમાં સેમિકન્ડકટર પ્લાન્ટનું ઉદઘાટન કરશે

## સાણંદના પ્લાન્ટમાં એસએસડી અને રેમ પ્રકારના સ્ટોરેજ – મેમરી ઉપકરણો બનશે





અબતક, રાજકોટ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આવતીકાલે માદરે વતન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. સાણંદ ખાતે સેમિકન્ડકટર પ્લાન્ટનું ઉદઘાટન કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભગીરથ પ્રયાસોથી ભારત હવે નેશનલ સેમિકન્ડકટર મિશન અંતર્ગત સેમિકન્ડકટર ચીપ ઉત્પાદન ક્ષેત્રમાં પણ ડંકો વગાડવા તૈયાર છે. કાલે ગુજરાતના સાણંદ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી માઈક્રોન ટેક્નોલોજીના અદ્યતન એટીએમપી (એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) પ્લાન્ટનું ઉદઘાટન કરશે. સાણંદમાં માઈક્રોન સેમિકન્ડકટર ટેકનોલોજી ઈન્ડિયા પ્રા. લિમિટેડ દ્વારા રૂ. ૨૨,૫૧૬ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે અને ગુજરાતમાં માઈક્રોનની એટીએમપી સુવિધાના શરૂ થવાથી, ભારતમાં સેમિકન્ડકટર ક્ષેત્રે નવી ક્રાંતિનો શુભારંભ થશે.

સેમિકન્ડકટર ક્ષેત્રે ગુજરાત સમગ્ર દેશમાં નેતૃત્વની ભૂમિકામાં છે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સઘન પ્રયાસોથી સાણંદમાં માઈક્રોનનો પ્લાન્ટ નિર્ધારિત સમયસીમામાં કાર્યરત થવા જઈ રહ્યો છે. આ પ્લાન્ટ એક એટીએમપી (એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) સુવિધા છે જેમાં એસ.એસ.ડી. (સોલિડ સ્ટેટ ડ્રાઈવ-હાર્ડ ડિસ્ક ડ્રાઈવ પ્રકારનું સ્ટોરેજ માટેનું આધુનિક ઉપકરણ) અને રેમ પ્રકારના ડીઆરએએમ અને એનએએનડી ઉત્પાદનો તૈયાર કરવામાં આવશે. સાણંદ પ્લાન્ટમાં અત્યારે ૨૦૦૦ લોકોની ટીમ કાર્યરત છે, જેમાં આગામી સમયમાં ૫ હજાર લોકોને સીધી રોજગારીની

(અનુ. આઠમા પાને)

### સાણંદ જીઆઈડીસીમાં પ્રીમિયમ હોટલ બનાવવા ૫ એકર જમીનની ફાળવણી

સાણંદ ઔદ્યોગિક વસાહતમાં કાર્યરત નેશનલ અને મલ્ટીનેશનલ કંપનીઓ માટે સુવિધાઓમાં વધારો કરવાના ઉદ્દેશથી, હોટલ નિર્માણ માટે પ્લોટની હરાજી પૂર્ણ કરવામાં આવી છે. સાણંદ-૨ ઔદ્યોગિક વસાહતમાં ૨૦૧૬૮.૫૪ ચોરસ મીટર (અંદાજિત ૫ એકર) જેટલો પ્લોટ વિશેષ રીતે પ્રીમિયમ હોટલ નિર્માણ માટે રિઝર્વ કરવામાં આવ્યો હતો.

આ ઈ-હરાજીમાં મહત્તમ બીડ સાથેના ડેવલપરને નિયમોનુસાર પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. ૩ થી ૫ સ્ટાર હોટલના નિર્માણની કામગીરી શરૂ કરવા માટે કંપનીને ચાર વર્ષનો મોરિટોરિયમ પીરિયડ આપવામાં આવ્યો છે. આ હોટલ સિવાય સાણંદ ઔદ્યોગિક વસાહતની ૩ કિલોમીટર નજીક એક ફાઈવ સ્ટાર હોટલ નિર્માણની કામગીરી પણ પ્રગતિમાં છે. આ પ્રકારની વિવિધ મલ્ટીનેશનલ કંપનીઓની હાજરી હોવાથી, અહીં મુલાકાતે આવતા ડેલિગેટ્સ અને કર્મચારીઓને રહેવા માટે આ હોટલની સુવિધા મહત્વપૂર્ણ બનશે.

સાણંદ ઔદ્યોગિક વસાહતમાં ઉદ્યોગોની સુવિધા માટે અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવ્યવસ્થિત કનેક્ટિવિટી હોવાથી ઉદ્યોગોનો સતત વિકાસ થઈ રહ્યો છે. અત્યારે સાણંદ ઔદ્યોગિક વસાહતમાં ૧૧૫૦ ઔદ્યોગિક એકમો કાર્યરત છે. સાણંદમાં મહિલાઓ માટે સમર્પિત મહિલા ઔદ્યોગિક પાર્ક બનાવવામાં આવ્યો છે, જેના દ્વારા મહિલાઓને સશક્ત બનાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

# સોમવારે હોલીકા દહન: રંગોનું પર્વ "ધુળેટી"ની બુધવારે ઉજવાશે



સોમવારે સુર્યાસ્ત બાદ શુભ મુહુર્ત હોળી પ્રગટાવી શકાશે

### હોલીકા દહનનો શુભ સમય

પ્રદોષકાળનો શુભ સમય સાજે ૬:૫૦ થી ૯.૧૮ ચોઘડિયાં પ્રમાણે શુભ સમય ચલ ચોઘડિયું રાત્રે ૬.૫૦ થી ૮.૨૨ સુધી છે.

અબતક, રાજકોટ

સોમવારે સુર્યાસ્ત બાદ હોલીકા દહન કરવામાં આવશે. જ્યારે રંગોના પર્વ ધુળેટીની ઉજવણી બુધવારે કરવામાં આવશે.

ફાગણ શુદ ચૌદસને સોમવારે હોળી છે. સોમવારે સાંજેના ૫.૫૭ કલાકથી પૂનમ તીથીની શરૂઆત થાય છે. જે મંગળવારે સાંજના ૫.૦૯ કલાક સુધી પૂનમ તિથિ છે ખાસ કરીને હોળીમાં પૂનમ ભદ્રા રહીત હોય અને પ્રદોષકાળ વ્યાપીની હોય તેવી પૂનમ લેવી તેવો શાસ્ત્રનો મત છે.

પ્રદોષ કાળ વ્યાપીની પૂનમ સોમવારે છે. મંગળવારે નથી આથી દરેક પંચાંગ પ્રમાણે જ્યોતિષના નિયમ પ્રમાણે હોલિકા દહન હોળી ૨ માર્ચને સોમવારે છે. હોલિકા દહન માટે ભદ્રાના મુખનો ત્યાગ કરવો જોઈએ જે મોડી રાત્રીના આવે છે. આથી સોમવારે દિવસ આથમ્યા પછી શુભ મુહૂર્તમાં હોલિકા દહન કરી શકાશે. હોળાષ્ટક મંગળવારે સાંજે ૫.૦૯ કલાકે પુરા થશે. વર્ષોની પરંપરા છે હોળીની દિશાના આધારે એક માન્યતા પ્રમાણે હોળી પ્રગટયા બાદ જે દિશામાં પવન વાતો હોય તે દિશા પ્રમાણે તે વર્ષના વરસાદની આગાહી કરવામાં આવે છે. ઈશાન ખુણામાં સારો વરસાદ થાય. ૧૬ આની અગ્નિ ખુણામાં પવન વાયતો દુષ્કાળનો ભય રહે. વાયવ્ય ખુણામાં પવન વાપનો સારો વરસાદ થાય. નૈત્રજ્ય ખુણામાં પવન વાય તો સાધારણ વરસાદ થાય. પશ્ચિમ દિશામાં પવન જાય તો ૮ આની ચોમાસુ, દક્ષિણ દિશામાં પવન જાય તો પાક નાશ પામે, પૂર્વે દિશામાં પવન વાય તો કયાંક વરસાદ પડે કપાંકનો પડે. ૧૨ આની વર્ષ ઉત્તર દિશામાં જાય તો વરસાદ સારો કહી શકાય. ધાન્ય સારૂ ઉપરની કોર પવન ચડે તો યુધ્ધ થાય પ્રજા દુઃખી અને હોળીની ઝાર ચારેકોર ફરે તો વાવાઝોડું વંટોળ વાય છે.

સૌપ્રથમ હાથમાં જળ લઈ અને સંકલ્પક કરવો આજના દિવસે મારા શરીરની બધી બાધાઓ દુર થાય રોગ શત્રુ દુર થાય અને સારા આરોગ્યની પ્રાપ્તી થાય ત્યાર બાદ હોળીમાં શ્રીફળ હોમવું ત્યારબાદ અબીલ ગુલાલ કંકુના છાટણા નાખવા ખજૂર અને ધાણી પણ પધરાવી શકાય હોળીમાં લવિંગ કપૂર પણ પધરાવી શકાય છે જેનાથી વાતાવરણ શુદ્ધ બને છે ત્યારબાદ ધર્મ સિંધુ ગ્રંથના નિયમ પ્રમાણે હોળીની ત્રણ પ્રદક્ષિણા ફરવી અને પ્રાર્થના કરવી મારા શરીરની બધી જે બીમારીઓ દુર થાય હોળીના દિવસે પોતાના કુળદેવીના મંત્ર જપ કરવા શ્રેષ્ઠ છે. સાથે હનુમાનજીની ઉપાસના ભૈરવ ઉપાસનાં કરી શકાય જેથી આખુ વર્ષે શાંતિથી પસાર થાય. સરસવ નો દીવો કરી હનુમાનજીને તથા ભૈરવદાદાને હોળીની સાંજે ૨૧ અળદના દાણા ચડાવા પણ શુભ છે અને ફળદાઈ છે.

હાલ કુંભ, મીન તથા મેષ રાશિના જાતકોને મોટી પનોતી તથા સિંહ અને ધન રાશીના લોકોને શનિની નાની પનોતી ચાલે છે. આથી હોળીનાં દિવસે હનુમાન ચાલીસાના પાઠ કરવા હનુમાનજીનું પૂજન કરવું. જેથી પનોતીમાં રાહત રહેશે તથા મીન, વૃશ્ચિક, કર્ક રાશીના લોકોને રાહુ અશુભ ચાલે છે. ગોચરમાં રાહુ અશુભ ચાલતો હોવાથી હોળીનાં દિવસે મહાદેવજીને કાળા તલ ચડાવા તે ઉપરાંત મહાદેવજી ઉપાસનાં હોળીનાં દિવસે ખાસ કરવી જેથી રાહત રહેશે.

હોલિકા દહન બાબતે જોઈએ તો હોલિકા દહન સાંજના દિવસ આથમ્યા પછી પ્રદોષકાળ નો સમય શ્રેષ્ઠ ગણાવવામાં આવ્યો છે અને આ સમય દરમિયાન વૈજ્ઞાનિક રીતના જોઈએ તો હોળીનો તાપ શરીરને મળે તો શરીરની બીમારીઓ દૂર કરવા માટે મદદ કરે છે આથી જ હોળીની પ્રદક્ષિણા ફરવાનું મહત્વ છે ખાસ કરીને હોળીના દિવસ પછીથી ગરમીમાં વધારો થાય છે જે આપણું શરીર છેલ્લા ત્રણેક મહિના થયા ઠંડીમાં રહ્યું હોય અને તુરંત જ ગરમી સહન કરી શકતું નથી આથી આ દિવસો દરમિયાન વાયરલ બીમારીનો વધારો થાય છે એ બીમારી અથવા તો દોષ ના નીવારણ માટે હોળીનો તાપ દરેકને મળવાથી વાયરલ એટલે કે સિઝનલ બીમારી ઓ દૂર થાય છે આ હોળીનું મહત્વ વૈજ્ઞાનિક રીતના પણ ઘણું છે તેમાં પણ ખાસ કરીને ધાણી અને દાળિયા હોળીમાં પધરાવવાનું મહત્વ છે તે ઉપરાંત હોળીમાં કપૂર અને લવિંગ પધરાવાનું મહત્વ છે આ પધરાવાથી વાતાવરણ શુદ્ધ બને છે અને ખજૂર દાળિયા ધાણી ખાવાનું પણ મહત્વ છે તે કફ દૂર કરવામાં શરદી દૂર કરવામાં મદદ કરે છે આ હોળીનો પ્રસાદ પણ આપણને શારીરિક બીમારી દૂર કરવામાં મદદ કરે છે.

આપણે ત્યાં હોળીના દિવસે નાના બાળકને હાઈડો પહેરાવી અને તેમના મામા હોળીની પ્રદક્ષિણા ફરે છે. આ પરંપરા વર્ષોથી ચાલી આવેલ છે. તેમ શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)એ જણાવ્યું હતું.

# દ્વારકામાં મંગળવારે બપોરે ફુલ ડોલ ઉત્સવની ઉજવણી

### ગ્રહણ મોક્ષ બાદ ચંદ્રોદય હોય બપોરે ૨ થી ૩ સુધી ફુલ ડોલ ઉત્સવ ઉજવાશે




અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા

દ્વારકામાં જગત મંદિર ખાતે આગામી મંગળવારે બપોરે ૨ થી ૩ કલાક દરમિયાન ફુલડોલ ઉત્સવની ઉજવણી કરવામાં આવશે શ્રીજી દર્શનમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.

આગામી મંગળવારના રોજ ખગ્રાસ ચંદ્રગ્રહણ હોય આમ છતાં સૌરાષ્ટ્ર કચ્છ સહિત યાત્રાધામ દ્વારકામાં ગ્રહણ મોક્ષ બાદ ચંદ્રોદય થનાર હોય ગ્રહણ પાળવાનું થતું ન હોય જગતમંદિરમાં શ્રીજીના દર્શન ક્રમ – ફુલડોલ ઉત્સવ અંગે જરૂરી ફેરફાર કરાયો છે. યાત્રાધામ દ્વારકામાં સાંજે ૬.૪૭ કલાકે ગ્રહણ મોક્ષ બાદ ૬:૫૯ કલાકે ચંદ્રોદય થનાર હોય દર વર્ષની જેમ બપોરે ફુલડોલ ઉત્સવ ઉજવાશે. મંદિર વહીવટદારની યાદીમાં જણાવ્યાનુસાર પૂનમ – ફુલડોલ

(અનુ. આઠમા પાને)

# દેવામાં ઘટાડો કરવાના રેશિયોમાં ૧૦ વર્ષથી દેશમાં ગુજરાતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન

### ડેબ્ય ટુ જીએસડીપીની નિયમ મર્યાદા ૨૭ ટકા જેવી સામે ગુજરાતનો દર માત્ર ૧૮.૨ ટકા: નીતિ આયોગ મુજબ ગુજરાત પ્રથમ શ્રેણીમાં

અબતક, રાજકોટ

દેવમાં ઘટાડો કરવાના રેશિયામાં દેશના અન્ય રાજયોની સરખામણીએ ગુજરાતનું પ્રદર્શન છેલ્લા દશ વર્ષથી સર્વ શ્રેષ્ઠ રહ્યું છે. ડેબ્ટ ટુ જીએસડીપી રેશિયોની નિયત મર્યાદા ૨૭ ટકા છે જેની સામે ગુજરાતનો દર ૧૮.૨ ટકા રહ્યો છે.

આ અંગે મંત્રી જીતુભાઈ વાઘાણીએ એ ગૃહમાં જણાવ્યું હતું કે, નાણા મંત્રીએ રજૂ કરેલું અંદાજપત્ર ગુજરાતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. તેમણે આંકડાકીય તુલના કરતા જણાવ્યું કે, વર્ષ ૨૦૦૧-૦૨માં આ અંદાજપત્રનું કદ માત્ર રૂ. ૩૬,૦૦૦ કરોડ હતું, જે આજે ૧૧૦૦ ટકાના વધારા સાથે રૂ. ૪,૦૮,૦૫૩ કરોડ થયું છે. તેવી જ રીતે, રાજ્યની માથાદીઠ આવક પણ રૂ. ૧૯,૭૧૩થી વધીને રૂ. ૩,૦૧,૦૦૦ થઈ છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતા ૬૦% વધુ છે. આજે દેશના જીડીપીમાં ગુજરાતનો ફાળો ૮.૨ ટકા છે.

રાજ્યની નાણાકીય તંદુરસ્તી અંગે નીતિ આયોગના 'ફિસ્કલ હેલ્થ ઈન્ડેક્ષ-૨૦૨૫' નો ઉલ્લેખ કરતા મંત્રી વાઘાણીએ જણાવ્યું હતું, ગુજરાત ''એચિવ્વર'' શ્રેણીમાં એટલે કે પ્રથમ કેટેગરીમાં સ્થાન ધરાવે છે. બીજી તરફ, વિપક્ષ શાસિત પંજાબ, કેરળ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યો નાણાકીય વ્યવસ્થાપનમાં સૌથી છેલ્લી 'એસ્પીરેશનલ' કેટેગરીમાં છે. પહેલા બજેટ હંમેશા ખોટવાળા રહેતા, આજે ગુજરાત રૂ. ૨૫,૫૮૬ કરોડની મહેસૂલી પુરાંત ધરાવતું રાજ્ય બન્યું છે.

જ્યારે પણ દેવાની વાત આવે, ત્યારે કોંગ્રેસ જનતાને ગેરમાર્ગે દોરે છે. પરંતુ સત્ય એ છે કે, સરકાર કોઈ ગૃહિણીની જેમ માત્ર બચત કરીને રાજ્ય ન ચલાવી શકે. હાઈવે, બ્રિજ, નર્મદા ડેમ અને હોસ્પિટલો જેવા મોટા કામો માટે જંગી મૂડી જોઈએ. દેવું કરીને મોજશોખ કરવો તે 'બિન-ઉત્પાદક' છે, પણ દેવું કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવું એ ''ઘી પીવા'' સમાન ઉત્પાદક રોકાણ છે, જેના પરિણામે જ આજે ગુજરાત નાણાકીય શિસ્તમાં અવ્વલ છે. મંત્રીશ્રીએ સ્પષ્ટ કર્યું કે, ગુજરાતનું જાહેર દેવું જીએસડીપી માત્ર ૧૮.૨ ટકા છે, જે કાયદાકીય મર્યાદા ૨૭ ટકાથી ઘણું નીચું અને અત્યંત શિસ્તબદ્ધ છે.

આ સંદર્ભે વિપક્ષ પર આકરા પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, ગુજરાતનો ડેબ્ટ ટુ જીએસડીપી રેશિયો ૧૮.૨ ટકા જેટલો નીચો છે, જે નિયત ૨૭ ટકા કરતા ઘણો ઓછો છે, જ્યારે વિપક્ષ શાસિત પંજાબમાં ડેબ્ટ ટુ જીએસડીપી રેશિયો ૪૭ ટકા અને હિમાચલમાં ૪૫ ટકા છે. ગુજરાતનો જીએસડીપી સદ્ધર હોવાથી જ તેને દેવું મળે છે, ભિખારીને કોઈ ઉછીના નાણા ન આપે. અહેવાલ મુજબ, છેલ્લા ૧૦ વર્ષમાં દેવાના રેશિયોમાં ઘટાડો કરવામાં ગુજરાત દેશમાં સર્વશ્રેષ્ઠ છે.

મંત્રીએ વિપક્ષ પર નિશાન સાધતા કહ્યું કે, જે લોકોએ દાયકાઓ સુધી આંખે પાટા બાંધીને રાજકારણ કર્યું છે, તેમને વિકાસનો સૂર્યોદય દેખાતો નથી. તેમણે કોંગ્રેસના શાસનકાળનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસના સમયમાં અંદાજપત્રો માત્ર આંકડાઓની માયાજાળ હતા, જેમાં વિકાસનું કોઈ સંકલિત માળખું નહોતું. તેમના શાસનમાં ભ્રષ્ટાચાર, કૌભાંડો અને 'ગરીબી હટાવો'ના માત્ર પોકળ નારા હતા. કોંગ્રેસની સરકારોએ દેશના અર્થતંત્રને 'અનર્થતંત્ર' બનાવી દીધું હતું. તેમણે જનતાને વાસી ગુલાબ પણ ના આપ્યું. પણ કેટલાક નેતાઓ પોતે દરરોજ તાજા ફૂલો અને પેરીસથી ઈસ્ત્રી થઈને આવેલ કપડા પહેરતા હતા.

ગુજરાત આજે 'પોલીસી ડ્રિવન સ્ટેટ' બન્યું છે. જ્યાં, સેમિકન્ડકટર, આઈ.ટી., બાયોટેકનોલોજી અને રીન્યુએબલ એનર્જી જેવી અનેક આધુનિક

(અનુ. આઠમા પાને)

# સૌરાષ્ટ્ર-કચ્છમાં પીજીવીસીએલનો સપાટો

## રૂ.૮૬.૯૪ કરોડની ઐતિહાસિક વસૂલાત

### 30 હજારથી વધુ કનેક્શન કપાયા: ૨૯૫૧ ટીમો મેદાનમાં ઉતરી નગરપાલિકાઓ પાસેથી રૂ.૨૭ કરોડથી વધુના બાકી લેણાં વસૂલ: ડિફોલ્ટરોમાં ફફડાટ



અબતક, રાજકોટ

સૌરાષ્ટ્ર અને કચ્છ પંથકમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા બાકી વીજ બિલની વસૂલાત માટે અત્યાર સુધીની સૌથી મોટી અને આક્રમક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા છેડવામાં આવેલા આ મેગા ડિસ્કનેકશન અભિયાનમાં રેકોર્ડબ્રેક સફળતા મળતા માત્ર એક જ દિવસમાં કુલ રૂ ૮૬ કરોડ ૯૪ લાખની માતબર રકમ વસૂલ કરવામાં આવી છે, જે વીજ કંપનીના ઈતિહાસમાં એક મોટી સિદ્ધિ માનવામાં આવે છે.

બાકી લેણાં મુદ્દે કડક વલણ અપનાવતા પીજીવીસીએલ ની કુલ ૨૯૫૧ ટીમો દ્વારા સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં ફિલ્ડમાં ઉતરીને સઘન ચેકિંગ અને ડીસ-કનેક્શનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન અંદાજે ૭૮,૬૩૫ ડિફોલ્ટર ગ્રાહકોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાંથી લાંબા સમયથી બિલ ન ભરનાર ૩૦,૮૫૭ ગ્રાહકોના વીજ જોડાણો સ્થળ પર જ કાપી નાખવામાં આવ્યા હતા, જેના પગલે ડિફોલ્ટરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

વીજ વિભાગની આ આક્રમક કાર્યવાહીની સીધી અસર ગ્રાહકો પર જોવા મળી હતી. ટીમો ફિલ્ડમાં ઉતરતા જ હજારો ગ્રાહકોએ ડરના માર્યા સ્વૈચ્છિક રીતે કરોડો રૂપિયાની બાકી રકમ જમા કરાવી દીધી હતી. એટલું જ નહીં, ડ્રાઈવ દરમિયાન ૧૮,૯૫૦ ગ્રાહકો એવા પણ હતા જેમણે કનેકશન કપાયા બાદ તુરંત જ બાકી બિલ અને રી-કનેક્શન ચાર્જ ભરીને વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરાવવાની ફરજ પડી હતી.

આ મેગા (અનુ. આઠમા પાને)


રાજકોટ જિલ્લા ભાજપના ઉપપ્રમુખપદે મનોજભાઈ રાઠોડની વરણી થતાં અભિનંદન



રાજકોટ જિલ્લા ભાજપના ઉપપ્રમુખપદે મનોજભાઈ રાઠોડની વરણી થતાં ખોબલે ખોબલે અભિનંદન

મોબાઈલ નં.:- 9824251663

શુભેચ્છકો

મનસુખભાઈ પી. ડોડીયા | સાગરભાઈ એમ. ડોડીયા
સુનિલભાઈ એમ. ડોડીયા | શિવમ ફેબ્રીકેશન